# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વાનિય દૈનિક

RNI NO.: GUJGUJ/2016/67425

02 MAY, 2026 SATURDAY



પેજ 2



રાજપીપલા ખાતે ઉદ્યોગ સાહસિક જાગૃતિ અને માર્કેટ એક્સેસ" વિષયક સેમિનારનું આયોજન

પેજ 3



યાત્રાધામ અંબાજી બ્રહ્મપુરી માં વરસોથી દેશી દારૂના અડ્ડા ઉપર પોલીસની મીઠી નજર

પેજ 7



લ્યો બોલો! એક દર્દીને અન્ય દર્દીના બ્લડ ગ્રુપની બોટલ ચડાવી

પેજ 5



અમદાવાદ-મહેસાણા હાઈવે પર અજાણ્યા વાહને બેને કચડ્યા



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 47 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


## અમેરિકા પહેલીવાર ઈરાન સામે હાઇપરસોનિક મિસાઇલોનો ઉપયોગ કરી શકે છે

# ઈરાનને પરમાણુ હથિયાર નહી બનાવવા દઈએ: ટ્રમ્પ

## મેં ત્યાં જે કર્યું, સફળ રહ્યું; ઈરાની સરકારે 42 હજાર નિર્દોષોને માર્યા

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર કહ્યું છે કે ઈરાનને પરમાણુ શસ્ત્રો નહીં બનાવવા દેવાય. તેમણે કહ્યું, 'જો તમે (દુનિયા) આની સાથે સહમત છો, તો મેં જે કર્યું તે સંપૂર્ણ સફળતા હતી કારણ કે અમારી સેનાએ તેમને સંપૂર્ણપણે નબળા બનાવી દીધા હતા.' ટ્રમ્પે આરોપ લગાવ્યો કે ઈરાની સરકારે ત્યાં 42,000 નિર્દોષ વિરોધીઓને મારી નાખ્યા છે. 'તેઓ એક આતંકવાદી જૂથ છે, પરંતુ અમે તેમને સંપૂર્ણપણે નબળા પાડી દીધા છે અને તેમની અર્થવ્યવસ્થા બરબાદ થઈ ગઈ છે.'



અમેરિકા પહેલીવાર ઈરાન સામે હાઈપરસોનિક મિસાઈલોનો ઉપયોગ કરી શકે છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) ના કમાન્ડરે ઈરાન સામે સંભવિત હુમલા માટેના વિકલ્પો વિશે રાષ્ટ્રપતિ ટ્રમ્પને માહિતી આપી છે.

ફોક્સ ન્યૂઝ અનુસાર, એડમિરલ બ્રેડ કૂપરે વ્હાઈટ હાઉસ સિચ્યુએશન રૂમમાં ટ્રમ્પ સાથેની બેઠકમાં આ વિકલ્પો રજૂ કર્યા હતા. એવું કહેવામાં આવ્યું હતું કે જો ટ્રમ્પ ફરીથી હુમલો કરવાનું નક્કી કરે છે, તો 'નાનો પણ ખૂબ જ શક્તિશાળી હુમલો' થઈ શકે છે.છેલ્લા 24 કલાકના 5 મોટા અપડેટ્સ

1. ટ્રમ્પની ધમકી: ટ્રમ્પે ટ્રુથ સોશિયલ એકાઉન્ટ પર પોતાનો ફોટો શેર કરીને કહ્યું, તોફાન આગળ વધી રહ્યું છે. તેને કોઈ રોકી શકશે નહીં.

2. ઈરાનનો જવાબ: સુપ્રીમ લીડર મુજતબા ખામેનેઈએ કહ્યું, અમે હુમલાખોરોને સમુદ્રમાં ડુબાડી દઈશું. ફારસની ખાડીમાં તેમના માટે કોઈ જગ્યા નથી.

3. તેલની કિંમત વધી: ગુરુવારે ક્રૂડ ઓઈલની કિંમત ઝડપથી વધીને લગભગ 126 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગઈ. આ 4 વર્ષમાં સૌથી વધુ હતી. બાદમાં તે ઘટીને 115ની આસપાસ પહોંચી.

4. મુજતબાના સ્વાસ્થ્ય પર સસ્પેન્સ: મુજતબા ખામેનેઈના સ્વાસ્થ્ય અંગે હજુ પણ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. તેઓ અત્યાર સુધી ક્યારેય જાહેરમાં જોવા મળ્યા નથી.

5. અમેરિકી એરક્રાફ્ટ પાછું ફર્યું: દુનિયાનું સૌથી મોટું એરક્રાફ્ટ કેરિયર યુએસએસ જેરાલ્ડ આર ફોર્ડ હવે 300 દિવસથી વધુની રેકોર્ડ તૈનાતી પછી અમેરિકા પાછું ફરી રહ્યું છે.

સ્ટેટ ટીવીના રિપોર્ટને ટાંકીને AP એ જણાવ્યું કે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના 14 સભ્યો બૉમ્બના બાકી બચેલા હિસ્સામાં વિસ્ફોટ થવાને કારણે માર્યા ગયા છે. ઈરાની સુરક્ષાની નજીક ગણાતી 'નૂર ન્યૂઝ' વેબસાઈટના અહેવાલ મુજબ, આ બ્લાસ્ટ ઉત્તરી શહેર જંજાન પાસે થયો હતો, જે તેહરાનથી ઉત્તર-પશ્ચિમમાં આવેલું છે.7 એપ્રિલના રોજ યુદ્ધવિરામ શરૂ થયા પછી માર્યા ગયેલા રિવોલ્યુશનરી ગાર્ડના સભ્યોની આ સૌથી મોટી સંખ્યા છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વિસ્ફોટક સામગ્રીમાં લડાઈ દરમિયાન ફેંકવામાં આવેલા ક્લસ્ટર બૉમ્બ અને એર માઈન્સનો સમાવેશ થતો હતો. વ્હાઈટ હાઉસે કહ્યું- ઈરાન યુદ્ધ સમાપ્ત થઈ ગયું છે, ભલે ત્યાં અમેરિકી સૈન્ય તૈનાત હોયAPના રિપોર્ટ મુજબ, વ્હાઈટ હાઉસે કોંગ્રેસને સત્તાવાર રીતે જણાવ્યું કે તે ઈરાન યુદ્ધને સમાપ્ત માને છે, ભલે તે વિસ્તારમાં યુએસ સેના હાજર હોય. ઈરાનના સુપ્રીમ લીડરના X (ટ્વિટર) એકાઉન્ટ પરથી એક પોસ્ટ કરવામાં આવી છે. જેમાં લખ્યું છે- 'શિક્ષકો સાંસ્કૃતિક લડાઈમાં સૌથી અસરકારક કડી છે, અને મજૂરો આર્થિક સંઘર્ષોમાં સૌથી પ્રભાવશાળી હિસ્સો છે.' ટ્રમ્પ સરકારે ઈરાન તરફથી મોકલવામાં આવેલા નવા પ્રસ્તાવ પર જવાબ આપ્યો નથી. જ્યારે વ્હાઈટ હાઉસને પૂછવામાં આવ્યું કે પાકિસ્તાન દ્વારા મોકલવામાં આવેલા ઈરાનના નવા પ્રસ્તાવ પર શું કહેવું છે, ત્યારે વ્હાઈટ હાઉસે કહ્યું કે તેઓ ખાનગી રાજદ્વારી વાટાઘાટો પર નિવેદન કરતા નથી.ડેમોક્રેટિક સાંસદ ટેડ લીયુએ કહ્યું કે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધને કારણે અમેરિકામાં ગેસોલિનના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, અને સામાન્ય લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. તેમણે ટ્વિટર પર લખ્યું કે અમેરિકન લોકો ભારે દબાણ હેઠળ છે જ્યારે ટ્રમ્પ અને તેમના અબજોપતિ મિત્રો વધુ ધનવાન બની રહ્યા છે. રાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું છે કે યુદ્ધ પૂરું થતાં જ ઊર્જાના ભાવ (તેલ અને ગેસના ભાવ) ઉછળેલા પથ્થરની જેમ નીચે આવી જશે.અમેરિકી ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ચેતવણી આપી છે કે જે શિપિંગ કંપનીઓ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા સુરક્ષિત માર્ગ માટે ઈરાનને ચૂકવણી કરે છે, ભલે ચુકવણી ચેરિટીના નામે કરવામાં આવે, તેમને પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે.

## અમેરિકી મહિલા સાંસદે રાષ્ટ્રપતિની માનસિક સ્થિતિ પર ઉઠાવ્યા સવાલ

### રક્ષામંત્રીએ કહ્યું- બાઈડનને કેમ આ નહોતું પૂછ્યું, ડોનાલ્ડ ટ્રમ્પનું મગજ ઠેકાણે છે?

અમેરિકાની હાઉસ આર્મ્ડ સર્વિસિસ કમિટીની સુનાવણી દરમિયાન એક મોટો રાજકીય વિવાદ સામે આવ્યો. ડેમોક્રેટ સાંસદ સારા જેકબ્સે રક્ષા મંત્રી પીટ હેગસેથને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની માનસિક સ્થિતિ અંગે સવાલ પૂછ્યો. જેકબ્સે પોતાના સવાલ દરમિયાન ટ્રમ્પના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર કરવામાં આવેલી તાજેતરની પોસ્ટનો ઉલ્લેખ કર્યો અને તેમની ભાષાની ટીકા કરી. આ દરમિયાન તેમની પાછળ ઉભેલા એક સહાયકે ટ્રમ્પની જૂની પોસ્ટના કટઆઉટ પણ બતાવ્યા. તેમાં તે વિવાદાસ્પદ ઈસુવાળી AI પોસ્ટ પણ સામેલ હતી, જેને બાદમાં હટાવી દેવામાં આવી હતી.સારા જેકબ્સે સીધો સવાલ કરતા કહ્યું, 'શું તમે માનો છો કે રાષ્ટ્રપતિ માનસિક રીતે એટલા સ્થિર છે કે તેઓ કમાન્ડર-ઈન-ચીફની જવાબદારી નિભાવી શકે?' તેના પર પીટ હેગસેથ નારાજ થઈ ગયા. તેમણે પલટવાર કરતા પૂછ્યું, 'શું તમે આ જ સવાલ ચાર વર્ષ સુધી જો બાઈડનને પૂછ્યો હતો?'હેગસેથે કહ્યું કે આ જ ડેમોક્રેટિક પાર્ટીએ બાઈડનનો ત્યારે બચાવ કર્યો હતો જ્યારે તેઓ બરાબર બોલી પણ નહોતા શકતા. તેના પર જેકબ્સે જવાબ



આપ્યો કે 2024ની ચૂંટણીમાં બાઈડન 'અમારા રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર નહોતા.' હેગસેથે આગળ કહ્યું કે તેઓ આ પ્રકારના સવાલ-જવાબમાં સામેલ થવા માંગતા નથી. હાઉસ આર્મ્ડ સર્વિસીસ કમિટીની બેઠકમાં જેકબ્સ અને હેગસેથ વચ્ચે જોરદાર દલીલો થઈ હતી. હેગસેથે ટ્રમ્પનો બચાવ કરતા તેમને સૌથી તેજ અને દૂરંદેશી 'કમાન્ડર ઈન ચીફ' ગણાવ્યા હતા. અમેરિકી રક્ષા મંત્રીએ જેકબ્સને કહ્યું કે, 'તમે કમાન્ડર-ઈન-ચીફ વિશે જે પ્રકારની અપમાનજનક ટિપ્પણી કરી રહ્યા છો, હું તેના પર બિલકુલ ધ્યાન નહીં આપું.

## ન્યૂઝ બ્રિફ

### મમતાએ કહ્યું- કોઈપણ સંજોગોમાં EVM લૂંટવા નહી દઈએ:ભવાનીપુર સ્ટ્રોંગ રૂમમાં 4 કલાક રહ્યા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ગુરુવારે રાત્રે પોતાની બેઠક ભવાનીપુરના EVM સ્ટ્રોંગ રૂમ પહોંચ્યા, જ્યાં તેઓ અંદાજે 4 કલાક રહ્યા. ભાસ્કર રિપોર્ટરે જણાવ્યું કે મમતાએ તમામ ઉમેદવારોને કહ્યું હતું કે તેઓ પોતપોતાની વિધાનસભાના સ્ટ્રોંગ રૂમની બહાર પહોંચે. પોતે મમતા પણ ભવાનીપુરના સ્ટ્રોંગ રૂમ પહોંચ્યા હતા. આ દરમિયાન ભાજપના નેતાઓ પણ ત્યાં હાજર હતા.બહાર આવીને મમતાએ મીડિયાને જણાવ્યું- 'કેન્દ્રીય દળોએ મને અંદર જતી રોકી હતી. હું પરવાનગી લીધા પછી અંદર ગઈ હતી. EVM લૂંટવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, પરંતુ હું આવું થવા દઈશ નહીં.' આ પહેલા તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના નેતાઓએ ગુરુવારે સાંજથી કોલકાતામાં EVM સ્ટ્રોંગ રૂમની બહાર ધરણા કર્યા હતા.

### રાજસ્થાન-મહારાષ્ટ્રમાં પારો હજુ પણ 44C પાર:યુપી-બિહાર અને કર્ણાટકમાં વાવાઝોડા-વરસાદથી 29નાં મોત

છેલ્લા 15 દિવસથી ભીષણ ગરમીનો સામનો કરી રહેલા દેશના મોટા ભાગને ગુરુવારે થોડી રાહત મળી. વાવાઝોડા-વરસાદ અને કરા પડવાને કારણે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, ઝારખંડમાં તાપમાનમાં 3-5C સુધીનો ઘટાડો થયો.પરંતુ ગુરુવારે દેશમાં સૌથી વધુ 44.6C તાપમાન વિદર્ભના ચંદ્રપુરમાં નોંધાયું. આ ઉપરાંત રાજસ્થાનના બાડમેર, જેસલમેર, અમરાવતી અને આંધ્ર પ્રદેશના રેન્ટાચિંતલામાં તાપમાન 44C રહ્યું. હવામાન વિભાગનું કહેવું છે કે આગામી બે અઠવાડિયા ગરમીની અસર થોડી ઓછી રહેશે. 6 મે સુધી વિદર્ભ અને 2-3 મેના રોજ પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાં જ લૂ ફૂંકાવાની શક્યતા છે.શુક્રવારે ઓડિશા, સિક્કિમ, અરુણાચલ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, હિમાલયને અડીને આવેલા બંગાળ અને દક્ષિણ કર્ણાટકમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ છે.હવામાન વિભાગે ચેતવણી આપી છે કે ઘણા વિસ્તારોમાં 50 થી 60 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવનો ફૂંકાઈ શકે છે.

### રાજનાથે કહ્યું- ઓપરેશન સિંદૂર અમારી મરજીથી રોક્યું:ન્યુક્લિયર હુમલાથી ડર્યા નથી

રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગુરુવારે કહ્યું કે ભારતે ઓપરેશન સિંદૂરને પોતાની મરજી અને પોતાની શરતો પર રોક્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે જો જરૂર પડી તો દેશ પાકિસ્તાન વિરુદ્ધ લાંબી લડાઈ માટે સંપૂર્ણપણે તૈયાર છે.રાજનાથ સિંહે કહ્યું કે પાકિસ્તાન તરફથી પરમાણુ હુમલાની ધમકી આપવામાં આવી હતી, પરંતુ ભારત તેનાથી ડર્યું નહીં. તેમણે કહ્યું કે ભારતીય સેનાની સર્જ કેપેસિટી (અચાનક તાકાત વધારવાની ક્ષમતા) પહેલા કરતા વધુ મજબૂત છે.રાજનાથે કહ્યું- ભારત આજે ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) માટે જાણીતું છે જ્યારે પાકિસ્તાનને 'IT એટલે કે ઈન્ટરનેશનલ ટેરરિઝમ'નું કેન્દ્ર માનવામાં આવે છે.સિંહે કહ્યું કે ઓપરેશન સિંદૂર એક ટર્નિંગ પોઈન્ટ હતું, જેણે દુનિયાને બતાવ્યું કે ભારત હવે માત્ર નિવેદનો આપનારો દેશ નથી, પરંતુ સીધી કાર્યવાહી કરે છે.

### હનીટ્રેપ અને ખંડણીખોરો સામે 'મહાનગર મેટ્રો'ની આરપારની જંગ; પવન માકનની કલમ હવે આ 'ધર્મના દલાલો'ને જેલ ભેગા કરીને જ જંપશે.

## 'સફેદપોશ' ગુંડાઓના પાપનો ઘડો ભરાયો: જગત પારેખની 'તોડબાજ' મંડળીના અંતનો આરંભ!

• [ન્યૂઝ ડેસ્ક - અમદાવાદ]

અહિંસા પરમો ધર્મના સૂત્રને વરેલા જૈન સમાજમાં 'ગુંડાગીરી'ના જોરે સામ્રાજ્ય જમાવવાનું સપનું જોનારા તત્વો હવે સાવધાન થઈ જાય! જગત પારેખ, હાર્દિક હુડિયા અને વિક્રમ બાફના– આ એવા નામ છે જેમના કાળા કરતૂતોનો પર્દાફાશ થતાં જ આખી ગેંગના પાયા હલી ગયા છે. પોતાની જાતને સફેદપોશ માનતા આ 'બ્લેકમેઈલર્સ' હવે કાયદાનો ડર બતાવી રહ્યા છે, પણ તેમને ખબર નથી કે સત્ય ક્યારેય કોઈની ધમકીથી દબાતું નથી.

ગાદીપતિનો પડકાર અને આ કાયરોનું મૌન

જ્યારે પાપનો પર્દાફાશ થયો, ત્યારે ગાદીપતિ મહારાજે પોતે મેદાનમાં





આવીને કલ્પેશ સંઘવી અને જગત પારેખને લેખિતમાં પડકાર ફેંક્યો હતો કે જો તમારી પાસે સચ્ચાઈ હોય તો પુરાવા રજૂ કરો. પરંતુ, અઠવાડિયા વીતી ગયા છતાં આ 'તોડબાજ' ટોળકી પાસે નહોતો કોઈ જવાબ કે નહોતી કોઈ હિંમત. વકીલની નોટિસ મળતા જ જેઓ દરમાં ભરાઈ જાય, તે હવે માનહાનિની વાતો કરી રહ્યા છે!

સીધો સવાલ: જેની ઈજ્જત જ 'ખંડણી' અને 'હનીટ્રેપ' પર ટકેલી હોય, તેની વળી માનહાનિ કેવી?

આ છે આ ગેંગની 'મોડસ ઓપરેન્ડી':

* અવરોધ ઊભો કરો: સુરતના વસુ જૈન જિનાલયથી લઈને અમદાવાદ સુધી, કોઈપણ ધાર્મિક બાંધકામમાં અડચણો નાખવી.

* ચરિત્ર હનન: પ્રતિષ્ઠિત લોકોને હનીટ્રેપમાં ફસાવવા અને સોશિયલ મીડિયા પર ફેક ન્યૂઝ ફેલાવવા.

* કરોડોનું સેટલમેન્ટ: અંતે બદનામીનો ડર બતાવીને કરોડો રૂપિયાની ખંડણી (ફિરોતી) વસૂલવી.

એડિટર પવન માકનની ગર્જના: 'ઝૂકશે નહીં આ કલમ'

ગ્રુપ એડિટર પવન માકને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે, 'મહાનગર મેટ્રો જનતાનો અવાજ છે. તમે ધર્મને લૂંટનો ધંધો બનાવ્યો છે, જેને અમે જડમૂળથી ઉખેડી નાખીશું. અમારી કલમ ત્યાં સુધી નહીં થોભે જ્યાં સુધી આ 'સિન્ડિકેટ'ના દરેક સભ્ય જેલના સળિયા પાછળ નહીં હોય.'

ગૃહ વિભાગને અપીલ: 'ગુન્ડા એક્ટ' લગાવો!

આ માત્ર વ્યક્તિગત વિવાદ નથી, પણ એક 'ઓર્ગેનાઈઝડ ક્રાઈમ' છે. મહાનગર મેટ્રો ગુજરાતના ગૃહ વિભાગ અને DGP પાસે માંગ કરે છે કે:

1. આ ગેંગ પર તાત્કાલિક 'ગુન્ડા એક્ટ' હેઠળ કાર્યવાહી કરવામાં આવે.

2. તેમની બેનામી મિલકતોની તપાસ થાય.

3. હનીટ્રેપ નેટવર્કના માધ્યમથી કેટલા લોકોને લૂંટવામાં આવ્યા છે તેની ઊંડી તપાસ થાય.

સમાજ જાગી ગયો છે, હવે આ 'સફેદપોશ' ગુનેગારોની ખેર નથી!

## સોનું 679 વધીને 1.49 લાખ પર પહોંચ્યું:આ વર્ષે સોનું 16 હજાર મોંઘું થયું

• નવી દિલ્હી

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 29 એપ્રિલે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 679 રૂપિયા વધીને 1,48,652 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા તેની કિંમત 1,47,973 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.જ્યારે એક કિલો ચાંદી 582 રૂપિયા વધીને 2,36,882 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા 30 એપ્રિલે તેની કિંમત 2,36,300 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી.2026માં સોનું અત્યાર સુધીમાં 16 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.48 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

આ વર્ષે ચાંદી 7 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025 ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે વધીને 2.37 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે. સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 29 એપ્રિલે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 679 રૂપિયા વધીને 1,48,652 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા તેની કિંમત 1,47,973 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.જ્યારે એક કિલો ચાંદી 582 રૂપિયા વધીને 2,36,882 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા 30 એપ્રિલે તેની કિંમત 2,36,300 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી.2026માં સોનું અત્યાર સુધીમાં 16 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.48 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

આ વર્ષે ચાંદી 7 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025 ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે વધીને 2.37 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

### પાકિસ્તાનમાં 'ઓપરેશન ધુરંધર' ચાલુ:જૈશ-એ-મોહમ્મદનો ટોચનો કમાન્ડર મૌલાના સલમાન અઝહર ખતમ

પાકિસ્તાનના બહાવલપુરથી મોટા સમાચાર સામે આવ્યા છે. આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ- મોહમ્મદના ટોચના કમાન્ડર મૌલાના સલમાન અઝહરનું શંકાસ્પદ મોત થયું છે. શરૂઆતના રિપોર્ટ મુજબ સલમાન અઝહરનું મોત અકસ્માતે થયું. તે બહાવલપુરમાં તેના સંગઠનના માણસો સાથે ચાલીને જઈ રહ્યો હતો ત્યારે પૂરઝડપે ધસી આવેલી કારે તેને ઊડાડી દીધો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે મૌલાના સલમાન અઝહરનું સ્થળ પર જ મોત થયું.માનવામાં આવે છે કે પાકિસ્તાનમાં ઓપરેશન સિંદૂર પછી પણ 'ઓપરેશન ધુરંધર' ચાલી રહ્યું છે અને આ તેનો જ ભાગ હોઈ શકે છે. જૈશના નવેસરથી ઊભા માળખાંને પણ નષ્ટ કરવામાં આવી રહ્યું છે. બે દિવસ પહેલાં 27 એપ્રિલે ખૈબર પખ્તુનખ્વાહના જૈશ-એ-મોહમ્મદના કમાન્ડર યુસુફ આફરીદીને ગોળીઓ મારીને શરીર ચારણી કરી દેવામાં આવ્યું હતું. આ બંને ઘટના નવી નથી. પહેલગામ હુમલા પછી 11 આતંકીઓ માર્યા ગયા છે અને તેના કારણે લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના પાયા હચમચી ગયા છે. જોકે પાકિસ્તાન સરકાર જૈશે આ બાબતની સત્તાવાર પુષ્ટિ કરી નથી.મૌલાના સલમાન અઝહરને લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદમાં ટોચનો કમાન્ડર હતો. જૈશ-એ-મોહમ્મદના સ્થાપક મસૂદ અઝહરનો જમણો હાથ હતો. તેમણે સંગઠનની પ્રવૃત્તિઓમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. તે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ભારત વિરોધી ભડકાઉ ભાષણો આપ્યા કરતો.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ભારત રક્ષા મંચના સુર્યકાન્ત કેલકરજીનો ગુજરાત પ્રવાસ

## 3 થી 9 મે દરમિયાન વિવિધ શહેરોમાં કાર્યક્રમો

ભારત રક્ષા મંચના રાષ્ટ્રીય સંયોજક શ્રી સૂર્યકાંત કેલકરજી 3 થી 9 મે 2026 દરમિયાન ગુજરાતના વિસ્તૃત પ્રવાસે આવશે, જેમાં તેઓ ગાંધીનગર, અમદાવાદ, સોમનાથ, મહેસાણા, વડોદરા, થરાદ અને રાજકોટ સહિતના શહેરોમાં વિવિધ સંગઠનાત્મક બેઠકોમાં ભાગ લેશે.

આ પ્રવાસ દરમિયાન શ્રી કેલકરજી કાર્યકર્તા માર્ગદર્શન કાર્યક્રમો અને જાહેર સંવાદમાં પણ હાજરી આપશે. સંગઠનના સૂત્રધાર તરીકે તેમણે અગાઉ વિદ્યાર્થી પરિષદમાં મધ્ય ક્ષેત્રના સંગઠન મંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી. ત્યારબાદ તેમણે સહકાર ભારતીના રાષ્ટ્રીય સંગઠન મંત્રી તરીકે દેશભરમાં સંગઠનનું મજબૂત માળખું ઊભું કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

હાલમાં શ્રી કેલકરજી ભારત રક્ષા મંચના રાષ્ટ્રીય સંયોજક તરીકે દેશવ્યાપી સ્તરે કાર્યરત છે. તેઓ દેશમાં વધતી ઘુસણખોરી સામે જાગૃતિ લાવવાના અભિયાન સાથે સશક્ત રાષ્ટ્રીય વિચારધારાના પ્રસાર માટે કાર્ય કરી રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ સંગઠન દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા, સાંસ્કૃતિક એકતા અને સંવિધાનિક માળખામાં રાષ્ટ્રીય મૂલ્યોને મજબૂત બનાવવા માટે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.



સંગઠનના સૂત્રો અનુસાર, 'શ્રી કેલકરજીના માર્ગદર્શન હેઠળ સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે કાર્યકર્તાઓ સાથે સંવાદ યોજાશે અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા થશે.' કાર્યક્રમોની વિગતો અનુસાર, તેઓ દરેક શહેરમાં કાર્યકર્તાઓને સંગઠનાત્મક દિશા-નિર્દેશ આપશે તથા રાષ્ટ્રીય મૂલ્યોના પ્રસાર માટે કાર્ય કરશે.

આ પ્રવાસના ભાગરૂપે, ગુજરાત પ્રાંતના તમામ કાર્યકર્તાઓ અને સમર્થકોને કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. સંગઠનના પ્રતિનિધિઓએ જણાવ્યું કે, 'આ કાર્યક્રમો સંગઠનના વિસ્તરણ અને મજબૂતી માટે મહત્વપૂર્ણ રહેશે.'

શ્રી કેલકરજીના પ્રવાસથી સંગઠનના કાર્યકર્તાઓમાં નવી ઊર્જા અને દિશા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. સંગઠનના સૂત્રોએ જણાવ્યું કે, 'પ્રદેશના વિવિધ વિસ્તારોમાં કાર્યક્રમો દ્વારા સંગઠનના કાર્યને વધુ ગતિ મળશે.'આ પ્રવાસ સાથે સંગઠન દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા અને સાંસ્કૃતિક એકતાના મુદ્દાઓને વધુ મજબૂતી મળશે, તેમ સંગઠનના અધિકારીઓએ જણાવ્યું.

લાશ નાખી

### પ્રેમ, દેહ વેપાર ને ભૂતની મર્ડર મિસ્ટ્રી 34 વર્ષે ખૂલી

# રાત્રે બાજુમાં સુઈને પત્નીને પતાવી દઈ કૂવામાં લાશ નાખી ચણતરકામ કર્યું, અમદાવાદના બંધ ઘરમાંથી હવે હાડકાં મળ્યા

**આરોપીના પરિવારજનોને મૃતકનો વારંવાર આભાસ થવા લાગ્યો હતો. આ ડરમાંથી મુક્તિ મેળવવા પરિવાર તાંત્રિક વિધિઓનો સહારો લઈ રહ્યો હતો**

• અમદાવાદ

અમદાવાદના વટવામાં આવેલા કુતુબનગરમાં 1992માં પતિએ જ પત્નીની હત્યા કરીને લાશ દાટી હતી. જેનો ભેદ 29 એપ્રિલ, 2026ના રોજ ખુલ્યો હતો. આ મર્ડર મિસ્ટ્રી એક નજરે જોનાર સાક્ષીના કારણે ઉકેલાઈ છે. પતિએ તેના ભાઈ અને મિત્રો સાથે મળીને પત્નીને પતાવી દઈને ઘરમાં જ દાટી દીધી હતી. આ કેસમાં હવે એક નવો ખુલાસો થયો છે. પત્ની દેહ વેપાર સાથે સંકળાયેલી હોવાથી પતિએ તેનાથી છૂટકારો મેળવવા હત્યા કરી હોવાનો પોલીસ તપાસમાં ઘટસ્ફોટ થયો છે. આ હત્યા કેસના ચાર આરોપી પૈકી બે આરોપીના મોત થયા છે. જ્યારે બે આરોપીની અટકાયત કરવામાં આવી છે.

ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ એ.પી જેબલિયાની ટીમને થોડા સમય અગાઉ માત્ર એટલી માહિતી મળી હતી કે વટવાના કુતુબનગરમાં 34 વર્ષ અગાઉ યુવતીની હત્યા કરી લાશ દાટી દીધી હતી. માત્ર એટલી જ માહિતી હતી અને આટલી જ માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચ કામે લાગી. ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ અને તેમની ટીમ કુતુબનગરમાં સતત તપાસ કરી રહ્યા હતા.10



થી 12 દિવસ સુધી તપાસ કર્યા બાદ એક મકાન ઘણા વર્ષોથી બંધ હોવાનું ધ્યાને આવ્યું. આરોપીના પરિવારજનોને મૃતકનો વારંવાર આભાસ થવા લાગ્યો હતો. આ ડરમાંથી મુક્તિ મેળવવા પરિવાર તાંત્રિક વિધિઓનો સહારો લઈ રહ્યો હતો.

આ બંધ મકાન અંગે આસપાસના લોકોની પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે છેલ્લા 8-10 વર્ષથી મકાન બંધ છે અને લોકોને તેમાં ભૂત હોવાનો ડર છે. જેથી અહીં કોઈ રહી શકતું નથી. આ ઘર બંધ બેસતું હોવાની શંકા પડી એટલે ક્રાઈમબ્રાન્ચનાપીઆઈએ ઉચ્ચઅધિકારીઓની પરવાનગી લઈને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની હાજરીમાં JCBથી મકાન ખોદવાનું શરૂ કર્યું. 29 એપ્રિલના સવારના 8 વાગ્યાથી ખોદવાની કામગીરી શરૂ કરી જે રાતના 10 વાગ્યા સુધી ચાલી.જો કે બપોર સુધીમાં તો માત્ર મૃતદેહના નાના અવશેષો મળતા હતા. બપોર બાદ મૃતદેહના મોટા હાડકાં મળવા લાગ્યા. રાત સુધીમાં શરીરના મોટા ભાગના હાડકા મળી ગયા. ક્રાઈમ બ્રાન્ચનું ટીમ સાથે FSLની ટીમ પણ હાજર હતી. આ તમામ અવશેષો ભેગા કરીને અસારવા સિવિલમાં FSL અને DNA માટે મોકલવામાં આવ્યા હતા.મૃતદેહ મળવાની કામગીરી પૂરી થતા ક્રાઈમ બ્રાન્ચે શંકાસ્પદ આરોપીઓની પૂછપરછ શરૂ કરી. જેમાં સામે આવ્યું કે વર્ષ 1992માં ધોળકામાં રહેતી 17 વર્ષીય સમીરા(નામ બદલ્યું છે)ના લગ્ન સુરત ખાતે કરાવ્યા હતા. પરંતુ સમીરા લગ્ન સંબંધ તોડી પિયરમાં પરત આવી હતી. તેણીએ પિતાના ઘરે પરત આવીને દેહ વેપાર શરૂ કરી દીધો હતો.

જો કે પરિવારને પુત્રીની આ પ્રવૃત્તિ ના ગમતા વિરોધ કરતા હતા. જેથી થોડા સમયમાં જ સમીરા પિતાનું ઘર છોડીને અમદાવાદમાં આવી ગઈ હતી. અમદાવાદમાં આવીને પણ દેહ વેપારની પ્રવૃત્તિ કરતી હતી. આ દરમિયાન સમીરાની મુલાકાત શમસુદીન નામના યુવક સાથે થઈ હતી. શમસુદીન પણ સમીરાને પૈસા આપીને શારીરિક સંબંધ બાંધતો હતો. શરૂઆતમાં બંને વચ્ચે આ રીતે જ સંબંધ થયો હતો. બાદમાં બંને વચ્ચે પ્રેમ થતા બંને લગ્ન કરવાનું નક્કી કર્યું હતું.

સમીરા સાથે દેહ વેપારની પ્રવૃત્તિ ના કરવાની શરતે લગ્ન કરી લીધા હતા. લગ્નના થોડા સમય સુધી બધું બરોબર ચાલી રહ્યું હતું. પરંતુ છ-સાત મહિના બાદ શમસુદીનને જાણ થઈ હતી કે સમીરા હજુ પણ દેહ વેપારની પ્રવૃત્તિઓ કરી રહી છે. શમસુદીને સમીરાને સમજાવી હતી. પરંતુ સમીરા દેહ વેપાર છોડવા તૈયાર નહોતી. જેથી શમસુદીન સમીરાને છૂટા થવાનું કહ્યું હતું ત્યારે પણ સમીરા છૂટા થવાની ના પાડી રહી હતી. શમસુદીનને આ લગ્નનો ભયંકર પસ્તાવો થઈ રહ્યો હતો.શમસુદીન એટલો કંટાળી ગયો કે તેણે પોતાના ભાઈ ઈકબાલ અને મિત્ર અબ્દુલ કરીમને જાણ કરી હતી. આ ત્રણેય શખ્સોએ ભેગા મળીને સમીરાનો કાંટો કાઢી નાંખવાનો નિર્ણય કર્યો હતો. આ ત્રણેય જણાએ હત્યા કરીને જ સમીરાથી છુટકારો મળશે તેવું નક્કી કર્યું હતું.

### શું તેના માટે કોઈ સ્પષ્ટ નિયમ છે?

# "વિકાસ ગાંડો થયો કે વ્યવસ્થા લાચાર? અમદાવાદ ગીતા મંદિર બસ સ્ટેશન પર પેશાબ માટે પણ 5 રૂપિયા!"

**વ્યવસ્થા લાચાર?**

**જો આજે પેશાબ માટે 5 છે, તો કાલે કદાચ શ્વાસ લેવા માટે પણ ટેક્સ લાગશે**

• બ્યૂરો રિપોર્ટ | અમદાવાદ

અમદાવાદના Geeta Mandir Bus Station ખાતે એક એવી પરિસ્થિતિ સામે આવી રહી છે, જે સામાન્ય નાગરિકોને પ્રશ્ન પૂછવા મજબૂર કરે છે– શું હવે મૂળભૂત જરૂરિયાતો માટે પણ ખિસ્સો ખોલવો પડશે?

માહિતી મુજબ, બસ સ્ટેશન પર પેશાબ કરવા માટે પણ 5 વસૂલવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી લોકો સંડાસ (ટોઈલેટ) માટે ચાર્જ લેવાતો હતો તે સમજતા હતા, પરંતુ હવે માત્ર પેશાબ માટે પણ પૈસા ચૂકવવા પડે–આ બાબત લોકોને અચંબામાં મૂકે છે.

પ્રશ્ન માત્ર 5 નો નથી, વિચારનો છે આ મુદ્દો માત્ર પાંચ



રૂપિયાનો નથી, પરંતુ તે સિસ્ટમની માનસિકતા દર્શાવે છે.જ્યાં સામાન્ય માણસ રોજિંદા ખર્ચાઓ વચ્ચે સંઘર્ષ કરી રહ્યો છે, ત્યાં આવી નાની નાની વસૂલાતો લોકો પર વધારાનો બોજ ઉભો કરે છે।

લોકોમાં ગુસ્સો એ વાતનો છે કે– શું સરકાર અથવા એસટી વિભાગ પાસે ટોઈલેટ ક્લીનિંગ સ્ટાફને પગાર આપવાની ક્ષમતા નથી?કે પછી આ બધું કોન્ટ્રાક્ટ સિસ્ટમ હેઠળ નફાખોરીનો ભાગ બની ગયું છે?

સ્વચ્છતા કે વેપાર?

સ્વચ્છ ભારતના નારા વચ્ચે, આવી વસૂલાતો એક મોટો સવાલ ઉભો કરે છે–શું સ્વચ્છતા હવે સેવા રહી નથી, પણ એક વ્યવસાય બની ગઈ છે?

જો પેશાબ જેવી પ્રાથમિક જરૂરિયાત માટે પણ ચાર્જ લેવાશે, તો ગરીબ અને મજૂર વર્ગ શું કરશે?

આવા નિર્ણયોનો સીધો પ્રભાવ સમાજના નબળા વર્ગ પર પડે છે।

પ્રજાનો સવાલ: ક્યારે જાગશે તંત્ર?

સ્થાનિક લોકો અને મુસાફરો હવે સવાલ કરી રહ્યા છે–

શું આ વસૂલાત કાયદેસર છે?

શું તેના માટે કોઈ સ્પષ્ટ નિયમ છે?

અને સૌથી મહત્વનું–શું આ પર કોઈ દેખરેખ છે?

નિષ્કર્ષ

વિકાસ ત્યારે સાચો કહેવાય, જ્યારે તે લોકો માટે સહેલો બને–

નહી કે રોજિંદા જીવનની જરૂરીયાતોને પણ મુશ્કેલ બનાવી દે।

જો આજે પેશાબ માટે 5 છે, તો કાલે કદાચ શ્વાસ લેવા માટે પણ ટેક્સ લાગશે–

આ વ્યંગ્ય નથી, પરંતુ લોકોની અંદર ઊઠતી વ્યથા છે।

હવે પ્રશ્ન એ નથી કે 5 કેમ લેવાય છે,

પ્રશ્ન એ છે કે–આવી પરિસ્થિતિ સામે પ્રજા ક્યારે અવાજ ઉઠાવશે?

# રાજપીપલા ખાતે ઉદ્યોગ સાહસિક જાગૃતિ અને માર્કેટ એક્સેસ" વિષયક સેમિનારનું આયોજન

**દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ ગુજરાત ચેપ્ટર દ્વારા નેશનલ એસસી/એસટી હબ, સુરત બ્રાંચ (ભારત સરકાર)ના સહયોગથી સેમિનાર યોજાયો**

• રાજપીપલા, તા 1

ડૉ. આંબેડકર ભવન, ગાંધીચોક, રાજપીપળા ખાતે દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ (DICCI) ગુજરાત ચેપ્ટર દ્વારા નેશનલ એસસી/એસટી હબ, સુરત બ્રાંચ (ભારત સરકાર)ના સહયોગથી "ઉદ્યોગ સાહસિક જાગૃતિ અને માર્કેટ એક્સેસ" વિષયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના લાભાર્થી તરીકે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના હાલમાં કાર્યરત ઉદ્યોગસાહસિકો તેમજ ભાવિ ઉદ્યોગસાહસિકો હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરને માલ્યાપર્ણ તથા ફૂલહાર અર્પણ કરી અને દીપ પ્રજ્વલિત કરીને કરવામાં આવી હતી.કાર્યક્રમ દરમ્યાન વિવિધ મહાનુભાવોએ માર્ગદર્શન આપ્યું:

ડિક્કી ગુજરાતના પ્રમુખ નીરજકુમારે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. હતું. કુલદીપ સિંહ રાજપુતે નેશનલ એસસી/એસટી હબની વિવિધ



યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. જયારે MSME-DFO અમદાવાદના આસિસ્ટન્ટ ડાયરેક્ટર ઉમેશ શર્માએ ભારત સરકારના MSME મંત્રાલયની યોજનાઓનું વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.યુકો બેંક, વડોદરા બ્રાંચના ચીફ મેનેજરે લોન, બેંકિંગ સિસ્ટમ અને પ્રોજેક્ટ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી.

ONGC મહેસાણા એસેટના રવિ જૈને ONGCની ટેન્ડર પ્રક્રિયા અને ખરીદી પદ્ધતિ અંગે માર્ગદર્શન આપ્યું હતુંઈન્ડિયન રેલ્વેના સતીશ તિવારીએ રેલ્વેની ખરીદી પ્રક્રિયા અને પ્રોડક્ટ સંબંધિત માહિતી આપીહતી. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર (DIC)ના વિમલ ચૌહાણ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યુંહતું.DICCI ગુજરાત ચેપ્ટરના સ્ટેટ કો-ઓર્ડિનેટર કમલેશભાઈ રાણાએ GeM પોર્ટલ અંગે માહિતી આપી હતી. DICCI ગુજરાત ચેપ્ટરના વાઈસ પ્રેસિડેન્ટ પ્રવીણભાઈ ભાટિયાએ DICCI પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું

તસ્વીર :દીપક જગતાપ, રાજપીપળા

# વાવ-થરાદ સરહદી સુઈગામના નેસડા (ગોલપ) ગામે ભર ઉનાળામાં પીવાના પાણીનો ગંભીર સંકટ

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

વાવ-થરાદ જિલ્લાના સુઈગામ તાલુકાના સરહદી વિસ્તારમાં આવેલા નેસડા (ગોલપ) ગામે છેલ્લા એક મહિનાથી પીવાના પાણીની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. ગામના લોકોને રોજિંદા ઉપયોગ માટે પણ પાણી મળતું નથી, જેના કારણે લોકોને દૂર દૂર સુધી પાણી લેવા જવું પડી રહ્યું છે.સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર ચૂંટણી સમયે મોટા મોટા વાયદા કરવામાં આવ્યા હતા, પરંતુ હાલની પરિસ્થિતિમાં કોઈપણ પ્રકારની સુવિધા ઉપલબ્ધ નથી. પાણીના અભાવે માત્ર ગામજનો જ નહીં, પરંતુ ઢોર-ઢાખર પણ પાણી માટે તરસી રહ્યા છે, જે ચિંતાજનક સ્થિતિ સર્જી રહી છે.ગામમાં પાણીનો "કલકલાટ" સર્જાયો છે અને લોકો ભારે પરેશાની અનુભવી રહ્યા છે. આ બાબતે ગામજનોએ પાણી પુરવઠા તંત્રને તાત્કાલિક ધ્યાન દોરવાની માંગ કરી છે.ગામજનોએ ચીમકી આપી છે કે જો તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં નહીં લેવાય તો તેઓ ઉચ્ચ સ્તરે રજૂઆત કરશે અને જરૂરી હોય તો આંદોલનનો માર્ગ પણ અપનાવશે.ઉનાળાની ઋતુમાં



આવી પરિસ્થિતિ યથાવત રહેશે તો ઢોર-ઢાખર પાણીના અભાવે મૃત્યુ પામવાની પણ શક્યતા છે. તંત્રની બેદરકારી સામે ગામ લોકોમાં રોષ વ્યાપ્યો છે અને તેઓ તાત્કાલિક પાણીની સુવિધા પુનઃસ્થાપિત કરવાની માંગ કરી રહ્યા છે.

# હાઈકોર્ટે 15 જૂન સુધી આસારામના હંગામી જામીન વધાર્યા



• અમદાવાદ

દુષ્કર્મના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામને 6 નવેમ્બરે 6 મહિના માટે ગુજરાત હાઈકોર્ટે હંગામી જામીન આપ્યા હતા. જેની મુદત 6 મેના રોજ પૂર્ણ થવાની હતી. આથી આસારામે મેડિકલ ગ્રાઉન્ડ ઉપર ગુજરાત હાઈકોર્ટમાં પોતાના હંગામી જામીન લંબાવવા માટે અરજી કરી હતી. હાઈકોર્ટે આસારામના હંગામી જામીન વધારીને 15 જૂન સુધી લંબાવ્યા છે. 6 નવેમ્બરના રોજ હાઈકોર્ટે આસારામને 2013ના દુષ્કર્મ કેસમાં 6 મહિનાના હંગામી જામીન આપ્યા હતા.અરજદારના વકીલે જણાવ્યું કે,અરજદારને સતત તબીબી દેખરેખ, સમયાંતરે મૂલ્યાંકન અને તાત્કાલિક ઈમરજન્સી સારવારની જરૂરિયાત છે, તેથી તેમના જામીન વધારવા જોઈએ.રજૂઆત કરી હતી કે, રાજસ્થાન હાઈકોર્ટમાં અપીલની સુનાવણી પૂર્ણ થઈ છે અને ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તેથી આ અરજી ધ્યાને લેવી જોઈએ નહીં.

**થરાદમાં ઠાકોર સમાજનો ભવ્ય સમૂહ લગ્નોત્સવ, 20 યુગલોએ બાંધ્યા પવિત્ર સંબંધ**

# ઋષિ ભારતી બાપુનો નારી સન્માન પર જોરદાર સંદેશ, વિવાદિત નિવેદન પર કડક પ્રતિક્રિયા

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

થરાદ ખાતે સદારામ શિક્ષણ મંડળ ટ્રસ્ટ દ્વારા ઠાકોર સમાજનો ચોથો સમૂહ લગ્ન મહોત્સવ ભવ્ય રીતે યોજાયો હતો. આ પાવન પ્રસંગે કુલ 20 યુગલોએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ લગ્નગ્રંથિએ જોડાઈ પોતાના નવા જીવનપ્રવાસની શરૂઆત કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આનંદ, ઉત્સાહ અને સામાજિક એકતાનો અનોખો માહોલ સર્જાયો હતો.

લગ્નોત્સવ સાથે સમાજ સેવા અંતર્ગત રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું,

જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લઈને માનવતાનો ઉત્તમ



સંદેશ આપ્યો હતો.આ પ્રસંગે બનાસકાંઠાના પૂર્વ સાંસદ પરબતભાઈ પટેલ તેમજ રાજ્ય મંત્રી સ્વરૂપજી ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યાહતા.મહાનુભાવો દ્વારા નવદંપતીઓને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા અને ઠાકોર સમાજની શૈક્ષણિક તથા સામાજિક પ્રગતિને બિરદાવવામાં આવી હતી. સમારંભમાં આશીર્વચન આપવા પધારેલા મહંત શ્રી ઋષિ ભારતી બાપુએ પોતાના પ્રવચનમાં નારી સન્માન અને મહિલા સુરક્ષા અંગે અસરકારક સંદેશ આપ્યો હતો. તેમણે પ્રદેશ ભાજપ અગ્રણી જગદીશ વિશ્વકર્માના વિવાદિત નિવેદન પર કડક પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, "નારી શક્તિનો અપમાન સહન ન કરી શકાય. ગેનીબેન ઠાકોર અંગે કરવામાં આવેલી અયોગ્ય ટિપ્પણી અત્યંત નિંદનીય છે."

બાપુએ વધુમાં જણાવ્યું હતું કે સમાજમાં માતૃશક્તિ પ્રત્યે આદર અને સન્માન જાળવવું અત્યંત આવશ્યક છે અને આવા નિવેદનો સામે સજાગ રહી વિરોધ કરવો સમયની માંગ છે.

# યાત્રાધામ અંબાજી બ્રહ્મપુરી માં વરસોથી દેશી દારૂના અડ્ડા ઉપર પોલીસની મીઠી નજર

## અંબાજી પોલીસ હપ્તા ન લેતી હોય તે વાત ગળે ઉતરે તેમ નથી, હપ્તા વગર ગુજરાતમા દારૂ વેચાઈ ન શકે સૌ જાણે છે



યાત્રાધામ અંબાજીમાં દિવસ દરમિયાન લાખોની સંખ્યામાં ભક્તોમાં અંબાના દર્શન કરવા અંબાજી આપતા હોય છે ત્યારે યાત્રાધામ અંબાજી વર્ષોથી દારૂ જુગાર અને અસામાજિક તત્વોથી ભારે ચર્ચામાં રહ્યું છે ત્યારે અંબાજીના બ્રહ્મપુરીવાસમાં વર્ષોથી મહિલા બુટલેગર વર્ષોથી વિદેશી દારૂનું સ્ટેન્ડ ચલાવીને ખુલ્લેઆમ દારૂનું વેચાણ કરે છે ત્યારે સાંજના સમયે દેશી દારૂ પીવા લોકો ની લાઈન લાગતી હોય છે ત્યારે અંબાજી પોલીસના બિડ જમાદાર દર મહિને હજાર રૂપિયાના ઉઘરા ના કરતા હોય છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના એસપી દારૂબંધીને લઈને કડક વલણ અપનાવી રહ્યા છે ત્યારે બનાસકાંઠા એસપી ની દારૂબંધીને લઈ કડક કાર્યવાહીને અંબાજી પોલીસ ગોળીને પી જાય છે ત્યારે ગાંધીનગર ગુજરાતમાં માત્ર દારૂબંધી કાગડો ઉપર જ જોવા મળી રહી છે ત્યારે બનાસકાંઠા એસપી બ્રહ્મપુરીમાં રહેતી મહિલા બૂટલેગર ઉપર કાર્યવાહી કરાવી બીડના જમાદારને યોગ્ય તપાસ કરીને સસ્પેન્ડ કરીને દાખલો બેસાડવામાં આવે તો જ અંબાજીમાં દારૂ બંધ થાય તે જરૂરી છે.

# જામનગર મનપામાં બગીચા માટે રાખેલ જમીનનો ડમ્પયાર્ડ તરીકે ઉપયોગ:હાઇકોર્ટે કહ્યું- તાત્કાલિક ડમ્પીંગ બંધ કરો

ગુજરાત હાઈકોર્ટમાં જામનગરથી 7 અરજદારો દ્વારા અરજી કરવામાં આવી હતી. જેમાં રાજ્ય અને જામનગર મહાનગરપાલિકાને પક્ષકાર બનાવવામાં આવ્યા હતા. અરજીમાં જણાવ્યા મુજબ જામનગરની ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર 03 માં આવેલા ફાઈનલ પ્લોટ નંબર 88 જે વર્ષ 1994થી જાહેર બગીચા માટે અનામત રાખવામાં આવેલ છે.જેમાં અરજદારોનો આક્ષેપ મુજબ આ પ્લોટ બગીચા માટે હતો, ત્યાં કોઈ વિકાસ કરવાને બદલે કોર્પોરેશને તેનો ઉપયોગ કચરાના ડમ્પ યાર્ડ તરીકે કરી રહ્યું છે. પુરાવા તરીકે અરજદારોએ પ્લોટની ખરાબ હાલત દર્શાવતા ફોટોગ્રાફસ કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા.સામે જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશને એવી દલીલ કરી હતી કે આ કાયમી ડમ્પ યાર્ડ નથી.

**મારામારી** — પોલીસ કર્મીએ દંડા લઇને આવેલા શખસોને ભગાડ્યા

# નારોલમાં સામાન્ય અકસ્માત બાબતે લાકડીઓ અને ડંડા વડે મારામારી:ત્રણ મહિલા ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડાયા

## નારોલ વિસ્તારમાં બાગે શિફા રો-હાઉસ ખાતે સામાન્ય અકસ્માતની ઘટનામાં વચ્ચે પડતા મારામારી થઈ હતી

• અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં મારામારીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. જાહેરમાં લાકડી, ડંડા અને છરી વડે માર મારવો સામાન્ય બાબત બની ગઈ છે. નારોલ વિસ્તારમાં બાગે શિફા રો-હાઉસ ખાતે સામાન્ય અકસ્માતની ઘટનામાં વચ્ચે પડતા મારામારી થઈ હતી. મહિલા અને તેના પતિ અન્ય સાગરીતો સાથે આવી સ્થાનિક મહિલા તેમજ તેના પાડોશી સાથે મારામારી કરી હતી. પોલીસને જાણ કરવામાં આવતા નારોલ પોલીસની ગાડી ઘટનાસ્થળ પર પહોંચી હતી. પોલીસની હાજરીમાં જ અસામાજિક તત્વો લાકડી અને દંડા લઈને વધુ માર મારવા જતા હતા. જોકે પોલીસે તેમને અટકાવ્યા હતા અને ત્યારબાદ સમગ્ર મામલે નારોલ પોલીસે બંને પક્ષો અંગેની ફરિયાદ લઈ વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ નારોલ વિસ્તારમાં બાગે શિફા રો-હાઉસ ખાતે હુસેનાબાનુ પઠાણ તેની બહેન શબનમ સાથે રહે છે. 29 એપ્રિલના રોજ રાત્રે 10 વાગ્યે સોસાયટી પાસે બે અજાણ્યા વ્યક્તિ વચ્ચે સામાન્ય અકસ્માત થયો હતો. જેમાં આયેશાબાનુનો ભત્રીજો ઓસામા વચ્ચે પડ્યો




હતો ત્યારે ત્યાં શબનમબાનુએ વચ્ચે પડવાની ના પાડતા ઓસામા ઉશ્કેરાઈ ગયો હતો અને શબનમને ગાળાગાળી કરવા લાગ્યો હતો. બાદમાં આયેશાબાનુએ ફોન કરીને બોલાવતા થોડીવારમાં તેનો દીકરો રેહાન અને પતિ સાજીદ સહિત અલગ અલગ માણસોને બોલાવીને લાવ્યા હતા અને લાકડીઓ તેમજ દંડા વડે મારામારી કરી હતી. ઝઘડો થતા પાડોશી મુવીનાબાનુ ત્યાં આવી ગયા હતા અને રેહાન નામના વ્યક્તિએ તેના હાથમાં રહેલો ડંડો મારી દીધો હતો. મારામારીમાં ત્રણ મહિલાઓને ઈજા થઈ હતી.

10થી 15 લોકો હાથમાં લાકડીઓના ડંડા લઈ સામસામે મારામારી કરવા માટે પહોંચ્યા હતા. ત્યારે 112 નંબર પર ફોન કરવામાં આવ્યો હતો. જેથી તાત્કાલિક ધોરણે નારોલ પોલીસની ગાડી સ્થળ ઉપર પહોંચી હતી. પોલીસ જ્યારે સ્થળ ઉપર પહોંચી ત્યારે પોલીસ કર્મચારી દ્વારા બનાવને અટકાવવા માટે હાથમાં જેટલા પણ લોકો લાકડીઓ અને ડંડા લઈને જઈ રહ્યા હતા તેને રોકવામાં આવ્યા હતા.

શહેરના મણીનગર વિસ્તારમાં પણ પૈસા લેવાની બાબતે મારામારીની ઘટના બની હતી મણિનગરમાં રહેતા માતુલ પંડ્યા નામના યુવકના સંબંધીની દુકાને તેઓ હાજર હતાં. ત્યારે ચાર જેટલા લોકો આવ્યા હતા અને બાકી નીકળતા રૂપિયાની ઉઘરાણી કરી હતી ગાળા ગાળી કરી અને બોલાચાલી કરી હતી. જેમાં છરી અને ચપ્પુ લઈને મારવા જતા તેને રોકવામાં આવ્યા હતા. બાકી નીકળતા પૈસાને લઈને યુવકના સંબંધી અને તેના પિતાને ગાળા ગાળી કરી હતી અને ધક્કો મારીને પાડી દીધા હતા આ સમગ્ર મામલે મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.શબનમ નામની મહિલાએ જણાવ્યું હતું કે મારા ભાણીયાના લગ્ન હતા ત્યારે અકસ્માતની સામાન્ય ઘટના બની હતી. જેમાં આયેશાને ફોન કર્યો કે તમારા છોકરાઓની માથાકૂટ થઈ છે પરંતુ બીજા લોકોની માથાકૂટ હતી ત્યારબાદ લાકડીઓને દંડાઓ સાથે લોકોને લઈને આવી હતી અને મારામારી અને તોડફોડ કરી હતી. જેમાં મારી બહેન અને પાડોશીને ઈજા થઈ હતી. લાકડીઓ અને ડંડા વડે માર મારવામાં આવ્યો છે અને તમામના ફોટા પણ અમારી પાસે છે. નારોલ પોલીસ દ્વારા બંને પક્ષે સામ સામે મારા મારી અંગેની ફરિયાદ લઈને એકબીજા વિરુદ્ધ ચારથી પાંચ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. અકસ્માત જેવી સામાન્ય બાબતમાં બે પરિવારના લોકો આમને સામને આવી જઈ અને મારા મારી કરી હતી. શહેરના વટવા અને નારોલ વિસ્તારમાં આરોપી આયેશાબાનુ ઉર્ફે આશાનો આતંક હોવાનું સામે આવ્યું છે. વટવા વિસ્તારમાં આયેશાબાનુ એ તેના પતિની સગી બહેનના ઘરમાં પણ 29 એપ્રિલના રોજ તોડફોડ કરી હોવાનું સામે આવ્યું છે. ઘરમાં રહેલા સામાનમાં તોડફોડ કરવામાં આવી હતી. નારોલ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં તોડફોડ કરી હતી. રાત્રિના સમયે જ્યારે મહિલા બહાર ગઈ હતી ત્યારે તેની ભાભી આયેશાબાનુ અને અન્ય શખ્સો દ્વારા નારોલ ખાતે ઝઘડો કરતા હતા અને તે કેમ ઝઘડો કર્યો તેમ કહ્યું હતું.

### સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર ન થયું

# ICSE અને ISC ધો.10 અને 12નું પરિણામ જાહેર કરાયું: ધો. 10નું 99.30 ટકા અને ધો. 12નું 98.95 ટકા પરિણામ

**પરિણામ** — ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં પરીક્ષાની આયોજન લેવામાં આવી હતી

• અમદાવાદ

ICSE અને ISC બોર્ડની ધોરણ 10 અને ધોરણ 12ની પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ધોરણ 10નું 99.30 ટકા અને ધોરણ 12નું 98.95 ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં પરીક્ષાની આયોજન લેવામાં આવી હતી. જો કે આ વખતે વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ વધુ આવ્યું છે. જો કે વિવાદિત સેવન્થ ડે સ્કૂલનું પરિણામ જાહેર કરવામાં ન આવ્યું હોવાનું સામે આવ્યું છે. ટેક્નિકલ કારણના કારણે પરિણામ જાહેર ન થયું હોવાનો સેવન્થ ડે સ્કૂલ દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

ICSE બોર્ડની ધોરણ 10ની 67 વિષયોની પરીક્ષા 20 ભારતીય ભાષાઓ, 14 વિદેશી ભાષાઓ અને એક ક્લાસિકલ ભાષામાં યોજવામાં આવી હતી. બીજી તરફ ISCની ધોરણ 12ની 45 વિષયોની પરીક્ષા 13



ભારતીય ભાષાઓ, બે વિદેશી ભાષા અને 2 ક્લાસિકલ ભાષામાં યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થિનીઓનું પરિણામ 99.46 ટકા જ્યારે વિદ્યાર્થીઓનું પરિણામ 98.93 ટકા જાહેર કરવામાં આવ્યું છે.

જોકે, મહત્વનું છે કે વિદ્યાર્થીની હત્યા બાદ વિવાદમાં આવેલી સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર કરવામાં આવ્યું નથી. સેવન્થ ડે શાળા સંચાલકોની બેદરકારીના કારણે હજારો વિદ્યાર્થીઓનું પરિણામ અટવાયું છે. જો કે પરિણામ જાહેર ન થતા વાલીઓ અને વિદ્યાર્થીઓ ચિંતામાં મુકાયા છે. જ્યારે બીજી તરફ શાળા દ્વારા વાલીઓને આવતીકાલે પરિણામ આવી જશે તેવો મેસેજ કરીને આશ્વાસન આપવામાં આવ્યું છે. ટેક્નિકલ કારણથી પરિણામ અટવાયું હોવાનો શાળા દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

સેવન્થ ડે સ્કૂલના પ્રિન્સિપાલ રોબિનસને જણાવ્યું હતું કે, કેટલાક ટેક્નિકલ પ્રોબ્લેમના કારણે રિઝલ્ટ જાહેર કરવામાં આવ્યું નથી. અમે લોકોએ ICSE બોર્ડના કાઉન્સિલનો સંપર્ક કર્યો છે. આજે પરિણામ આવી જશે તેવો અમને વિશ્વાસ આપવામાં આવ્યો છે. ICSE અને ISC બોર્ડમાં 1200 જેટલા વિદ્યાર્થીઓ છે. પરિણામ ન આવતા વાલીઓ ચિંતામાં છે, જેથી તેમને મેસેજ કરીને કોપરેટ કરવા માટે કહેવામાં આવ્યું છે. જો કે આજે પરિણામ આવી જશે તેવી આશા છે. બીજી કેટલીક શાળાઓનું પરિણામ પણ જાહેર થયું નથી. બોર્ડની સંપર્ક કરવામાં આવ્યો તો તેમણે ટેક્નિકલ કારણ હોવાનું જણાવ્યું છે.

# અંબાજીમાં અકશા અને પી.આર કંપનીના સીઝર હવે લુંટ ના રવાડે

## વિક્રમ ગઢવી, રાજુ ગોસ્વામી સીઝર ના કામની સાથે લુંટ અને ચોરીઓ માટે ગેંગ ચલાવે છે

યાત્રાધામ અંબાજીમાં લાખોની સંખ્યામાં યાત્રિકો માં અંબાના દર્શન કરવા અંબાજી આવતા હોય છે ત્યારે અંબાજીમાં અકશા અને પી આર કંપનીમાં સીઝર નું કામ કરતા વિક્રમ ગઢવી અને રાજુ ગોસ્વામી સીઝરના કામની સાથે લૂંટ અને ચોરીઓ માટે ગેંગ ચલાવતા અંબાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અંબાજીમાં સવારે 9:00 વાગ્યાની આસપાસ જ્યારે એક ઈસમ અંબાજી એકાવન શક્તિપીઠ સર્કલ ઉપર ઉભા હતા ત્યારે વિક્રમ ગઢવી અને રાજુ ગોસ્વામી બંને લોકો activa ઠોકીને દાદાગીરી પર ઉતર્યા અને પછી જપાજપી કરીને 49,999 નો મોબાઈલ અને 3500 રુપિયા રોકડા ની લૂંટ કરતા અંબાજી પોલીસ સ્ટેશનમાં કાર્યવાહી કરવા માટે ફરિયાદ આપવામાં આવી હતી ત્યારે અંબાજીમાં વિક્રમ ગઢવી અને રાજુ ગોસ્વામી સીઝર ના નામે વાહનો પકડીને તોડ પાણી કરતા હોય છે અને અને ઘણા લોકોએ મેથી પાક પણ આપ્યો છે તેમ છતાં સુધરવાનું



નામ નથી લેતાં ત્યારે ડીસાની અકશા કંપની અને મહેસાણાની પી.આર કંપનુ નામ ખરાબ ન થાય તે પહેલા જ આવાં લૂંટારું અને તોડ બાજોને વહેલી તકે ઘર ભેગા કરે તે પણ જરૂરી બન્યું છે જો ટૂંક સમયમાં અકશા કંપની અને પી.આર કંપની નું નામ ખરાબ ન થાય તે પહેલા જ આવા લોકોને તગડી મુકવામાં આવે નહીં તો આવા લોકો ઉપર લૂંટના અને ચોરીના ગંભીર ગુના દાખલ થશે તો પીઆર અને અક્સા કંપનીનું નામ ખરાબ થાય તેવું લાગી રહ્યું છે

# વસ્ત્રાલની પરણિતાના ફોટા સાથે ઈન્સ્ટાગ્રામમાં ફેક આઈડી બનાવ્યું:ફોટોઝમાં એડિટિંગ કરી બિભત્સ લખાણ લખ્યું

• અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી પરણિતાના ફોટા સાથેનું ફેક આઈડી બનાવી અને ખરાબ લખાણ સાથે ઈન્સ્ટાગ્રામ આઈડી પર પ્રોફાઈલમાં મૂકવામાં આવ્યો હતો. પરણિતાની મિત્રના બાબતે ધ્યાન આવી હતી જેથી તેને ધ્યાન દોર્યું હતું. ત્યારે તપાસ કરતા ખોટું ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવીને બદનામ કરવાની કોશિશ કરી હતી આ સમગ્ર મામલે પરણિતાએ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, રામોલ વિસ્તારમાં 20 વર્ષીય પરણિતા તેના પરિવાર સાથે રહે છે પોતે એક વર્ષથી instagramમાં પોતાના નામનું એકાઉન્ટ ધરાવે છે. વર્ષ 2025ના ઓક્ટોબર મહિનામાં જ્યારે પોતે ઘરે પતિ સાથે હાજર હતી. ત્યારે ઓરીજનલ instagram એકાઉન્ટમાં તેની મિત્રએ સ્ક્રીનશોટ મોકલી અને મેસેજ કર્યો હતો કે આ જુઓ જેથી તેમાં લખાણ લખવામાં આવ્યું હતું, કોઈ અજાણ્યા નામથી instagram આઈડીની લીંક મોકલી હતી. જેમાં પરણિતાનો ફોટો લગાવેલો હતો. કોઈ વ્યક્તિએ ખોટું આઈડી બનાવી અને તેમાં પરણિતાનો ફોટો મુક્યો હતો અને તેમાં એડિટિંગ કરીને ખરાબ લખાણ લખવામાં આવ્યું હતું, ઈન્સ્ટાગ્રામ આઈડીમાં ફોટા પણ અપલોડ કરવામાં આવ્યા હતા. કોઈ અજાણી વ્યક્તિએ ઓરિજનલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાંથી ફોટા લઈ અને ફોટાઓમાં એડિટિંગ કરી ખરાબ લખાણ લખ્યું હતું. જે સમગ્ર મામલે મહિલાએ રામોલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. શહેરના વાસણા વિસ્તારમાં પણ એક યુવતીનું ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવવામાં આવ્યું હતું. જે આઈડી બનાવવામાં આવ્યું હતું જેને લઈને યુવતીએ વાસણા પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ નોંધાવી છે.

# આગામી 48 કલાક અસહ્ય ગરમીમાં શેકાવું પડશે:પવનની દિશા બદલાતા તાપમાન 3 ડિગ્રી ઘટશે



• અમદાવાદ

હાલ સમગ્ર ગુજરાતમાં અસહ્ય ગરમીનો પ્રકોપ યથાવત છે, પરંતુ હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 48 કલાક બાદ પવનની દિશા બદલાતા તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે. પશ્ચિમી ગરમ પવનોને સ્થાને દરિયાઈ ભેજવાળા પવન ફૂંકાવાને કારણે રાજ્યના નાગરિકોને આકરી ગરમીમાંથી ટૂંકા ગાળાની રાહત મળી શકે છે.છેલ્લા 24 કલાકમાં રાજ્યના તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર નોંધાયો નથી, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. રાજ્યના 7 જેટલા શહેરોમાં પારો 40 ડિગ્રીને પાર પહોંચી ગયો છે. હવામાન વિભાગના આંકડા અનુસાર, 42.4 ડિગ્રી સાથે રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે, જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન 41.7 ડિગ્રી સુધી પહોંચ્યું છે, જે સામાન્ય કરતા ઘણું વધારે છે.

### રોડ એક્સિડન્ટમાં મૃત્યુદર ઘટાડવા નવી ગાઇડલાઇન

# અકસ્માત સમયે મદદ કરનારને તાત્કાલિક મુક્ત કરાશે વિદ્યાર્થીઓને ફર્સ્ટ-એઈડ ને CPRની ટ્રેનિંગ અપાશે

• અમદાવાદ

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા રાજ્યમાં માર્ગ અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને સમયસર અને ગુણવત્તાયુક્ત સારવાર મળી રહે તે હેતુથી નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આ નવી ગાઈડલાઈનનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રત્યેક માર્ગને સુરક્ષિત બનાવી કિંમતી માનવ જીવન બચાવવાનો છે. માર્ગ અકસ્માત બાદના 'ગોલ્ડન અવર'માં અસરકારક કામગીરી કરી મૃત્યુનું પ્રમાણ ઘટાડવા માટે આરોગ્ય વિભાગને સર્વોચ્ચ અગ્રીમતા સાથે કામ કરવા સૂચના આપવામાં આવી છે.આ સંદર્ભે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના કમિશનર દ્વારા રાજ્યના તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ (CDHO) અને સિવિલ સર્જનને નેશનલ એમ્બ્યુલન્સ કોડ (AIS-125) નું કડક પાલન કરવા આદેશ આપવામાં આવ્યો છે.

આ અંતર્ગત જિલ્લામાં કાર્યરત તમામ સરકારી (108 સહિત) અને ખાનગી એમ્બ્યુલન્સોમા Na-




tional Ambulance Code મુજબની ડિઝાઈન, જરૂરી તબીબી સાધનો અને જીવનરક્ષક દવાઓ અને એમ્બ્યુલન્સના પેરામેડિકલ સ્ટાફ અને ડ્રાઈવર પાસે Basic Life Support (BLS) અથવા Advanced Life Support (ALS) ની યોગ્ય તાલીમ હોવી અનિવાર્ય કરવામાં આવી છે. આ માટે જિલ્લાની તમામ પ્રમાણિત એમ્બ્યુલન્સનો એક સેન્ટ્રલાઈઝ્ડ ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે.અકસ્માત સમયે મદદ કરનાર વ્યક્તિને કાયદાકીય ગૂંચવણોમાંથી બચાવવા માટે વિશેષ જોગવાઈઓ અમલી બનાવવામાં આવી છે. જેમાં મદદગારની સુરક્ષા માટે અકસ્માત પીડિતને લાવનાર વ્યક્તિ પાસે નાણાં કે અંગત વિગતોનો આગ્રહ રાખી શકાશે નહીં અને તેમને તાત્કાલિક મુક્ત કરવાના રહેશે. મેડિકલ સ્ટાફે મદદ કરનાર વ્યક્તિ સાથે સૌજન્યપૂર્ણ વ્યવહાર કરવાનો રહેશે સહિતની જોગવાઈઓ તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોના પ્રવેશદ્વાર પર હોસ્પિટલ પ્રોટોકોલ મુજબ પ્રદર્શિત કરવાની રહેશે. ગુડ સમરિટન યોજના અને માર્ગ અકસ્માત બાદના ગોલ્ડન અવરની જાગૃતિ માટે શિક્ષણ અને પોલીસ વિભાગ સાથે સંકલન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શિક્ષણ વિભાગના સહયોગથી શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે ફર્સ્ટ-એઈડ અને CPR (કાર્ડિયોપલ્મોનરી રિસસીટેશન) ના ખાસ તાલીમ વર્ગો યોજાશે, જેથી યુવાનો કટોકટીના સમયે મદદરૂપ થઈ શકે.

# ભાજપ મેયરના નામો માટે ધારાસભ્યો અને કોર્પોરેટરો પાસેથી નામ લેશે

## પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ નામ નક્કી કરશે, 2-3મેના સેન્સ પ્રક્રિયા; અમદાવાદને 10મે સુધીમાં મેયર મળી શકે

• અમદાવાદ

ગુજરાત રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 15 મહાનગરપાલિકામાં ભાજપે તમામમાં સત્તા હાંસલ કરી છે. અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં 192 બેઠકોમાંથી 160 બેઠકો ઉપર ભાજપે ભવ્ય વિજય મેળવીને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરી સત્તા હાંસલ કરી છે ત્યારે અમદાવાદના પ્રથમ નાગરિક એવા મેયર સહિતના મુખ્ય પાંચ પદાધિકારીની નિમણૂક આગામી દિવસોમાં થવાની છે.મેયર તરીકેની નિમણુક માટે ભાજપ દ્વારા 2 અથવા 3 મેના રોજ ધારાસભ્યો અને કોર્પોરેટર સહિતના શહેર સંગઠનના નેતાઓ સાથે પ્રદેશના નેતાઓ દ્વારા સેન્સ લેવામાં આવશે અને મેયર તરીકેના નામો આપવામાં આવશે. જે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં જશે અને ત્યારબાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવશે જેમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના નામની જાહેરાત થશે.ગુજરાતની 15 મહાનગરપાલિકામાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. ભાજપની સત્તા હવે આવતાની સાથે જ દરેક મહાનગરપાલિકામાં મેયર સહિતના પાંચ પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવશે. મહાનગરપાલિકામાં મેયર કોણ બનશે તેના માટે ભાજપ દ્વારા 2 અને 3 મેના રોજ સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે જેમાં દરેક મહાનગરપાલિકામાં મેયર પદ માટે ધારાસભ્યો, કોર્પોરેટરો અને શહેર સંગઠનના હોદ્દેદારો પાસે નામ માંગવામાં આવશે. તમામ નામો પર ચર્ચા વિચારણા હાથ કરવામાં આવતા અને ત્યારબાદ આગામી 6થી 8 મેના રોજ ગાંધીનગર ખાતે મળનારી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં ત્રણ નામ મોકલવામાં આવશે.પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડમાં રાજ્યની 15 મહાનગરપાલિકા માટેના મેયર પદના દાવેદારના નામો પર ચર્ચા કરવામાં આવશે અને દરેક મહાનગરપાલિકા માટે મેયરના નામના કવર બનાવીને જે તે શહેર પ્રમુખ અથવા પ્રભારીને આપવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવશે જે બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવશે .

# હેલ્મેટ પહેરીને નીકળજો:રાજ્યભરમાં ટુ વ્હીલર લઈને જતા વાહન ચાલકોએ હેલ્મેટ પહેરવું ફરજિયાત, પોલીસ પકડશે તો 500નો દંડ થશે

ગુજરાત રાજ્યમાં ચૂંટણી પૂર્ણ થતાની સાથે જ હવે નાગરિકો ઉપર ફરીથી નિયમોના ભંગ બદલ દંડનીય કાર્યવાહી કડક કરવા માટે ગુજરાત પોલીસ સક્રિય બની ગઈ છે. આજે 1મેથી 31 મે સુધી રાજ્યભરમાં હેલ્મેટ ન કરનારા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પોલીસ દ્વારા ડ્રાઈવ કરવામાં આવશે. સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા ટુ વ્હીલર ચાલકો ફરજિયાત હેલ્મેટ પહેરે તેના માટે આ ડ્રાઈવ યોજવામાં આવી છે. સરકારી કચેરી પાસે પણ ટ્રાફિક પોલીસ મૂકવા અને કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું છે.જે બેઠકમાં સુરત શહેરમાં હેલ્મેટની અમલવારી ખૂબ સારી રીતે થઈ હોવાથી તે મુજબ અમદાવાદ, રાજકોટ, વડોદરા જેવા મોટા શહેરોમાં પણ તબક્કાવાર હેલ્મેટની ચુસ્તપણે અમલવારી કરવા તેમજ રાજયના અન્ય શહેર/જીલ્લાઓ ખાતે કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું હતું.

**એનાલિસિસ** — સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો અંગે કોંગ્રેસ મંથન કરશે

# 2થી 6 મે સુધી ઝોનવાઈઝ પ્રદેશ પ્રમુખ અને પ્રભારીઓની અધ્યક્ષતામાં રિવ્યૂ બેઠક, નેતાઓ રિઝલ્ટનું એનાલિસિસ કરશે

## કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષ નેતા તુષાર ચૌધરી અને ઝોનના પ્રભારીઓની અધ્યક્ષતામાં રિવ્યૂ બેઠક યોજવામાં આવશે

• અમદાવાદ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોને લઈને ગુજરાત કોંગ્રેસ દ્વારા મંથન કરવામાં આવશે. આવતીકાલથી 5 દિવસ સુધી ગુજરાત કોંગ્રેસ દ્વારા પરિણામોનું એનાલીસિસ કરવામાં આવશે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષ નેતા તુષાર ચૌધરી અને ઝોનના પ્રભારીઓની અધ્યક્ષતામાં રિવ્યૂ બેઠક યોજવામાં આવશે. 2થી 6 મે સુધી અલગ-અલગ દિવસે ઝોનવાઈઝ બેઠક કરી પરિણામોનું એનાલિસિસ કરવામાં આવશે. જિલ્લા, તાલુકા અને શહેર પ્રમુખો અને પ્રભારીઓ પણ રિવ્યુ બેઠકમાં ઉપસ્થિત રાખવામાં આવશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે. 2021 કરતા પણ વધુ બેઠકો સાથે ભાજપનો વિજય થયો છે. જોકે, મતગણતરી પહેલા જ 732 જેટલી બેઠકો તો બિનહરીફ થઈ ગઈ હતી. તમામ 15 મહાનગરપાલિકામાં ભાજપનો વિજય થયો છે. 84 નગરપાલિકામાંથી 78 પર ભાજપ અને 6 કોંગ્રેસને મળી છે. 34માંથી 33 જિલ્લા પંચાયત પણ ભાજપ જીતી ગયું છે તો 260 તાલુકા પંચાયતમાંથી ભાજપને ફાળે 253 અને 7 કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને ફાળે ગઈ છે ત્યારે



કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ધાર્યું પરિણામ મેળવી શક્યું નથી.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 2027ની વિધાનસભાની ચૂંટણીને લઈને મહત્વની હતી કારણ કે, રાહુલ ગાંધીએ 2027માં ભાજપને ગુજરાતમાં હરાવી કોંગ્રેસની સરકાર બનશે એવું અનેક વખત જાહેર મંચ પરથી નિવેદન આપ્યું હતું. જેથી, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી કોંગ્રેસ માટે સંગઠનને મજબૂત કરવાની હતી પરંતુ, અનેક પ્રયાસ કરવા છતાં કોંગ્રેસને જોઈએ એવા પરિણામ મળ્યા નથી. જેથી, સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામોને લઈને કોંગ્રેસ દ્વારા મંથન કરવામાં આવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે આવતીકાલથી ગુજરાત કોંગ્રેસના બે સહ પ્રભારી ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા વિપક્ષ નેતા તુષાર ચૌધરી સહિત પ્રદેશના નેતાઓ અને તાલુકા, જિલ્લા અને શહેરના નેતાઓ સાથે બેઠક કરવાના છે. 5 દિવસ સુધી રાજીવ ગાંધી ભવન ખાતે પ્રદેશ સહ પ્રભારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોને લઈને બેઠક કરશે. તેમજ આ બેઠકોમાં ખાસ ઝોન પ્રભારીઓને પણ હાજર રહેવા માટે સૂચના આપવામાં આવી છે. તેમજ જે નેતાઓ ઉમેદવારોની પંસદગી પ્રક્રિયામાં જોડાયા હતા તેમને પણ બેઠકમાં હાજર રાખવામાં આવશે.

સંગઠન સૃજન અભિયાન કરવા છતાં કોંગ્રેસને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ધાર્યું પરિણામ આવ્યું હતું. ક્યાંક ઉમેદવારોની પંસદગી વિવાદ તો ક્યાંક નેતાઓ વચ્ચેના વિવાદને કારણે કોંગ્રેસ દ્વારા રાહુલ ગાંધીનું લક્ષ્ય પૂર્ણ થાય એવું કામ કરવામાં આવ્યું નથી. જેથી સહ પ્રભારીઓ બેઠકમાં પ્રચાર, મતદાનના આંકડાઓ, પરિણામના આંકડાઓ સહિતના મુદ્દાઓને ચર્ચા કરવાના છે તેમજ ચૂંટણી દરમિયાન નેતાઓ વચ્ચે જે વિવાદ સર્જાયા છે, તેને થાળે પાડવા માટેના પ્રયાસ પણ બેઠકમાં કરવામાં આવશે.જેમાં આવતીકાલે એટલે 2 મેના દક્ષિણ ગુજરાત ઝોનની બેઠક મળશે જેમાં AICCના સેક્રેટરી અને પ્રભારી શ્રીનિવાસ પણ હાજર રહેશે તો 3 મેના ઉત્તર ગુજરાત ઝોનની બેઠક મળશે, જેમાં AICCના સેક્રેટરી અને પ્રભારી સુહાસિની યાદવને ઉપસ્થિત રહેવા સૂચના આપવામાં આવી છે. 4 મેના મધ્ય ગુજરાત ઝોનની બેઠક મળશે જેમાં AICC સેક્રેટરી અને પ્રભારી રામકિશન ઓઝા પણ ઉપસ્થિત રહેવાના છે. 5 અને 6 મેના સૌરાષ્ટ્ર ઝોનની બેઠક મળશે જેમાં AICC સેક્રેટરી અને પ્રભારી દેવેન્દ્ર યાદવ પણ ઉપસ્થિત રહેવાના છે.

દાંતામાં આદિવાસીઓ અને જંગલ વિભાગ વચ્ચે ઘર્ષણનો કેસ

# સંસદને ગેરમાર્ગે દોરવા બદલ આ અધિકારીઓને ઘરભેગા કરવા જોઈએ: હાઈકોર્ટ, લોકસભામાં રજૂ રિપોર્ટ કલેક્ટરે તૈયાર કર્યો હતો

**ઘર્ષણ** — પોલીસ અને રેવન્યુ વિભાગના અધિકારીઓ પર થયેલા ભીષણ હુમલો થયો હતો

• અમદાવાદ

બનાસકાંઠાના દાંતા તાલુકાના પાડલીયા ગામમાં 13 ડિસેમ્બરે વન વિભાગ, પોલીસ અને રેવન્યુ વિભાગના અધિકારીઓ પર થયેલા ભીષણ હુમલો થયો હતો. આ મામલે હાઈકોર્ટમાં બનાસકાંઠાથી સાયબાભાઈ ડુંગાસિયા અને લક્ષ્મણ ડુંગાસીયા દ્વારા જામીન અરજી મુકવામાં આવી હતી. જેમની સામે ડિસેમ્બર મહિનામાં અંબાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદ BNS અને ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ અંતર્ગત નોંધવામાં આવી હતી. તેઓ દાતાના પાડલીયા ગામના રહેવાસી છે. હાઈકોર્ટે સાયબાભાઈ ડુંગાસિયાને શરતી જામીન આપ્યા છે. જ્યારે લક્ષ્મણ ડુંગાસીયાને નીચલી કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ થઈ જતા ત્યાં અરજી કરવા નિર્દેશ અપાયા છે.

આ કેસમાં વન વિભાગના અધિકારીઓ પોલીસ કર્મચારીઓ સાથે રોપા રોપવા માટે ખાડા ખોદવા ગયા હતા. જ્યાં 500 જેટલા આદિજાતિ લોકોએ તેમની ઉપર ફરિયાદમાં જણાવ્યા મુજબ ધારીયા,તીર, તલવાર, કુહાડી, લાકડી અને ધોકા જેવા સાધનો વડે હુમલો કર્યો હતો. જેમાં સરકારી વાહનોને નુકસાન પહોંચ્યું હતું, તેમજ અધિકારીઓને ઈજા થઈ હતી. ફરિયાદમાં સરકારી અધિકારી પાસેથી લૂંટ કરવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. સાથે જ અરજદારે ગામના લોકોને ઉશ્કેરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ મુદ્દે હાઈકોર્ટમાં હાથ ધરાયેલી કાર્યવાહીમાં વન વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. કોર્ટે સરકારી વકીલને પ્રશ્ન કર્યો હતો કે વન વિભાગ છોડ વાવવા માટે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને સાથે કેમ લઈ ગયા હતા? શું પોલીસ આદિવાસીઓ ઉપર ફાયરિંગ



કરવાની મંજૂરી મેળવવા માંગતી હતી? જે પણ પ્રશ્ન હતો તેને વહીવટી લેવલે ઉકેલ શોધવા પ્રયત્ન કેમ કર્યો નહોતો?

અરજદારના વકીલે જણાવ્યું હતું કે આ જંગલની જમીન છે. આ વિસ્તાર બાલારામ સેન્ચુરીમાં આવેલી છે. અહીં 172 આદિજાતિ લોકોએ ક્લેઈમ કરેલ છે, જેઓ અહીં ખેતી કરે છે. અહીં ફોરેસ્ટ એક્ટ લાગુ પડે છે. કોર્ટે તેમને પૂછ્યું હતું કે જે જમીન ઉપર તમે દાવો કરો છો તેના હક્ક માટે તમે શું કર્યું ? અરજદારે જણાવ્યું હતું કે તેનો ક્લેમ કરવામાં આવ્યો છે અને સરકારના અનુમોદન માટે પેન્ડિંગ છે. પરંતુ તેમ છત્તા વનવિભાગે આદિવાસીઓને ખેતી કરતા રોકવા ક્લેમ વાળી જમીન ઉપર રોપા રોપવાની કોશિશ કરી.

અરજદારે વધુમાં જણાવ્યું હતું કે આ મુદ્દો લોકસભામાં પણ ઉઠ્યો હતો. બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરે લોકસભામાં પ્રશ્ન કર્યો હતો કે જંગલની જમીન ઉપર આદિજાતિના કેટલા ક્લેમ આવ્યા છે? જેના જવાબમાં જાણવા મળ્યું હતું કે ગુજરાતમાંથી 10 હજાર ક્લેમ આવ્યા હતા. જેમાંના 7000 ક્લેમ મંજૂર કરાયા છે, જ્યારે 2869 ક્લેમ પેન્ડિંગ છે. જે જમીન ઉપર છોડ વાવવા તંત્ર આવ્યું હતું. ત્યાં એક વિધવા ઝૂંપડી બાંધીને આ જમીન ખેડતી હતી. તેઓને કાયદા મુજબ ખેતી કરવાનો અધિકાર છે, તેમને ખસેડી શકાય નહીં.

કોર્ટે સરકારી વકીલને પૂછ્યું હતું કે અરજદારના વકીલ જે 172 ક્લેમની વાત કરી રહ્યા છે ,તે પાડલીયા ગામના છે? જેનો જવાબ હકારમાં આવ્યો હતો. કોર્ટે આકરા વલણ સાથે અધિકારીઓને ઝાટક્યા હતા કે એક તરફ તમે ક્લેમ વાળી જમીન ઉપર છોડ વાવવા જાવ છો અને સંસદને ગેરમાર્ગે દોરો છો કે અજાણતા આ ઘટના બની છે! કોણે આ જમીન ઉપર રોપા વાવવા હુકમ કર્યો હતો, જ્યારે તમે આદિજાતિઓ ઉપર પોલીસ ફરિયાદ કરી છે.

સંસદને ગેરમાર્ગે દોરવા બદલ આ અધિકારીઓને ઘરભેગા કરવા જોઈએ. તમે આદિજાતિ વિસ્તારમાં જઈને રાજ્યની શક્તિ બતાવવા માંગતા હતા. જો પ્રશ્નો હતા તો ફોર્સ કેમ વાપરી ? સિવિલ એડમિનિસ્ટ્રેશન સમક્ષ મુદ્દો કેમ ના મૂક્યો ? એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની જરૂર કેમ પડી ? ગોળી મારવા ? આ બોર્ડર નહીં, તમારા નાગરિકો છે. સરકારી વકીલે કહ્યું હતું કે તેઓએ બે દિવસ પહેલા સમજાવ્યા આદિવાસીઓને સમજાવ્યા હતા.

જો કે કોર્ટે પ્રશ્ન પકડી રાખ્યો હતો કે ક્લેમ નક્કી કરતા પહેલા તમે કેમ છોડ વાવવા ગયા હતા? તેની જરૂર શું હતી? તમે ઘોડા આગળ ગાડું કેમ મૂક્યું? બંધારણીય કોર્ટ આંખો બંધ કરી શકે નહીં! સરકારી વકીલે કહ્યું હતું કે અરજદાર લક્ષ્મણ ડુંગાસીયાએ આદિવાસીઓને ઉશ્કેર્યા હતા, તેઓ બંધારણમાં અને વ્યવસ્થામાં માનતા નથી, તેઓ દેશને પોતાની માલિકીનો ગણાવે છે. RFOએ પણ તેઓને સમજાવવાની કોશિશ કરી હતી. તેઓ જંગલની બધી જમીન ઉપર હક્ક દાવો કરે છે. જો કે હાઈકોર્ટે કહ્યું હતું કે છોડ વાવવામાં આટલી ઉતાવળ શા માટે કરવામાં આવી? સંસદમાં કોણે જવાબ આપ્યો તે જણાવો?

જે મુદ્દે હાઈકોર્ટને જણાવાયું હતું કે સંસદમાં કલેકટર દ્વારા તૈયાર કરાયેલો રિપોર્ટ મુકાયો હતો. જે મુજબ વિવાદિત વિસ્તારમાં છોડવા રોપવા જવા અંગે કલેક્ટર અને DSPને જંગલ વિભાગ દ્વારા જાણ કરાઈ નહોતી. જો લોકોને વિશ્વાસમાં લેવામાં આવ્યા હોત તો આ પ્રકારની ઘટના નિવારી શકાઈ હોત. હાઈકોર્ટે આ ઘટના માટે જવાબદાર સરકારી કર્મચારીઓ ઉપર પગલાં લેવાની મુનસફી રાજ્ય સરકાર ઉપર છોડી છે. તેમજ જો આદિવાસીઓને ઉશ્કેરીને કાયદા વિરુદ્ધ વર્તન કરવા પ્રેરતા લોકો સમયે પણ પગલાં લેવાની જવાબદારી સરકાર ઉપર છોડી છે.

અગાઉની સુનવણીમાં સરકારી વકીલે જણાવ્યું હતું કે 28 આરોપીઓ સામે નામજોગ અને 500ના ટોળા સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી, જેમાં 10 જેટલી મહિલાઓનો સમાવેશ થતો હતો. આરોપીઓએ પોલીસ અને વન વિભાગના કર્મચારીઓની સરકારી ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી. આ ઘટનામાં એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને પણ ઈજાઓ થઈ હતી. સરકારી વાહનોને સળગાવવામાં આવ્યા હતા. ઝાડ અને પથ્થરોની આડસ મૂકીને વધારાની ફોર્સને મદદ માટે બોલાવતી રોકવા પણ પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

જો કે હાઈકોર્ટે પૂછ્યું હતું કે આ ઘર્ષણનું કોઈ કારણ ફરિયાદમાં દેખાતું નથી. સરકારી વકીલે જણાવ્યું હતું કે ગ્રામજનો સરકારી જમીન ઉપર રોપા વાવવા ઈચ્છતા નહોતા, તેમના કહ્યા મુજબ આ જમીન તેમની છે અને ગ્રામસભાના ઠરાવ વગર તેઓ રોપા વાવી શકે નહીં. જો કે કોર્ટે કહ્યું હતું કે આટલા મોટા પોલીસ પ્રોટેકશન સાથે વહીવટી તંત્ર ગયું હોય તો કંઈક કારણ હશે ! 500 લોકોએ શા માટે વન વિભાગના અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ ઉપર હુંમલો કર્યો ? વળી વહીવટી તંત્ર પણ શા માટે આટલા મોટા પોલીસ ફોર્સ સાથે રોપા વાવવા એક ગામમાં ગયું હતું ? વળી તેમાં એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની જરૂર શા માટે પડી ?

વહીવટી તંત્ર જાણતું હતું કે અહીંયા પ્રશ્ન છે, જેથી કરીને જો ફાયરીંગ કરવાની નોબત આવી પડે તો એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ હુકમ આપી શકે ! હાઈકોર્ટે સરકારને જણાવ્યું હતું કે આ વ્યક્તિગત નહીં, પરંતુ સામાજિક મુદ્દો છે. આ અગાઉ પણ એક ફરિયાદ નોધાઈ હતી. જેમાં ગ્રામજનોએ રોપા રોપવા અંગે ગ્રામસભાની મંજૂરી લીધી હતી કે કેમ તે સંદર્ભે વહીવટી તંત્રને પ્રશ્ન કર્યો હતો.

કોર્ટે કહ્યું હતું કે તંત્ર એ પ્રશ્ન ઉકેલવાની જગ્યાએ મોટી સેના લઈને ગયું હતું. જેથી તેઓ પોતે શક્તિશાળી છે તેમ ગ્રામજનો સામે પ્રસ્થાપિત કરી શકે. આ માહિતીના આદાન પ્રદાનને ગેપ હતો. લોકોને સમજાવવા તંત્રે શું કર્યું ? તમે કલેક્ટર જોડે વાત કરી ? આ આપણા નાગરિકો છે, તેઓ કાયદો હાથમાં ના લઈ શકે, પરંતુ તમે શક્તિ બતાવવાની કોશિશ કેમ કરી ? તમે પોલીસ ફોર્સનો પાવર કેમ બતાવ્યો ? એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને ગોળી ચલાવવાનો પરવાનો લેવા લઈને ગયા હતા ? તમે લોકોને શું મેસેજ આપવ માંગતા હતા કે તમે લોકોને મારવા આવ્યા છો ? આ તો ભારતના નાગરિકો છે ને ? 06 ડિસેમ્બર અને 13 ડિસેમ્બરની FIR વચ્ચે તમે શું કર્યું ?

# અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટની આસપાસની હાઈરાઈઝ બિલ્ડિંગોનો એરોનોટિકલ સર્વે થશે

## વધારાનું બાંધકામ હશે તો દૂર કરવા ઓથોરિટી આદેશ આપશે; હાઈકોર્ટે ડેવલપર્સને આપેલી નોટિસો રદ કરી

• અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને અન્ય સત્તાધિકારીઓને વિવિધ ઈમારતોનો એરોનોટિકલ સર્વે કરવાનો નિર્દેશ આપ્યો છે. આ આદેશ 6 ડેવલપર્સ દ્વારા કરવામાં આવેલી માગના જવાબમાં આપવામાં આવ્યો છે. જેમને સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક નિર્ધારિત ઊંચાઈ કરતા વધુ બાંધકામ કરવા બદલ અને વિમાનોની અવરજવર માટે જોખમ ઊભું કરવા બદલ ડિમોલિશનની નોટિસ આપવામાં આવી હતી.અરજીમાં જણાવ્યા મુજબ માહિલ ઈન્ફ્રા, અબજીબાપા ઈન્ફ્રા, પ્રેયસ ઈન્ફ્રા, બાલાજી ડેવલપર્સ, કલશ ઈન્ફ્રા અને પાર્થ ડેવલપર્સ દ્વારા હંસપુરા, નરોડા, નાના ચિલોડા અને આસપાસના વિસ્તારોમાં અનુમતિ મેળવ્યા બાદ બાંધકામ કરાયુ છે. જે મુજબ આ ડેવલપર્સે તમામ સત્તાધિકારીઓ પાસેથી NOC મેળવ્યા બાદ મહત્તમ 102.7 મીટરની ઊંચાઈ ધરાવતા બહુમાળી ટાવર્સ બનાવ્યા છે. જો કે સત્તાધિકારીઓનો આગ્રહ હતો કે



નિયત મર્યાદા કરતા વધારાનું બાંધકામ ગેરકાયદેસર રીતે કરવામાં આવ્યું છે, જેથી તેને દૂર કરવું જોઈએ.

વર્ષ 2024માં દાખલ કરવામાં આવેલી આ અરજીઓમાં બિલ્ડરોએ ડિમોલિશનની નોટિસને પડકારી હતી અને એરોનોટિકલ સ્ટડીની માગ કરી હતી. તેમનો દાવો છે કે તેમનું બાંધકામ મ્યુનિસિપલ ડેવલપમેન્ટની પરવાનગી મુજબ જ છે. ઊંચાઈમાં જે તફાવત દેખાય છે તે જમીનની એલિવેશનમાં નોંધાયેલા તફાવતને કારણે છે, કોઈ અનધિકૃત કે વધારાના બાંધકામને કારણે નહીં. તેઓએ સિવિલ એવિએશન મંત્રાલયના વર્ષ 2015ના નિયમો હેઠળ એરોનોટિકલ સ્ટડી કરાવવાની માગ કરી હતી.એરપોર્ટ ઓથોરિટીએ આ અરજીઓનો વિરોધ કરતા જણાવ્યું હતું કે બિલ્ડરોએ મૂળ NOCનો ભંગ કર્યો છે. નિયમો મુજબ જ્યાં સુધી બાંધકામને મૂળ પરવાનગી મુજબ લાવવામાં ન આવે, એટલે કે વધારાનો ભાગ તોડી પાડવામાં ન આવે ત્યાં સુધી સુધારેલી ક્લિયરન્સ કે એરોનોટિકલ સ્ટડી પર વિચાર કરી શકાય નહીં.

# રાજ્યમાં તમામ હોસ્પિટલોમાં 'હીટ સ્ટ્રોક મેનેજમેન્ટ રૂમ' ઉભા કરવામાં આવ્યા

## રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરાની હોસ્પિટલમાં 70થી વધુ બેડના સ્પેશિયલ વોર્ડ ઊભા કરાયા

• અમદાવાદ

ગુજરાતમાં વધતા જતા તાપમાન અને હીટવેવની ગંભીરતાને ધ્યાને લેતા આરોગ્ય તંત્ર સજ્જ બન્યું છે, જેના ભાગરૂપે રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરાની સિવિલ હોસ્પિટલોમાં 70થી વધુ બેડના ખાસ હીટસ્ટ્રોક સ્પેશિયલ વોર્ડ કાર્યરત કરવામાં આવ્યા છે. ગરમીના કારણે લૂ લાગવા કે ડિહાઈડ્રેશન જેવી સમસ્યા થાય તો તાત્કાલિક સારવાર મળી રહે તે માટે આ વ્યવસ્થા ઊભી કરાઈ છે.રાજ્યમાં અસહ્ય ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં કોઈપણ ફેરફાર જોવા મળ્યો નથી. જો કે આગામી 48 કલાક સુધી પણ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં જોવા મળે. પરંતુ 48 કલાક બાદ પવનની દિશામાં ફેરફાર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જેથી પવનની દિશા બદલાતા તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. મે મહિનામાં ગરમી સામાન્ય કરતાં વધુ રહેવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.અમદાવાદ શહેરમાં બપોરના સમયે કર્ફ્યુ જેવી શાંતિ જોવા મળી રહી છે. રાજ્યભરમાં તીવ્ર ગરમીને કારણે જનજીવન પર અસર જોવા મળી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યના આરોગ્ય વિભાગે એડવાઈઝરી જાહેર કરી છે અને તમામ હોસ્પિટલોમાં 'હીટ સ્ટ્રોક મેનેજમેન્ટ રૂમ' ઉભા કરવામાં આવ્યા છે. હીટસ્ટ્રોકના કેસો પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. તબીબોની ટીમને સજ્જ રાખવામાં આવી છે જેથી તાત્કાલિક સારવાર મળી શકે.અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે હિટ સ્ટ્રોકને ધ્યાનમાં રાખી ખાસ વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. 25થી વધુ બેડ સાથે સ્પેશિયલ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમાં 15થી વધુ નર્સિંગ સ્ટાફ અને તબીબોને જવાબદારી સોંપવામાં આવી છે. હિટ સ્ટ્રોકના કેસ આવે તો દર્દીને તુરંત સારવાર મળશે. જરૂરી દવાઓ અને સાધનોની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. 24 કલાક મોનિટરિંગ માટે ટીમ સજ્જ છે.જરૂરી દવાઓ અને ઈક્વિપમેન્ટ તૈયાર રાખવામાં આવ્યા છે.ઉનાળાની શરૂઆત સાથે જ રાજ્યભરમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે.

# બે સ્થળે નવાં ટૂરિસ્ટ સ્પોટ બનશે:શહેરમાં પ્રથમવાર લેકફ્રન્ટ ટુરિઝમની શરૂઆત

### કોલવડા અને પેથાપુર તળાવમાં શરૂ થશે બોટિંગ

• ગાંધીનગર



રાજ્યની રાજધાની ગાંધીનગર હવે માત્ર સુવ્યવસ્થિત રસ્તા, હરિયાળી અને સરકારી માળખાકીય સુવિધાઓ પૂરતું સીમિત નહીં રહે, પરંતુ શહેરમાં લેકફ્રન્ટ ટુરિઝમનો નવો અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે. મહાનગરપાલિકા દ્વારા શહેરના કોલવડા અને પેથાપુર તળાવ ખાતે પ્રથમવાર બોટિંગ એક્ટિવિટી શરૂ કરવાની દિશામાં પ્રક્રિયા શરૂ કરાઈ છે.

આ બંને તળાવોનું લોકાર્પણ તાજેતરમાં કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. અમૃત પ્રોજેક્ટ હેઠળ તળાવ ડેવલપ કર્યા બાદ હવે તેમાં નાગરિકોના મનોરંજન માટે અને તળાવોને ટુરિસ્ટ સ્પોટ તરીકે વિકસાવવા માટે બોટિંગની સુવિધા ઉભી કરવામાં આવશે. આ પ્રોજેક્ટના આયોજનથી લઈને સંચાલન સુધીની કામગીરી માટે મનપા દ્વારા ખાનગી ઓપરેટરની નિમણૂંક કરાશે. ઓપરેટરને ત્રણ વર્ષનો લાઈસન્સ પીરિયડ આપવામાં આવશે, જે સંતોષકારક કામગીરીના આધારે વધુ બે વર્ષ સુધી લંબાવી પણ શકાશે. ઓપરેટરે પોતાની ખર્ચે બોટ, જેટી, વીજ વ્યવસ્થા, સલામતી માટે લાઈફ જેકેટ, પર્સનલ ફ્લોટેશન ડિવાઈસ, ફર્સ્ટ એઈડ કિટ, ફાયર સેફ્ટી સિસ્ટમ અને અલગ રેસ્ક્યુ બોટ ફરજિયાત રાખવાની રહેશે.

# ગુજરાતને વધુ સમૃદ્ધ, સ્વચ્છ, શિક્ષિત બનાવવાનો સંકલ્પ કરીએ: સાધુ પ્રેમવત્સલદાસજી

• અમદાવાદ

શ્રી સ્વામિનારાયણ મંદિર કુમકુમ મણિનગરના મોટિવેશનલ સ્પીકર સાધુ પ્રેમવત્સલદાસજીએ ગુજરાત સ્થાપના દિવસ, ૧ મેના રોજ પ્રવચન આપ્યું હતું. તેમણે ગુજરાતીઓને પોતાના કાર્યો દ્વારા રાજ્યને વધુ સમૃદ્ધ, સ્વચ્છ અને શિક્ષિત બનાવવાનો સંકલ્પ લેવા હાકલ કરી હતી.સાધુ પ્રેમવત્સલદાસજીએ જણાવ્યું કે, ૧ મે, ૧૯૬૦ના રોજ ગુજરાત અસ્તિત્વમાં આવ્યું હતું. આ દિવસની ઉજવણી કરવી એ આપણા સૌ માટે ગર્વની વાત છે. આજે સમગ્ર વિશ્વ ગુજરાતની ભૂમિ પર ગર્વ અનુભવી રહ્યું છે.તેમણે ઉમેર્યું કે, આ ગુજરાતની ભૂમિ પર મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાપુરુષો જન્મ્યા છે.

લેખક :દીપક જગતાપ

2 મે: આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્ર દિવસ

# 1973 માં ઉત્તરી કેલિફોર્નિયાના એસ્ટ્રોનોમિકલ યુનિયનના પ્રમુખ ડગ બર્જરે પ્રથમ એસ્ટ્રોનોમી ડે નું આયોજન કર્યું હતું

### 1608 માં ટેલિસ્કોપની શોધ પછી, બ્રહ્માંડના રહસ્યને ઉકેલવામાં ખગોળશાસ્ત્રનું મહત્વ વધુ વધી ગયું



વિજ્ઞાનજગત

લેખક :દીપક જગતાપ

વિશ્વભરમાં દર વર્ષે બે વખત આંતરરાષ્ટ્રીય ખગોળવિજ્ઞાન દિવસનું આયોજન કરવામાં આવે છે. પ્રથમવાર 2મે ના રોજ જ્યારે બીજીવાર 26 સપ્ટેમ્બરે.આ દિવસે, વિવિધ સંગ્રહાલયો અને ખગોળશાસ્ત્રીય સંસ્થાઓ દ્વારા ખગોળવિજ્ઞાન વિશે જાગૃતિ ફેલાવવા માટે સેમિનાર, વર્કશોપ અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. 1973 માં ઉત્તરી કેલિફોર્નિયાના એસ્ટ્રોનોમિકલ યુનિયનના પ્રમુખ ડગ બર્જરે પ્રથમ એસ્ટ્રોનોમી ડે નું આયોજન કર્યું હતું. આ દિવસના આયોજનનો મુખ્ય હેતુ સામાન્ય લોકોને ખગોળશાસ્ત્ર અને સમગ્ર બ્રહ્માંડના મહત્વ વિશે જાગૃત કરવાનો અને તેમને તેમાં રસ વિકસાવવામાં મદદ કરવાનો છે. ખગોળશાસ્ત્રનો અભ્યાસ લગભગ 5,000 વર્ષોથી ચાલે છે અને તેને સંબંધિત તમામ વિજ્ઞાન શાખાઓમાં સૌથી જૂની ગણવામાં આવે છે. 1608 માં ટેલિસ્કોપની શોધ પછી, બ્રહ્માંડના રહસ્યને ઉકેલવામાં ખગોળશાસ્ત્રનું મહત્વ વધુ વધી ગયું. સમય જતાં, છેલ્લા કેટલાક દાયકાઓમાં ટેક્નોલોજીએ નોંધપાત્ર પ્રગતિ કરી છે, અને ઘણા સિદ્ધાંતો અને અવલોકનો રજૂ કરવામાં આવ્યા છે, જે ખગોળશાસ્ત્રને વધુ અદ્યતન બનાવે છે.

2જી મે દિવસે દર વર્ષે, આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્ર દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસે ખગોળશાસ્ત્રીય સંસ્થાઓ, પ્લેનેટોરીયમ, સંગ્રહાલયો વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે અને ખગોળશાસ્ત્રની દુનિયા વિશે જાગૃતિ ફેલાવે છે.

આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્ર દિવસ સૌપ્રથમ 1973 માં ડગ બર્જર દ્વારા મનાવવામાં આવ્યો હતો, જેઓ તે સમયે ઉત્તરીકેલિફોર્નિયાના એસ્ટ્રોનોમિકલ એસોસિએશનના પ્રમુખ હતા. તેમનો ઉદ્દેશ્ય ખગોળશાસ્ત્રના વિશાળ ક્ષેત્રમાં સામાન્ય લોકોની રુચિ વધારવાનો હતો ખગોળશાસ્ત્ર દિવસ એ રાષ્ટ્રીય ખગોળશાસ્ત્ર સપ્તાહનો એક ભાગપણ છે.

પૃથ્વીની બહાર આપણા બ્રહ્માંડનો અભ્યાસ એસ્ટ્રોનોમી છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહો, તારાઓ અને ઘણું બધું વિશે આપણે જાણીએ છીએ તે બધું ખગોળશાસ્ત્રમાંથી આવે છે. ખગોળશાસ્ત્રીઓ આપણા બ્રહ્માંડને સમજવા માટે ગણિત, ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રનો ઉપયોગ કરે છે.

પ્રથમ આધુનિક ખગોળશાસ્ત્રી નિકોલસ કોપરનિકસ નામના પોલિશ વૈજ્ઞાનિક હતા. ખગોળશાસ્ત્રના પિતા તરીકે જાણીતા કોપરનિકસે 1532 માં પ્રસ્તાવ મૂક્યો હતો કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. જે લાંબા સમયથી માનવામાં આવતું હતું તેનાથી વિપરીત હતું - કે અવકાશમાં બધું પૃથ્વીની આસપાસ ફરે છે.સાચું હોવા છતાં, કોપરનિકસનો સિદ્ધાંત 1632 સુધી સાબિત થશે નહીં, જ્યારે ઇટાલિયન ખગોળશાસ્ત્રી ગેલિલિયો ગેલીલીએ સાબિત કર્યું કે ગ્રહો સૂર્યની આસપાસ ફરે છે. તેમણે ટેલિસ્કોપનો ઉપયોગ કરીને આ ક્રાંતિકારી શોધ કરી હતી, અને અવકાશનો અભ્યાસ કરવા માટે તેનો ઉપયોગ કરનાર પ્રથમ વ્યક્તિ હતા.

કોપરનિકસ અને ગેલિલિયો પછીની સદીઓમાં, ખગોળશાસ્ત્રીઓએ બ્લેક હોલથી ગુરુના ચંદ્ર સુધી અદ્ભુત શોધ કરવાનું ચાલુ રાખ્યું છે. તેઓએ કેટલાક અવિશ્વસનીય સિદ્ધાંતો પણ રજૂ કર્યા છે. સૌથી પ્રખ્યાત બિગ બેંગ થિયરી છે, જે માને છે કે આપણું બ્રહ્માંડ અબજો વર્ષો પહેલા એક જ ગરમ બિંદુના વિસ્ફોટથી શરૂ થયું હતું જે ત્યારથી વિસ્તરી રહ્યું છે. બીજો ડાર્ક એનર્જીનો સિદ્ધાંત છે, એક કાલ્પનિક પ્રકારની ઉર્જા જે ગુરુત્વાકર્ષણની વિરુદ્ધ વર્તે છે. જો સાચું હોય, તો તે સમજાવી શકે છે કે આપણું બ્રહ્માંડ આટલી ઝડપથી કેમ વિસ્તરી રહ્યું છે.

AMCની તિજોરી છલકાઈ

# 4 મહિનામાં રોડ પરથી દબાણો દૂર કરવા અને ગેર કાયદેસર વાહનોને દંડ ફટકારી 2.57 કરોડની વસૂલાત

**વસૂલાત** સમયગાળા દરમિયાન કુલ 6887 લારીઓ અને ગલ્લા દૂર કરવામાં આવ્યા છે

• અમદાવાદ



અમદાવાદ શહેરને દબાણમુક્ત કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા ગેરકાયદેસર દબાણોને હટાવવાની સઘન કાર્યવાહી કરવામાં આવે છે. રોડ પરના દવાણો દૂર કરી ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટેની 1 જાન્યુઆરી 2026થી 25 એપ્રિલ, 2026 દરમિયાન કામગીરી કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન કુલ 6887 લારીઓ અને ગલ્લા દૂર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત લગભગ 25089 ગેરકાયદેસર બોર્ડ, બેનરો અને હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા છે. ગેરકાયદેસર રીતે પાર્ક કરાયેલા વાહનો સામે કાર્યવાહી કરી કુલ 10598 વાહનોને દંડિત કરવામાં આવ્યા છે. તેમજ વિવિધ ઝોનમાંથી 49857 અન્ય પરચૂરણ માલ સામાન દૂર કરવામાં આવ્યા છે.

ઝોન પ્રમાણે ઉત્તર ઝોનમાં 1094 લારી-ગલ્લાઓ દૂર કરવામાં આવ્યા, જયારે દક્ષિણ ઝોનમાં 834, પૂર્વ ઝોનમાં 966, મધ્ય ઝોનમાં 1075, પશ્ચિમ ઝોનમાં સૌથી વધુ 1532, ઉત્તર પશ્ચિમમાં 873 અને દક્ષિણ પશ્ચિમ ઝોનમાં 513 લારીઓ-ગલ્લાઓ દૂર કરવામાં આવ્યા છે. ગેરકાયદેસર બોર્ડ, બેનર અને હોર્ડિંગ્સ દૂર કરવાની કામગીરીમાં પશ્ચિમ ઝોનમાં સૌથી વધુ 7911 હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા છે. તે સિવાય મધ્ય ઝોનમાં 3443, ઉત્તર ઝોનમાં 3441, પૂર્વ ઝોનમાં 3812, ઉત્તર પશ્ચિમ ઝોનમાં 2892, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં 1833 અને દક્ષિણ ઝોનમાં 1757 હોર્ડિંગ્સ દૂર કાવામાં આવ્યા છે.

આ ઉપરાંત ગેરકાયદેસર પાર્કિંગ સામે કડક કાર્યવાહી કરતા પૂર્વ ઝોનમાં સૌથી વધુ 2867 વાહનોને દંડિત કરવામાં આવ્યા, જયારે ઉત્તર પશ્ચિમ ઝોનમાં 1999, પશ્ચિમ ઝોનમાં 1882, મધ્ય ઝોનમાં 1332, ઉત્તર ઝોનમાં 1259, દક્ષિણ ઝોનમાં 831 અને દક્ષિણ પશ્ચિમ ઝોનમાં 428 વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ અન્ય પરચૂરણ માલ સામાનને દૂર કરવાની કામગીરીમાં પશ્ચિમ ઝોનમાં સૌથી વધુ 13349, મધ્ય ઝોનમાં 8878, ઉત્તર ઝોનમાં 7428, ઉત્તર પશ્ચિમ ઝોનમાં 6765, પૂર્વ ઝોનમાં 6336, દક્ષિણ ઝોનમાં 4258 અને દક્ષિણ પશ્ચિમ ઝોનમાં 2843 વસ્તુઓ દૂર કરવામાં આવી છે.આ સમગ્ર અભિયાન દરમિયાન AMC દ્વારા કુલ રૂ.2,57,26,570ની વસુલાત કરવામાં આવી છે. જેમાં ઉત્તર પશ્ચિમ ઝોનમાંથી સૌથી વધુ રૂ. 82,28,950, પશ્ચિમ ઝોનમાંથી રૂ. 38,22,000, પૂર્વ ઝોનમાંથી રૂ. 35,01,400, ઉત્તર ઝોનમાંથી રૂ. 31,05,570, દક્ષિણ ઝોનમાંથી રૂ. 24,11,350, મધ્ય ઝોનમાંથી રૂ. 23,11,300 અને દક્ષિણ પશ્ચિમ ઝોનમાંથી રૂ. 23,46,000ની વસુલાત નોંધાઈ છે.

# અમદાવાદ-મહેસાણા હાઈવે પર અજાણ્યા વાહને બેને કચડ્યા

### માર્ગ પર માંસના લોચા વિખેરાયા, છેલ્લા ત્રણ દિવસમાં અકસ્માતમાં 4 જિંદગી હોમાઈ

• ગાંધીનગર



30 એપ્રિલની મોડી રાત્રે કલોલના છત્રાલમાં પ્રેસ્ટિજ હોટલ પાસે હાઈવે ક્રોસ કરી રહેલા બે પરપ્રાંતિય શ્રમિકોને અજાણ્યો વાહન ચાલક કચડીને ફરાર થઈ જતાં બંનેના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા હતા. અંધારાને કારણે રોડ પર પટકાયેલા મૃતદેહો પરથી અન્ય વાહનો ફરી વળતા અત્યંત બિહામણા દ્રશ્યો સર્જાયા હતા. કલોલ તાલુકા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અકસ્માતનો ભોગ બનનાર બંને વ્યક્તિઓ મૂળ બિહારના બક્સર જિલ્લાના વતની હતા અને કડીના રાજપુર પાસે આવેલી સ્કોડા કંપનીની કોલોનીમાં મજૂરી કામ કરતા હતા. મૃતકોની ઓળખ 56 વર્ષીય ક્રિષ્ણા ચંદ્રદેવ ઠાકુર અને 53 વર્ષીય ધુપનારાયણ બદ્રી રજત તરીકે થઈ છે. રાત્રિના સમયે રસ્તો ઓળંગતી વખતે કોઈ અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે તેઓ માર્ગ પર ફેંકાયા હતા.સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અમદાવાદ-મહેસાણા હાઈવે હવે 'મોતનો માર્ગ' બની ગયો છે. છેલ્લા ત્રણ દિવસમાં આ ચોથી અકસ્માતની ઘટના છે, જેમાં કુલ ચાર લોકોએ જીવ ગુમાવ્યા છે. હાઈવે પર લાઈટો હોવા છતાં તે લાંબા સમયથી બંધ હોવાથી રાત્રે ઘોર અંધારું રહે છે. GRICL કંપની અને માર્ગ-મકાન વિભાગની નિષ્ક્રિયતાને કારણે રસ્તાઓ અત્યંત બિસ્માર હાલતમાં છે. હાઈવે પર વધતા જતા બ્લેક સ્પોટ, ગેરકાયદેસર કટ અને દબાણો અકસ્માત નોતરી રહ્યા હોવાના મુખ્ય કારણો જવાબદાર હોવાનું મનાય છે.ઘટનાની જાણ થતા જ છત્રાલ પોલીસ અને હાઈવે પેટ્રોલિંગની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે માર્ગ પરથી માનવ અવશેષો એકત્ર કરી ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે કલોલ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. હાલમાં ફરાર વાહન ચાલકને પકડવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે મનપા દ્વારા ગીત-સંગીતની જલસા સ્ટ્રીટનું આયોજન

• ગાંધીનગર

1લી મે ગુજરાત રાજ્યના સ્થાપના દિવસને યાદગાર બનાવવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નગરજનો માટે જલસા સ્ટ્રીટ કાર્યક્રમનું ફરી એકવાર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યુવા ગાયક કુશલ ગઢવી પોતાના અવાજથી ગાંધીનગરના મધ્યમાં આવેલા સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનને ગજવશે. આ ગ્રુપ વિવિધ વાદ્યો પર લોકપ્રિય ગીતોની ઈન્સ્ટ્રુમેન્ટલ રજૂઆત કરીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરશે. મનપા દ્વારા આ કાર્યક્રમને સંપૂર્ણપણે નિઃશુલ્ક રખાયો છે. ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે શુક્રવારે સવારે મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા શહેરના ''ઘ-5'' સર્કલ ખાતે આવેલ ગુજરાતના મૂકસેવક પૂજ્ય રવિશંકર મહારાજની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરાશે. ત્યારબાદ રાત્રે જલસા સ્ટ્રીટનો કાર્યક્રમ યોજાશે.શુક્રવારે રાત્રે 8.30 કલાકે શહેરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે આ કાર્યક્રમ ખુલ્લો મૂકવામાં આવશે. ગુજરાત સ્થાપના દિવસના ઉત્સાહમાં વધારો કરવા માટે મહાનગરપાલિકાએ આ વખતે પણ જલસા સ્ટ્રીટની થીમ પર ભાર મૂક્યો છે. આ કાર્યક્રમ પાટનગરના પરિવારો માટે એક એવું પ્લેટફોર્મ બનશે જ્યાં તેઓ રાજ્યના સ્થાપના પર્વને ગીત, સંગીત અને આનંદ સાથે ઉજવી શકશે.કુશલ ગઢવી પોતાની એનર્જેટિક પર્ફોર્મન્સ શૈલી માટે જાણીતા છે. અગાઉ સ્પિરિટ ઓફ ગાંધીનગર કાર્યક્રમમાં તેમણે ગાંધીનગરવાસીઓને ઝુમાવ્યા હતા, ત્યારે ફરી એકવાર તેઓ લોકપ્રિય ગીતોની રમઝટ બોલાવશે. આ ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા સ્થાનિક કલાકારોને પ્લેટફોર્મ આપવાની પરંપરા આ વખતે પણ જળવાઈ રહી છે. આ કાર્યક્રમના પ્રારંભમાં ગાંધીનગરના જ ટેલેન્ટેડ બાળકલાકારોનું ગ્રુપ અર્બન મ્યુઝિશિયન પોતાની કલાનું પ્રદર્શન કરશે. આ ગ્રુપ વિવિધ વાદ્યો પર લોકપ્રિય ગીતોની ઈન્સ્ટ્રુમેન્ટલ રજૂઆત કરીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરશે. મનપા દ્વારા આ કાર્યક્રમને સંપૂર્ણપણે નિઃશુલ્ક રખાયો છે.

# રાહી ફાઉન્ડેશન, ગ્રેટ વેવ ટ્રસ્ટ દ્વારા બે શાળાને લાઇબ્રેરી:અમદાવાદના નવાપુર, પીપણની શાળાઓને 325 બાળ સાહિત્ય પુસ્તકો ભેટ




• અમદાવાદ

રાહી ફાઉન્ડેશન અને ગ્રેટ વેવ ટ્રસ્ટ દ્વારા અમદાવાદ જિલ્લાના અંતરિયાળ ગામો નવાપુર અને પિંપણની પ્રાથમિક શાળાઓને 325 બાળ સાહિત્યના પુસ્તકોની લાઈબ્રેરી ભેટ આપવામાં આવી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓના બૌદ્ધિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. નવાપુર પ્રાથમિક શાળા 123 વર્ષથી કાર્યરત છે, જ્યારે પિંપણ પ્રાથમિક શાળા 87 વર્ષથી સેવા આપી રહી છે. આ બંને શાળાઓમાં કુલ 600થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ પ્રસંગે રાહી ફાઉન્ડેશન તરફથી જયેશ પરીખ, નિહારિકા પરીખ, સ્નેહા શાહ અને અનિલભાઈ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંકલન નિકિતા સોની દ્વારા કરવામાં આવ્યું હતું, જેઓ બાળકો માટે ગીતા પઠનનું કાર્ય પણ કરે છે.

વાહનોનો આંકડો જોઈ જાતે બદલાશે લાઈટ; નિયમ તોડનારાના ઘરે સીધો પહોંચશે મેમો

# ગાંધીનગરના આઈકોનિક રોડ પર AIની એન્ટ્રી પંચેશ્વર સર્કલ ખાતે રાજ્યનું પહેલું સ્માર્ટ સિગ્નલ શરૂ

• ગાંધીનગર

રાજ્યના પાટનગરને ખરા અર્થમાં 'સ્માર્ટ સિટી' બનાવવાની દિશામાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) દ્વારા એક ક્રાંતિકારી કદમ ઉઠાવવામાં આવ્યું છે. શહેરના ભાઈજીપુરા બ્રિજથી PDEU અને ગિફ્ટ સિટીને જોડતા આઈકોનિક માર્ગ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત અત્યાધુનિક ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મેટ્રો બ્રિજ નીચે આવેલા હેપ્પીનેસ સર્કલ (પંચમેશ્વર સર્કલ) ખાતે કાર્યરત આ સિસ્ટમ ગુજરાતની પ્રથમ હાઈ-ટેક ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ છે.

**સમય અને ઈંધણની થશે બચત**

સામાન્ય રીતે ટ્રાફિક સિગ્નલો ફિક્સ ટાઈમર પર ચાલતા હોય છે, જેના કારણે ટ્રાફિક ન હોય તો પણ વાહનચાલકોએ લાલ લાઈટ પર ઊભા રહેવું પડે છે. પરંતુ આ નવી AI સિસ્ટમ હાઈ-ટેક કેમેરા અને સેન્સર્સની મદદથી વાહનોની લાઈવ સંખ્યાનું નિરીક્ષણ કરે છે. જે રસ્તા પર ટ્રાફિક વધુ હોય ત્યાં આપમેળે 'ગ્રીન લાઈટ'નો સમય વધારી દે છે અને ખાલી રસ્તા પર 'રેડ લાઈટ' કરી દે છે. આનાથી નાગરિકોનો કિંમતી સમય બચશે અને ઈંધણનો બગાડ અટકશે.

આ સિસ્ટમ માત્ર ટ્રાફિક હળવો કરવા પૂરતી સીમિત નથી, પરંતુ ટ્રાફિક શિસ્ત જાળવવામાં પણ પાયારૂપ સાબિત થશે. જો કોઈ વાહનચાલક સિગ્નલ તોડશે કે નિયમ ભંગ કરશે, તો સ્માર્ટ કેમેરા તુરંત જ તેને ડિટેક્ટ કરી લેશે. વીડિયો આઉટપુટ કંટ્રોલ (VOC) ની મદદથી વાહન માલિકની ઓળખ કરી ઓટોમેટિક દંડનો મેમો સીધો જ તેમના ઘરે પહોંચાડી દેવામાં આવશે. આ વ્યવસ્થાથી પોલીસની ગેરહાજરીમાં પણ 24 કલાક સુરક્ષા અને નિયમન શક્ય બનશે.

આ સિસ્ટમની સૌથી મોટી ખાસિયત એ છે કે, તે એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડ જેવા ઈમરજન્સી વાહનોને ઓળખી લે છે. જ્યારે આવા વાહનો સિગ્નલ પર આવશે, ત્યારે સિસ્ટમ તેને પ્રાધાન્ય આપીને આપમેળે ગ્રીન કોરિડોર પૂરો પાડશે, જેથી કિંમતી જિંદગીઓ બચાવી શકાય.

**SWARCO ITC-3 કંટ્રોલર:** રિયલ-ટાઈમમાં ટ્રાફિકનું વિશ્લેષણ કરી સિગ્નલ કંટ્રોલ કરે છે.

**FLIR TrafiCam AI કેમેરા:** 24 અલગ-અલગ ઝોનમાં વાહનો અને રાહદારીઓની હિલચાલ પર સચોટ નજર રાખે છે.

**LED કેન્ટિલિવર પોલ્સ:** રાજ્યમાં પહેલીવાર વપરાયેલા આ સ્પેશિયલ પોલ્સ રાત્રિના સમયે અને ખરાબ હવામાનમાં પણ દૂરથી સ્પષ્ટ દેખાય છે, જે અકસ્માત ઘટાડવામાં મદદરૂપ થશે.

ગાંધીનગર મહાનગરપાલિકાનું આ આધુનિક મોડલ આગામી સમયમાં શહેરના અન્ય વ્યસ્ત જંક્શન માટે પણ પથદર્શક બની રહેશે, જેનાથી સમગ્ર શહેરની ટ્રાફિક વ્યવસ્થા વધુ સ્માર્ટ અને સુરક્ષિત બનશે.

# સુરત SBI 50 લાખ લૂંટ કેસમાં પોલીસને મહત્વની લીડ મળી

## લૂંટારૂઓ 1 મહિનાથી ઉધનામાં નાની રૂમમાં ભાડે રહ્યાં, 17 દિવસ રેકી કરી

• સુરત

સુરતના વરાછા વિસ્તારમાં એલ.એચ. રોડ સ્થિતિ એસબીઆઇ બેંકમાં 27 એપ્રિલ સોમવારે ભરબપોરે હથિયારધારી 7 શખ્સોએ રોકડ 50 લાખની લૂંટ કરી હતી, ત્યારે આ લૂંટ કેસમાં પોલીસને લૂંટારૂઓને પકડવા માટે એક મહત્વની લીડ મળી હોવાનું જાણવા મળ્યું છે. આરોપીઓ ઉધનાના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં નાની રૂમમાં એક મહિનાથી વધુ સમય રહ્યા હોવાની શક્યતા છે. ઉલ્લેકનીય છે કે, હાલ પોલીસ છેલ્લા ચાર દિવસથી ખુલ્લા ચહેરા સાથે બેંક લૂંટનાર આરોપીઓને શોધી રહી છે, ત્યારે માત્ર એક કડી હાથ લાગતા ટૂંક સમયમાં આ લૂંટનો ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.




મળતી માહિતી પ્રમાણે, પોલીસ દ્વારા આ ટોકળીને સીસીટીવી ફૂટેજના આધારે ટ્રેક કરતા તેઓ ત્રણ બાઈક પર મોરાભાગળ તરફથી આવતા હોવાનું તથા સરથાણા શ્યામધામથી વાલક જંક્શન થઈ ઉંમરા વેલંજા તરફ જતાં ટ્રેક થયા હતાં. સીસીટીવી કેમેરાના આધારે પોલીસની તપાસ સાયણ સુધી પહોંચી હતી. જ્યારે અન્ય એક ટીમ સીસીટીવીની ઊલટ તપાસ કરી રહી હતી. આ દરમિયાન એક લીડ મળી હતી કે, આ લૂંટારૂઓ ઉધનાના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં રહેતા હોવાની જાણકારી મળી હતી.પોલીસે આ મામલે તપાસ કરતા તમામ આરોપીઓ એક નાની રૂમમાં એક સાથે ભાડે રહેતા હતા. છેલ્લા એક મહિના કરતા વધુ સમયથી અહીં ભાડે રહેતા હતા. આ સાથે જ છેલ્લા 17 દિવસથી વરાછા વિસ્તારમાં આવેલી એસબીઆઇ બેંકની રેકી કરી હોવાની આશંકા સેવવામાં આવી રહી છે. આ સાથે જ હજારો કિલોમીટર દૂરથી સુરતમાં માત્ર બેંક લૂંટવા આવ્યા હોય તે પ્રકારની પણ શક્યતા હોવાની દિશામાં તપાસ કરવામાં આવી રહી છે.

શહેર પોલીસની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનેલી આ બેંક રોબરીનો ભેદ ઉકેલવા ક્રાઈમ બ્રાન્ચનાં પાંચ પીઆઈ અને 10 પીએસઆઈની ટીમ રાઉન્ડ ધી ક્લોક સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. આ લૂંટારૂઓને ઝડપી પાડવા પોલીસ હાઈટેક ટેકનોલોજીનો ઉપયોગ કરી CCTV ફૂટેજમાંથી તેમના સ્પષ્ટ ફોટા પણ કાઢ્યા છે. આ ફોટોગ્રાફ ઉત્તર ભારતનાં તમામ રાજ્યોની પોલીસને તેનું સ્કેનિંગ કરવા માટે મોકલી આપ્યા હતા. આ સાથે જ લૂંટારૂઓ બેંક સુધી આવ્યા અને લૂંટ કરી ભાગ્યા તે દિશામાં સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવી રહ્યા છે.

વધુ સીસીટીવી કેમેરા ચેક કરવાની સાથે જ પોલીસ તપાસમાં કેટલીક મહત્વની લીડ મળી હતી. આ લીડને ફોલો કરતા કરતા પોલીસે લૂંટારૂઓ ક્યાં રોકાયા હતા તે સ્થળ શોધી કાઢ્યું હોવાનું જાણવા મળ્યું છે. લૂંટારૂ ટોળકીના આશ્રયસ્થાન તથા આસપાસમાં કરાયેલી તપાસમાં તેઓની ઓળખ પ્રસ્થાપિત કરી શકાય એવી મહત્વની કડી પોલીસે મેળવી હોવાની માહિતી મળી રહી છે. મહત્વની કડીના આધારે ક્રાઈમ બ્રાન્ચ ટૂંક સમયમાં જ લૂંટારૂઓ સુધી પહોંચશે એવો આશાવાદ સૂત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

સુરતના વરાછા વિસ્તારમાં આવેલા લંબે હનુમાન રોડ પરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) શાખામાં આજે દિવસદહાડે હથિયારધારી લૂંટારૂઓ ત્રાટક્યા હતા. 5થી 6 જેટલા લૂંટારૂઓએ પિસ્તોલની અણીએ બેંક કર્મચારીઓને બંધક બનાવી અંદાજે 50 લાખ રૂપિયાની રોકડ લૂંટી લીધી હતી. બેંકમાં ચાલતી કેશ ડિપોઝિટની કામગીરીના સમયે જ લૂંટારૂઓ ચોરીને અંજામ આપીને ફરાર થઈ ગયા હતા. આ ઘટનાના CCTV પણ સામે આવ્યા

**સુરતના નવા મેયર કોણ?,** ભાજપના ત્રણ નિરીક્ષકો સેન્સ લેશે

# ધારાસભ્યો અને સાંસદો સાથે ચર્ચાઓ, જે રેસમાં છે તેને લોબિંગ શરૂ કરી દીધું; શું પાટીદાર મહિલા બાજી મારશે?

## પ્રદેશ ભાજપ હાઈકમાન્ડ દ્વારા સુરત મનપાના આગામી સુકાનીઓ નક્કી કરવા માટે નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી છે

• સુરત

સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ મેળવેલા ઐતિહાસિક વિજય બાદ હવે શહેરના સર્વોચ્ચ પદ એવા મેયર, ડેપ્યુટી મેયર અને અન્ય મહત્વની સમિતિઓના પદાધિકારીઓની પસંદગીની ઘડીઓ ગણાઈ રહી છે. પ્રદેશ ભાજપ હાઈકમાન્ડ દ્વારા સુરત મનપાના આગામી સુકાનીઓ નક્કી કરવા માટે નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી છે. જે અંતર્ગત શનિવારે તા.2 મેના રોજ પ્રદેશ ભાજપના ત્રણ દિગ્ગજ નિરીક્ષકો સુરતની મુલાકાતે આવશે. આ નિરીક્ષકો સ્થાનિક અગ્રણીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે સીધો સંવાદ કરીને તેમના અભિપ્રાયો મેળવશે, જેના આધારે પક્ષના મોવડી મંડળ સમક્ષ રિપોર્ટ રજૂ કરવામાં આવશે. મળતી વિગતો અનુસાર, પ્રદેશ ભાજપ દ્વારા સુરત મનપાના પદાધિકારીઓની પસંદગી માટે ત્રણ સભ્યોની નિરીક્ષક ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ ટીમમાં શબ્દશરણ બ્રહ્મભટ્ટ, જાનવીબેન વ્યાસ અને જુગલ રાવલનો સમાવેશ થાય છે. આ ત્રણેય નિરીક્ષકો આવતીકાલે સુરત ભાજપના મુખ્ય કાર્યાલય ખાતે હાજર રહેશે. ભાજપમાં પદાધિકારીઓની નિમણૂક પહેલાં 'સેન્સ' લેવાની પરંપરા રહી છે, જેથી પક્ષમાં આંતરિક લોકશાહી જળવાઈ રહે અને સર્વસંમત ઉમેદવારની પસંદગી થઈ શકે. આ પ્રક્રિયા દરમિયાન નિરીક્ષકો દરેક પાસાઓની તપાસ કરશે અને નેતૃત્વ કરી શકે તેવા સક્ષમ ચહેરાઓની યાદી તૈયાર કરશે.




આવતીકાલે યોજાનારી આ સેન્સ પ્રક્રિયામાં માત્ર નવા ચૂંટાયેલા કોર્પોરેટરો જ નહીં, પરંતુ સુરત શહેરના તમામ ધારાસભ્યો, સાંસદો અને સંગઠનના વિવિધ હોદ્દેદારોની પણ રજૂઆત સાંભળવામાં આવશે. દરેક પક્ષના આગેવાનો પોતાના મનગમતા અને શહેરના વિકાસને વેગ આપી શકે તેવા નામો સૂચવશે. ભાજપના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, મેયર પદ માટે આ વખતે પણ પ્રદેશ કક્ષાએથી નક્કી કરેલા માપદંડોને ધ્યાનમાં રાખવામાં આવશે. આ સાથે જ ડેપ્યુટી મેયર, સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી)ના ચેરમેન, શાસક પક્ષના નેતા અને દંડક જેવા મહત્વના પદો માટે પણ ગંભીર વિચારણા કરવામાં આવશે.

સુરત મનપાની ગત ચૂંટણીઓમાં જે રીતે ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, તે જ તર્જ પર હવે શાસક પક્ષના પદાધિકારીઓ માટેની કવાયત હાથ ધરાઈ છે. મેયર પદ માટે હાલમાં અનેક નામો ચર્ચાઈ રહ્યા છે, જેમાં અનુભવી કોર્પોરેટરોની સાથે નવા અને ભણેલા-ગણેલા ચહેરાઓને સ્થાન મળે તેવી પણ શક્યતા છે. પક્ષના નિરીક્ષકો ખાસ કરીને જે-તે વિસ્તારનું જાતિગત સમીકરણ અને વહીવટી અનુભવને પ્રાધાન્ય આપશે. ખાસ કરીને સ્થાયી સમિતિના ચેરમેન પદ માટે નાણાકીય બાબતોના જાણકાર અને વહીવટી પકડ ધરાવતા સભ્યની પસંદગી પર ભાર મૂકવામાં આવશે.ભાજપના નિરીક્ષકોના આગમનને પગલે સુરતના રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. જે કોર્પોરેટરો રેસમાં છે તેઓએ અત્યારથી જ લોબિંગ શરૂ કરી દીધું છે. આવતીકાલે યોજાનારી બેઠક બાદ નિરીક્ષકો પોતાનો સીલબંધ રિપોર્ટ ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરશે. અંતિમ મંજૂરી બાદ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. સુરતના સર્વાંગી વિકાસ માટે કયો નવો ચહેરો મેયર તરીકે આવશે અને કોના શિરે સુરતની જવાબદારી સોંપવામાં આવશે, તેના પર સૌની મીટ મંડાયેલી છે. આવતીકાલની સેન્સ પ્રક્રિયા સુરત મનપાના આગામી અઢી વર્ષના ભાવિનો રોડમેપ તૈયાર કરશે. સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામોએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે સુરત ભાજપનો અજેય ગઢ છે. 120માંથી 115 બેઠકો જીતીને ભાજપે વિપક્ષના સૂપડા સાફ કરી દીધા છે. પરંતુ હવે ખરો ખેલ શરૂ થયો છે 'મેયર' પદ માટે. આ વખતે મેયર પદ 'જનરલ મહિલા' માટે અનામત હોવાથી અનેક નામો ચર્ચામાં છે. ખાસ કરીને વરાછા અને કતારગામ જેવા પાટીદાર બહુલ વિસ્તારોમાં ભાજપના શાનદાર પ્રદર્શનને જોતા પાટીદાર મહિલાને મેયર બનાવવાની પ્રબળ શક્યતા સેવાઈ રહી છે. જોકે, દક્ષિણ ગુજરાતના સ્થાનિક 'સુરતી' અને 'પરપ્રાંતીય' મતોને સાચવવા ભાજપ હાઈકમાન્ડ માટે આ નિર્ણય લોઢાના ચણા ચાવવા જેવો સાબિત થશે.વરાછા અને પુના વિસ્તારમાં જે રીતે ભાજપે આ વખતે ક્લીન સ્વીપ કર્યું છે, તે જોતા પાટીદાર સમાજને અન્યાય ન થાય તે માટે પાર્ટી ગંભીરતાથી વિચારી રહી છે. ગત ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનો જે દબદબો હતો તેને આ વખતે ભાજપે તોડી પાડ્યો છે. આ વિજયના ઈનામ તરીકે પાટીદાર મહિલા ચહેરાને મેયર પદ મળી શકે છે. જેમાં ઉર્વશી પટેલ, કાવ્યા પટેલ અને જયશ્રી વરિયાના નામો સૌથી મોખરે છે. પાર્ટીના આંતરિક સૂત્રો મુજબ, જો પાટીદાર ચહેરાને મેયર બનાવવામાં આવે તો અન્ય મહત્વના પદો પર 'સુરતી' અથવા 'પરપ્રાંતીય' સભ્યોને સ્થાન આપી સંતુલન જાળવવામાં આવશે.સુરત એક એવું શહેર છે જ્યાં ભાષા અને પ્રાંતનું વૈવિધ્ય જોવા મળે છે. આ વખતે મેયર પદ માટે સુરતી અને નોન- સુરતી વચ્ચે કાંટે કી ટક્કર છે. જો ભાજપ 'સુરતી કાર્ડ' રમે તો નેન્સી શાહ, પ્રતિભા દેસાઈ, મનીષા આહીર અને ડિમ્પલ કાપડિયા, જયશ્રી વરિયા રેસમાં સૌથી આગળ છે. આ મહિલા કોર્પોરેટરો પાસે સંગઠનનો બહોળો અનુભવ છે.

# બાલાજી વેફર્સનો 'મૌકે પે ચોકા', 'ઝાલમુરી' પ્રોડક્ટ લોન્ચ કરી

## બંગાળમાં પીએમ મોદીએ સ્વાદ માણ્યો ને દેશભરમાં ચર્ચા, MD ચંદુભાઈ વિરાણીએ કહ્યું, બંગાળમાં પણ નવો પ્લાન્ટ શરૂ કરીશું

• રાજકોટ

રાજકોટની પ્રખ્યાત નમકીન કંપની બાલાજી વેફર્સ ફરી એકવાર તેની સચોટ બિઝનેસ વ્યૂહરચનાને કારણે ચર્ચામાં છે. પશ્ચિમ બંગાળના ચૂંટણી પ્રચાર દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્યાંની પ્રખ્યાત 'ઝાલમુરી'નો સ્વાદ માણ્યો હતો, તેને હવે બાલાજીએ પ્રોડક્ટ તરીકે માર્કેટમાં ઉતારી દીધી છે.કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ચંદુભાઈ વિરાણી જણાવે છે કે 'ગુજરાતીઓ છીએ અને સમય પારખીને 'મૌકે પે ચોકા' મારવા માટે જાણીતા છીએ. પ્રધાનમંત્રીએ જ્યારે બંગાળમાં ઝાલ મૂળી ખાધી ત્યારે



તે ખૂબ ચર્ચામાં આવી. આ તકનો લાભ લઈને અમે ઓછા સમયમાં અને સરળ માર્કેટિંગ સાથે 5 અને 10ની કિંમતમાં આ પ્રોડક્ટ લોન્ચ કરી છે.ઘણા લોકોને પ્રશ્ન થાય કે આ પ્રોડક્ટ શેમાંથી બને છે? ચંદુભાઈએ તેની વિગતો આપતા જણાવ્યું કે, ચોખાના મમરા, સેવ, સીંગદાણા અને લીમડાનો ઉપયોગ કરવામાં આવે છે. લીંબુના ફૂલ અને ખાસ મસાલાનો ઉપયોગ કરીને તેને એક પ્રકારની 'સૂકી ભેળ' જેવો સ્વાદ આપવામાં આવ્યો છે. બંગાળમાં આ વાનગી ખૂબ જ લોકપ્રિય છે.ચંદુભાઈ વિરાણીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આપણા ગુજરાતી નેતા આજે આખા દેશના બ્રાન્ડ એમ્બેસેડર સમાન છે. અમે પહેલા જ્યારે ગુજરાત બહાર રાજ્યમાં જતા તો લોકો કહેતા મોદીના ગુજરાતથી આવ્યા છો, આજે જ્યારે બીજા દેશમાં જાય તો ત્યાં લોકો આજે એમ કહે છે મોદીના દેશમાંથી આવ્યા છો. માટે એ આપણા લોકપ્રિય નેતા નાનામાં નાના માનવીની ચિંતા કરી છેવાડાના માનવી સુધી પહોંચવા કામ કરે છે. એ જ રીતે અમે પણ નાનામાં નાના માણસ સુધી પહોંચવા પ્રયત્ન કર્યો છે.આજે ચંદુભાઈ અને તેમના પરિવારની નવી પેઢી નવી ટેકનોલોજી અને માર્કેટિંગ સ્ટ્રેટેજી દ્વારા બાલાજી વેફર્સને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યા છે. 'ઝાલમુરી'નું લોન્ચિંગ એ સાબિત કરે છે કે વડાપ્રધાન જેવો મોટો ચહેરો જ્યારે કોઈ સ્થાનિક ચીજને પ્રોત્સાહન આપે, ત્યારે એક ચતુર ઉદ્યોગસાહસિક તેને કેવી રીતે વૈશ્વિક તકમાં બદલી શકે છે.

# જહાંગીરપુરામાં પૂરઝડપે આવતી લક્ઝરી કારે ફૂડ ડિલિવરી બોયને ઉડાવ્યો

## ઘટનાસ્થળે જ કરૂણ મોત, વોક્સવેગન કારની ટક્કરથી મોપેડના ફુરચા ઉડી ગયા

• સુરત

સુરત શહેરમાં બેફામ દોડતા વાહનો જાણે નિર્દોષ નાગરિકો માટે કાળ બની રહ્યા છે. સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં ગત સાંજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. નાયરા પેટ્રોલ પંપ પાસે પૂરઝડપે આવી રહેલી એક લક્ઝરી વોક્સવેગન કારે એક્સેસ મોપેડ સવાર યુવાનને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં યુવાનનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, રાંદેર વિસ્તારમાં રહેતા 65 વર્ષીય મહેફૂઝઅહમદ મુમતાજ શેખનો 33 વર્ષીય પુત્ર ઉમેર શેખ (મૃતક) રાબેતા મુજબ પોતાની એક્સેસ મોપેડ પર ફૂડ ડિલિવરી આપવા માટે નીકળ્યો હતો. ગત રોજ સાંજના સુમારે જ્યારે તે જહાંગીરપુરા શહેરી આરોગ્ય કેન્દ્ર પાસેના ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે કાળ બનીને આવેલી એક કારે તેને અડફેટે લીધો હતો. આ અકસ્માતને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

ઘટનાની વિગત એવી છે કે, એક સફેદ રંગની વોક્સવેગન ટાઈગન કાર (GJ-05-JT-3737)ના ચાલકે પોતાનું વાહન અત્યંત ગફલતભરી રીતે હંકારી ઉમેરની મોપેડને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતની તીવ્રતા એટલી ભયંકર હતી કે કારની ટક્કર વાગતા જ મોપેડના ફુરચા ઉડી ગયા હતા અને ઉમેર રોડ પર જોરદાર રીતે ફંગોળાયો હતો. તેને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી અને લોહીલુહાણ હાલતમાં તેણે ત્યાં જ દમ તોડ્યો હતો.અકસ્માત સર્જાયા બાદ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. જોકે, આ ભીડનો લાભ ઉઠાવી આરોપી કાર ચાલક પોતાની ગાડી મૂકીને નાસી છૂટ્યો હતો. આ સમગ્ર મામલે મૃતક યુવાનના પિતા મહેફૂઝઅહમદ શેખે જહાંગીરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે કાર ચાલક વિરુદ્ધ બેદરકારીથી વાહન ચલાવી મોત નીપજાવવા બદલ ગુનો નોંધ્યો છે.જહાંગીરપુરા પોલીસે અકસ્માત સ્થળ અને કારના નંબરના આધારે તેના માલિક અને ચાલકની ઓળખ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. શહેરમાં મોડી સાંજે બેફામ દોડતા કાર ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે એવી લોકમાંગ ઉઠી છે. એક આશાસ્પદ યુવાનના મોતથી રાંદેર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

## રાશીફળ (તા.02-05-2026)

**મેષ (અ.લ.ઈ)** આવતીકાલનો દિવસ તમારા માટે ઉત્સાહજનક રહેશે. કાર્યક્ષેત્રમાં નવી તકો મળી શકે છે. જોકે, ગુસ્સા પર નિયંત્રણ રાખવું જરૂરી છે, નહીંતર બનેલા કામ બગડી શકે છે.

**વૃષભ (બ.વ.ઉ)** આર્થિક રીતે દિવસ લાભદાયી રહેશે. અટકેલા નાણાં પરત મળી શકે છે. પરિવારમાં કોઈ શુભ પ્રસંગનું આયોજન થવાની શક્યતા છે. સ્વાસ્થ્ય સારું રહેશે.

**મિથુન (ક.છ.ઘ)** માનસિક શાંતિ જળવાઈ રહેશે. મિત્રો સાથે મુલાકાતથી મન પ્રસન્ન થશે. વેપારમાં નવી ભાગીદારી માટે યોગ્ય સમય છે. સંતાન પક્ષે ખુશી મળશે.

**કર્ક (ડ.હ)** કામનું ભારણ વધુ રહી શકે છે, જેના કારણે થોડો થાક અનુભવાય. ઉતાવળમાં કોઈ પણ મોટો નિર્ણય ન લેવો. આધ્યાત્મિકતા તરફ ઝુકાવ વધશે.

**સિંહ (મ.ટ)** તમારો આત્મવિશ્વાસ વધશે. નોકરીમાં પ્રમોશન અથવા માન-સન્માન મળવાના યોગ છે. લાંબા સમયથી ચાલી આવતી સમસ્યાઓનો ઉકેલ આવશે.

**કન્યા (પ.ઠ.ણ)** ખર્ચ પર કાબૂ રાખવો જરૂરી છે. વાણીમાં સંયમ રાખવો, નહીંતર નજીકના લોકો સાથે વિવાદ થઈ શકે છે. વિદ્યાર્થીઓ માટે મહેનત કરવાનો દિવસ છે.

**તુલા (ર.ત)** દિવસ આનંદદાયક રહેશે. જીવનસાથી સાથેના સંબંધો મજબૂત બનશે. નવી વસ્તુની ખરીદીના યોગ છે. સામાજિક કાર્યોમાં તમારી રુચિ વધશે.

**વૃશ્ચિક (ન.ય.)** કોર્ટ-કચેરીના કામમાં સફળતા મળી શકે છે. વિરોધીઓ પરાસ્ત થશે. વેપારમાં વૃદ્ધિ થશે, પરંતુ ઉધાર વ્યવહાર કરવાનું ટાળવું.

**ધન (ભ.ધ.ફ.ઢ)** ભાગ્યનો સાથ મળશે. સંતાનોની પ્રગતિ જોઈને મન ખુશ થશે. લાંબી મુસાફરીના યોગ બની રહ્યા છે. ભાઈ-બહેનોનો સહયોગ મળશે.

**મકર (ખ.જ)** જમીન કે મકાનને લગતા કાર્યોમાં સાવધાની રાખવી. માતાના સ્વાસ્થ્યની ચિંતા રહી શકે છે. કાર્યસ્થળ પર સહકર્મીઓ સાથે તાલમેલ જાળવી રાખવો.

**કુંભ (ગ.શ.સ.ષ)** નવા સાહસ માટે ઉત્તમ દિવસ છે. તમારી આવકમાં વધારો થશે. ભાઈઓ તરફથી મદદ મળશે. ટૂંકા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**મીન (દ.ચ.ઝ.થ)** પરિવારમાં સુખ-શાંતિ રહેશે. સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી શકશો. રોકાણ કરવા માટે દિવસ અનુકૂળ છે. જૂના રોગોમાં રાહત જણાય.

# પેપ્સી આપવાના બહાને 11 વર્ષની બાળકીની છેડતી કરિયાણાની દુકાનમાં બોલાવી દુકાનદારે અડપલાં કર્યાં

## સચિન GIDCમાં આરોપીની દુકાન સામે સ્થાનિકોનો હોબાળો

• સુરત

સુરતમાં મહિલાઓ અને બાળકીઓ વિરુદ્ધના ગુનાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. સચિન GIDC પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કનસાડ રોડ પર એક શરમજનક ઘટના સામે આવી છે. ગોકુલધામ સોસાયટીમાં કરિયાણાની દુકાન ચલાવતા 47 વર્ષીય પ્રભુલાલ માલીએ 11 વર્ષની માસૂમ બાળકી સાથે છેડતી કરતા સમગ્ર વિસ્તારમાં રોષ ફેલાયો છે. ઘટનાના પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો, લોકોએ આરોપીની દુકાન ની બહાર એકત્ર થઈ વિરોધ નોધાવ્યો હતો.30 એપ્રિલે ગુરુવારે સવારે આશરે 11 વાગ્યે, 11 વર્ષની બાળકી પ્રભુલાલની દુકાને પાવડર લેવા ગઈ હતી. પાવડર લીધા બાદ બાળકીએ બાજુની આઈસ્ક્રીમની દુકાનમાં પેપ્સી વિશે પૂછપરછ કરી હતી. તે સમયે દુકાનમાં અન્ય કોઈ ગ્રાહક ન હોવાથી, આરોપીએ બાળકીને લાલચ આપી કે, 'પેપ્સી અંદર ફ્રીજમાં છે, તું જાતે લઈ લે.' માસૂમ બાળકી જેવી દુકાનની અંદર ફ્રીજ પાસે પહોંચી, આરોપીએ તેની સાથે અડપલાં કરવાનું શરૂ કર્યું. એટલું જ નહીં બાળકીના છાતીના ભાગે હાથ ફેરવી અડપલાં કરતા હેબતાઈ ગઈ હતી. બાળકી હિંમત દાખવી નરાધમની પકડમાંથી છૂટીને સીધી ઘરે ભાગી હતી અને રડતા રડતા પોતાની માતાને આપવીતી જણાવી હતી.



ઘટનાની જાણ થતા જ ગોકુલધામ સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં દુકાન બહાર એકઠા થઈ ગયા હતા. સ્થાનિક મહિલાઓએ ભારે રોષ વ્યકત કરતા જણાવ્યું હતું કે આવા નરાધમોનું તો મોઢું કાળું કરવું જોઈએ જેથી સમાજમાં દાખલો બેસે. આજે એક બાળકી સાથે થયું, કાલે બીજી દીકરીઓ સાથે પણ થઈ શકે. અમને આવો માણસ સોસાયટીમાં નથી જોઈતો.

આ સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ફૂટેજમાં આરોપી બાળકી સાથે છેડતી કરતો સ્પષ્ટપણે દેખાઈ આવતા પોલીસ માટે તે મહત્વનો પુરાવો સાબિત થયો છે. 47 વર્ષીય આધેડ વ્યક્તિએ પોતાની દીકરી સમાન બાળકી સાથે કરેલું આ કૃત્ય જાણીને લોકોમાં ધૃણા ફેલાઈ છે.

પોલીસે આરોપી પ્રભુલાલની ધરપકડ કરી સચિન GIDC પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આરોપી પ્રભુલાલ માલીની ધરપકડ કરી લીધી છે. તેની વિરુદ્ધ પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પરંતુ આ ઘટનાએ ફરી એકવાર શહેરના સ્થાનિક વિસ્તારોમાં બાળકીઓની સુરક્ષા સામે સવાલો ઊભા કર્યા છે.

# નાસ્તાની લારી પર અચાનક વૃક્ષ પડતા અફરાતફરી વૃદ્ધ દબાઈ જતા માથામાં પાંચ ટાંકા આવ્યા



• સુરત

સુરત શહેરના અમરોલી વિસ્તારમાં આવેલા કોસાડ ગામ ગાર્ડન પાસે આજે એક દુર્ઘટના સર્જાઈ હતી. વર્ષો જૂનું એક વિશાળ વૃક્ષ અચાનક ધરાશાયી થતાં નાસ્તાની લારી ચલાવતા એક વ્યક્તિ તેના નીચે દબાયા હતા. આ દુર્ઘટનામાં ગંભીર ઈજા પહોંચતા યુવકને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેના માથાના ભાગે 5 જેટલા ટાંકા આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.મળતી વિગતો મુજબ, અમરોલીના કોસાડ ગામ ગાર્ડન બહાર સાદિકભાઈ પોતાની નાસ્તાની લારી પર ઉભા હતા. આ દરમિયાન, વર્ષો જૂનું એક વટવૃક્ષ અચાનક લારી પર પડ્યું હતું. સાદિકભાઈ કઈ સમજે તે પહેલાં જ વૃક્ષ નીચે દબાઈ જતાં આસપાસના લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિકોએ તાત્કાલિક એકઠા થઈ સાદિકભાઈને બહાર કાઢ્યા હતા અને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડ્યા હતા. તબીબોના જણાવ્યા મુજબ, તેમને માથાના ભાગે ગંભીર ઈજા થતા 5 ટાંકા લેવા પડ્યા છે.વૃક્ષ એટલું વિશાળ હતું કે તેની લપેટમાં બાજુમાં આવેલો વીજળીનો પોલ પણ આવી ગયો હતો. ઝાડ પડતાની સાથે જ GEBનો વીજ પણ ધરાશાયી થયો હતો, જેને કારણે આસપાસના વિસ્તારનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. સદનસીબે, જ્યારે વીજ પોલ પડ્યો ત્યારે ત્યાંથી કોઈ પસાર થતું ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયરના જવાનોએ વુડ કટરની મદદથી વિશાળ વૃક્ષની ડાળીઓને કાપી રસ્તા પરથી દૂર કરી હતી. અંદાજે એકાદ કલાકની જહેમત બાદ રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.

ચૂંટણી

જે કામ કરે એનો ગઢ બની જાય ' એટલે લોકોએ જીતાડ્યો

# મનપાની ચૂંટણીમાં એકમાત્ર અપક્ષ જીતનાર હરીશ પટેલનો ટંકાર, મારામાં મારા વિસ્તારના કામ કરાવવાની આવડત છે

**કોંગ્રેસે ટિકિટ ન આપતા અપક્ષ ઉમેદવારી કરનાર છાણીના લોકલ બોય હરીશ પટેલે માત્ર જીત નથી મેળવી પરંતુ, છેલ્લી બે ટર્મથી કોંગ્રેસની પેનલ જીતથી હતી તેમાં ગાબડું પાડ્યું છે**

• વડોદરા

વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ-1માંથી એકમાત્ર અપક્ષ ઉમેદવાર વિજેતા બન્યા છે. કોંગ્રેસે ટિકિટ ન આપતા અપક્ષ ઉમેદવારી કરનાર છાણીના લોકલ બોય હરીશ પટેલે માત્ર જીત નથી મેળવી પરંતુ, છેલ્લી બે ટર્મથી કોંગ્રેસની પેનલ જીતથી હતી તેમાં ગાબડું પાડ્યું છે. હરીશ પટેલ 13,372 મત મેળવી વિજેતા બન્યા છે ત્યારે હરીશ પટેલે જીત બાદ ટંકાર કર્યો હતો કે, મારા વિસ્તારના કામ કેવી રીતે કરાવવા એ મને ખબર છે એટલે જ લોકોએ મારા પર વિશ્વાસ મૂક્યો છે અને જીતાડ્યો છે. હું અપક્ષ તરીકે જીત્યો છું. હું કોઈ પણ પાર્ટીમાં હવે જોડાવાનો નથી. આવતી ચૂંટણીમાં પણ અપક્ષ લડીશ. મારે મારા વિસ્તારના કામ કરવા છે અને એ કામ કેવી રીતે કરાવવા તે મને ખ્યાલ છે. હું મારા વિસ્તારમાં મારા કામ થકી જ ઓળખાઈશ. મતદારોએ મને કોઈ પક્ષ જોઈને નથી ચૂંટયો, એમને મને જોઈને ચૂંટ્યો છે. એટલે હું હાલ કોઈ પક્ષમાં જોડાવાનું વિચારતો પણ નથી. રાજકારણમાં મારા બધા મિત્રો છે. મને રાજકારણના સંસ્કાર જ



એવા મળ્યા છે કે ચૂંટણી પછી કોઈ દુશ્મન હોતું નથી. બધા જ સરખા છે અને બધા મારા મિત્ર છે.વોર્ડ 1માં બે ટર્મથી કોંગ્રેસની આખી પેનલ જીતતી હતી. એક તબક્કે વોર્ડ 1માં ભાજપે ગાબડું પાડવું અશક્ય લાગી રહ્યું હતું તેવામાં કોંગ્રેસે હરીશ પટેલની ટિકિટ કાપી અને કોંગ્રેસની પેનલ તૂટી ગઈ. તેઓ છાણી ગામના વતની છે. અને મહાનગરપાલિકાની ચૂંટણીમાં પણ ગ્રામ્યકક્ષાનું રાજકારણ સામેલ થયું હતું. તેઓ અગાઉ કોંગ્રેસમાં આખી પેનલનો પ્રચાર કરતા હતા પરંતુ આ વખતે ખાલી પોતાનો પ્રચાર કર્યો જેનું પરિણામ એ આવ્યું કે આ વોર્ડમાં ભાજપને પણ બે બેઠક મળી અને કોંગ્રેસની પેનલ તૂટી ગઈ.હરીશ પટેસાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાજકારણમાં કોઈનો કાયમી ગઢ હોતો નથી. જે કામ કરે એ વિસ્તાર એનો ગઢ બની જાય. હું પાછલા પાંચ વર્ષમાં મારા વિસ્તારના કામ કરતો આવ્યો છું એના કારણે લોકો મને ઓળખે છે. સવારે 7 વાગ્યાથી લોકોના કામોમાં મંડી પડતો હતો અને તેથી જ લોકોએ મને ચૂંટ્યો છે.

હરીશ પટેલે જણાવ્યું હતું કે, મને જ્યારે ટિકિટ ન મળી ત્યારે મારા કાર્યકરો આખી રાત સૂતા નથી અને ત્યારે જ નક્કી કરી દીધું હતું કે અપક્ષ ઉમેદવારી કરવી. મારા કાર્યકરોએ મને જીતાડવા ખૂબ મહેનત કરી છે. મારી જીત પાછળ જે માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું તે કાર્યકરોએ જ કર્યું છે. મારી તમામ રેલી અને પ્રચાર સભા તેઓ જ નક્કી કરતા હતા. તેઓને મારા પર વિશ્વાસ હતો અને તેઓનો આ વિશ્વાસ જીત્યો છે.

હરીશ પટેલે જણાવ્યું હતું કે, મારા પરિવારમાં રાજકારણ ગળથૂંથીમાં છે. મારા કાકા, મામા બધા રાજકારણમાં હતા. નાનપણથી જ રાજકારણ જોતો આવ્યો છું. ગ્રામ પંચાયતમાં મારા પરિવારના સભ્ય માટે બુથ લેવલનું કામ કર્યું છે. પરિવાર પહેલેથી કોંગ્રેસ સાથે સંકળાયેલો છું. કોલેજ કાળમાં પણ NSUI સાથે સંકળાયેલો હતો. પણ આ વખતે મને ટિકિટ નથી મળી. હવે જે પક્ષમાં નથી તે પક્ષ વિશે મારે વાત કરવી નથી.

હું અપક્ષ તરીકે જીત્યો છું. હું કોઈ પણ પાર્ટીમાં હવે જોડાવાનો નથી. આવતી ચૂંટણીમાં પણ અપક્ષ લડીશ. મારે મારા વિસ્તારના કામ કરવા છે અને એ કામ કેવી રીતે કરાવવા તે મને ખ્યાલ છે. હું મારા વિસ્તારમાં મારા કામ થકી જ ઓળખાઈશ. મતદારોએ મને કોઈ પક્ષ જોઈને નથી ચૂંટયો, એમને મને જોઈને ચૂંટ્યો છે. એટલે હું હાલ કોઈ પક્ષમાં જોડાવાનું વિચારતો પણ નથી. રાજકારણમાં મારા બધા મિત્રો છે. મને રાજકારણના સંસ્કાર જ એવા મળ્યા છે કે ચૂંટણી પછી કોઈ દુશ્મન હોતું નથી. બધા જ સરખા છે અને બધા મારા મિત્ર છે.

એક દર્દીને અન્ય દર્દીના બ્લડ ગ્રુપ વાળી બોટલ ચડાવી

# લ્યો બોલો! એક દર્દીને અન્ય દર્દીના બ્લડ ગ્રુપની બોટલ ચડાવી:ગોત્રી હોસ્પિટલમાં ગંભીર બેદરકારી

**RMOએ કહ્યું- નર્સિંગ સ્ટાફને નોટિસ આપી, ટર્મિનેટ કરવા સુધીની કાર્યવાહી કરીશું**

• વડોદરા

જ્યારે કોઈપણ વ્યક્તિને સારવારની જરૂર હોય ત્યારે ભગવાન રૂપ તબીબ પાસે હોસ્પિટલમાં સારવાર માટે જાય છે. પરંતુ ક્યારેય દર્દીને ખ્યાલ નથી હોતો કે જે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે તે તેના માટે ક્યારેય જીવલેણ પણ બની શકે છે. આવો જ એક કિસ્સો સરકારી ગોત્રી હોસ્પિટલમાં સામે આવ્યો છે. જેમાં એક દર્દીને અન્ય દર્દીનું બ્લડ ચડાવી દેવામાં આવે છે અને પછી ખ્યાલ આવતા જ તે તાત્કાલિક ઈન્સ્યુલિન બહાર કાઢી લેવામાં આવે છે.આ ગંભીર બેદરકારી સામે આવી છે વડોદરા શહેરની સૌથી પ્રતિષ્ઠિત GMERS મેડિકલ હોસ્પિટલ ગોત્રીમાં કે જ્યાં બે દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા. દરમિયાન બંને દર્દીઓને બ્લડની જરૂરિયાત પડતા એક સાથે બ્લડ મંગાવવામાં આવે છે. ત્યારે એક દર્દીને અન્ય દર્દીના બ્લડ ગ્રુપ વાળી બોટલ ચડાવી દેવામાં આવે છે. બાદમાં નર્સિંગ સ્ટાફને ખબર પડતા તાત્કાલિક ઈન્સ્યુલિન બહાર કાઢી દર્દીને સારવાર આપવામાં આવે છે.આ ગંભીર ઘટના બાદ દર્દીનો જીવ તો બચી જાય છે પરંતુ




આ બેદરકારી સામે હોસ્પિટલ તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. જો આ ઘટનામાં પહેલેથી જ બીમાર દર્દી સારવાર લઈ રહ્યો હોય છે અને તેને કઈ થયું હોત તો તેની જવાબદાર કોણ? ગોત્રી હોસ્પિટલમાં અવાર નવાર બનતી આવી ઘટનાઓ સામે દાખલો બેસે તેવી કાર્યવાહી શા માટે કરવામાં આવતી નથી. આવી બેદરકારી કઈ રીતે થાય તે પણ સૌથી મોટો સવાલ છે.આ મામલે હોસ્પિટલમાં RMO ડો કટલાણા સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યું કે, આ એક ગંભીર બેદરકારી સામે આવી છે. આ ગઈકાલે એક સિમ્યુલર નામના બે દર્દીઓ હતા અને બંનેને બ્લડ બોટલની જરૂર હતી. દરમિયાન નર્સિંગ સ્ટાફે આ બ્લડ બોટલ અન્ય દર્દીને અલગ બ્લડ ગ્રુપની ચડાવી દીધી હતી. પરંતુ ગણતરીની મિનિટોમાં ખબર પડતા તે તાત્કાલિક બહાર કાઢી સારવાર આપવામાં આવી હતી. દર્દીની સ્થિતિ સારી છે અને તેને રજા આપવામાં આવી છે. આ બેદરકારી દાખવનાર નર્સિંગ સ્ટાફને નોટિસ આપી છે. સાથે જરૂર જણાશે તો ટર્મિનેટ કરવા સુધીની અમે કાર્યવાહી કરીશું.

# વડોદરામાં 14 વર્ષની સગીરા પર દુષ્કર્મ કેસમાં સજા બે આરોપીઓને કોર્ટે 20 વર્ષની કેદની સજા ફટકારી

**પીડિતાને 6 લાખનું વળતર ચૂકવવા આદેશ, પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરી દુષ્કર્મ ગુજાર્યું હતું**

• વડોદરા

વડોદરા શહેરના હરણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક 14 વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવીને તેનું અપહરણ કરી દુષ્કર્મ ગુજારવાના કેસમાં બે નરાધમોને કોર્ટે 20 વર્ષની સખત કેદની સજા ફટકારી, પીડિતાને 6 લાખનું વળતર ચૂકવવા આદેશ કર્યો છે.

સ્પેશિયલ જજ પ્રિયંકા અગ્રવાલે આ ગુનાને સમાજ માટે નીસરતા અને તેને મદદ કરનાર અજમભાઈ ઉર્ફે આદમ નીસરતાને તકસીરવાન ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. મે 2025માં આરોપી ગોવિંદે સગીરાને મોબાઈલ ફોન આપી લલચાવી-ફોસલાવી પ્રેમજાળમાં ફસાવી હતી. આરોપીઓએ સગીરાને ગોધરા બોલાવી હતી. ત્યાંથી ગોવિંદ અને આદમે તેનું અપહરણ કર્યું હતું અને અલગ-અલગ સ્થળોએ ગોંધી રાખી હતી. આ સમયગાળા દરમિયાન આરોપી ગોવિંદે સગીરાની મરજી વિરુદ્ધ અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું.આ મામલે હરણી પોલીસે આ મામલે ગુનો નોંધીને બંને આરોપીઓની ધરપકડ કરીને જેલમાં મોકલી આપ્યા હતા. કોર્ટમાં સુનાવણી દરમિયાન સરકારી વકીલ એચ.આર.જોશીએ દલીલ કરી હતી કે, આરોપીઓ પોતે પરણિત અને સંતાનવાળા હોવા છતાં એક માસૂમ બાળકીનું







જીવન બરબાદ કર્યું છે, તેથી તેમને કડકમાં કડક સજા થવી જોઈએ.તબીબી પુરાવા અને સગીરાના નિવેદનને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીઓને 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે અને બંનેને રૂ.23,000નો દંડ ફટકાર્યો છે અને જો દંડ ન ભરે તો વધુ 3 માસની સાદી કેદ ભોગવવી પડશે. કોર્ટે ભોગ બનનાર સગીરાના પુનઃવસન માટે 'ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ' હેઠળ 6 લાખ રૂપિયા વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

# રિલાયન્સ, મારુતિ અને નાયરા જેવી જાયન્ટ કંપનીઓએ MSUના વિદ્યાર્થીઓને લાખોના પેકેજ સાથે જોબ આપી

**અભ્યાસ પૂરો થાય તે પહેલા જ નોકરી પાકી, 113 કંપનીઓ પ્લેસમેન્ટ માટે આવી**

• વડોદરા

વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પોલીટેક્નિક કોલેજના ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા છેલ્લા વર્ષ દરમિયાન વિવિધ કંપનીઓમાં કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. અભ્યાસ દરમિયાન જ વિદ્યાર્થીઓને અનેક પ્રતિષ્ઠિત કંપનીઓ તરફથી નોકરીની ઓફર મળી છે. જેમાં સૌથી વધુ 4.80 લાખની ઓફર કરવામાં આવી છે.આ વર્ષે અત્યાર સુધીમાં કુલ 113 વિદ્યાર્થીઓને વિવિધ કંપનીઓ દ્વારા પ્લેસમેન્ટ ઓફર આપવામાં આવી છે. આ વર્ષે સૌથી ઉચ્ચ વેતન પેકેજ કોકા-કોલા કંપની તરફથી મળ્યું છે. કંપનીએ મિકેનિકલ એન્જિનિયરિંગના બે અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના એક વિદ્યાર્થીને વાર્ષિક 4.80 લાખના પેકેજની ઓફર આપી છે.

સાથે નાયરા એનર્જી કંપનીએ પેટ્રોકેમિકલ ટેક્નોલોજીના ત્રણ વિદ્યાર્થીઓને વાર્ષિક 4 લાખના પેકેજે ઓફર આપી છે. Diamond Power Infrastructure Ltd.એ મિકેનિકલ




અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના કુલ 26 વિદ્યાર્થીઓને વાર્ષિક 3 લાખના પેકેજે પ્લેસ કર્યા છે. Maruti Suzuki India Ltd.એ મિકેનિકલ, આઈટી અને કોમ્પ્યુટર એન્જિનિયરિંગના ચાર વિદ્યાર્થીઓને વાર્ષિક 3.62 લાખની ઓફર આપી છે. Reliance Industries Ltd. વડોદરા અને દહેજએ પેટ્રોકેમિકલ અને મિકેનિકલ એન્જિનિયરિંગના 11 વિદ્યાર્થીઓને વાર્ષિક 3.60 લાખના પેકેજે ઓફર કરી છે.આ સાથે અન્ય અનેક કંપનીઓએ પણ વિવિધ શાખાના વિદ્યાર્થીઓને 2.50 લાખથી 3.50 લાખ સુધીના વાર્ષિક પેકેજે પ્લેસમેન્ટ ઓફર આપી છે. કોલેજમાં 2026માં પાસ આઉટ થનાર 275 વિદ્યાર્થીઓમાંથી 113 વિદ્યાર્થીઓનું અત્યાર સુધીમાં પ્લેસમેન્ટ થયું છે.હજુ કેટલીક કંપનીઓના પ્લેસમેન્ટ પરિણામો આવવાના બાકી છે. કોલેજ તરફથી યોજાતી વિવિધ ટેનિંગ એક્ટિવિટી જેમ કે ટેક્નિકલ એક્સપર્ટ લેક્ચર, સેમિનાર, વર્કશોપ, લાઈફ સ્કિલ ટ્રેનિંગ અને ઔદ્યોગિક મુલાકાતો વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ ડ્રાઈવમાં સફળતા મેળવવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થઈ છે.

વડોદરા-ભરૂચ હાઈવે પર SMCની રેડ

# સાંસરોદ પાસેની હોટલ સમ્રાથલમાંથી 48 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

• વડોદરા

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે 48 પરની હોટેલના પાર્કિંગમાં દરોડો પાડીને હરિયાણાથી લાવવામાં આવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. 48 લાખના વિદેશી દારૂના જથ્થા સાથે 73 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે એક આરોપીની ધરપરડ કરી લેવામાં આવી તો અન્ય ચાર શખસને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

SMCને બાતમી મળી હતી કે હરિયાણાથી વિદેશી દારૂ ભરેલી એક ટ્રક પસાર થઈ રહી છે. જે હાલ વડોદરા-ભરૂચ વચ્ચે આવેલા સાંસરોદ ગામની હોટલ સમ્રાથલના પાર્કિંગમાં ઊભી છે. આ બાતમીના આધારે પોલીસે 30 એપ્રિલ 2026ના રોજ રેડ કરી હતી. પોલીસે સ્થળ પરથી કુલ 73,46,960 ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં વિદેશી દારૂની 9,480 બોટલ છે જેની કિંમત 48.36 લાખ રુપિયા થઈ રહી છે. તો દારૂની હેરાફેરી કરવામાં આવતા ટ્રકને જપ્ત કરવામાં આવી



હતી. એક મોબાઈલ ફોન અને 960 રોકડનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલો આરોપીસાકિરહુસેન બંનેખાન (રહે. પાલવાલ, હરિયાણા) ને વલણ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. જ્યારે મુખ્ય સૂત્રધાર કયુમ હુસેન નિઝામ (હરિયાણા), તેનો સાગરિત, ટ્રકનો માલિક અને દારૂ મંગાવનાર (રિસીવર) સહિત કુલ 4 શખસને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. હાલમાં પોલીસ આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય લોકોની શોધખોળ કરી રહી છે અને આગળની તપાસ તેજ બનાવી છે.

# MSUમાં મોદી તત્ત્વ-RSS અને સયાજીરાવ ગાયકવાડ વિશે પાઠ ભણાવાશે, PMના નેતૃત્વ અને લોકપ્રિયતાનો અભ્યાસ કરાવાશે

**સોશિયોલોજી વિભાગમાં નવા અભ્યાસક્રમની બેઠકો 50થી વધારી 286 કરાઈ**

• વડોદરા

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) વડોદરાએ શૈક્ષણિક વર્ષ 2026-27થી સમાજશાસ્ત્ર વિભાગમાં ઐતિહાસિક ફેરફાર કર્યા છે. બી.એ. ચોથા વર્ષ અને એમ.એ. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે 'સોશિયોલોજી ઓફ પેટ્રિયોટિઝમ' (દેશભક્તિનું સમાજશાસ્ત્ર) નામનો નવો મેજર કોર્સ દાખલ કરવામાં આવ્યો છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેતૃત્વ શૈલી અને મહારાજા સયાજીરાવ ગાયકવાડના સમાજ સુધારણાના કાર્યોનો અભ્યાસ કરાવવામાં આવશે.સમાજશાસ્ત્ર વિભાગના હેડ પ્રો. વીરેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, આ કોર્સમાં સોશિયોલોજી ઓફ પેટ્રિયોટિઝમ (દેશભક્તિનું સમાજશાસ્ત્ર) નામના પેપર હેઠળ વડાપ્રધાન મોદીના નેતૃત્વના પાસાઓનો અભ્યાસ કરવામાં આવશે. આ અભ્યાસક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પીએમની કાર્યશૈલીને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમજવાનો છે.ૌમોદીના નેતૃત્વ અને સત્તા અંગે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવશે. સાથે તેઓની લોકપ્રિયતા અને તેઓ કઈ રીતે જનતા સાથે રહે છે. સમાજ તેમને કઈ રીતે પ્રતિસાદ આપે છે તેનું સમાજશાસ્ત્રી




વિશ્લેષણ કરવામાં આવશે. જે રીતે આજે આપણે સરદાર પટેલ અને બાબાસાહેબ આંબેડકર વિશે ભણીએ છીએ, તેવી જ રીતે વર્તમાન પેઢી માટે પીએમ મોદીના નેતૃત્વને અત્યારથી જ સમજવું અનિવાર્ય છે જેથી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થઈ શકે.નવા કોર્સમાં મહારાજા સયાજીરાવના એવા સામાજિક સુધારાઓને સ્થાન અપાયું છે જે સામાન્ય જનતા સુધી પૂરતા પહોંચ્યા નથી. મહારાજાએ કન્યા શિક્ષણ ફરજિયાત બનાવ્યું હતું અને દીકરીને શાળાએ ન મોકલનાર વાલીઓ પર 'પોઝિટિવ ટેક્સ' નાખી સ્ત્રી સશક્તિકરણનો પાયો નાખ્યો હતો. વડોદરામાં રેલવે જંકશન લાવવા બ્રિટિશરોને નાણાં આપી રૂટ બદલાવ્યો હતો, જેથી જનતા નવી ટેકનોલોજી શીખી શકે. કાશી હિંદુ યુનિવર્સિટીમાં લાઈબ્રેરી માટે મોટું દાન અને શૈક્ષણિક સંસ્થાઓમાં તેમનું પ્રદાન.આ અભ્યાસક્રમ પ્રત્યે વિદ્યાર્થીઓમાં ભારે આકર્ષણ જોવા મળી રહ્યું છે. ગત વર્ષે માત્ર 50 બેઠકો સામે 850 જેટલી અરજીઓ મળતા, આ વર્ષે બેઠકોની સંખ્યા વધારીને 286 કરવામાં આવી છે. યુનિવર્સિટીમાં એશિયા અને આફ્રિકાના 5 થી 6 દેશોના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે, જેઓ હવે મહારાજા અને વર્તમાન ભારતના નેતૃત્વ વિશે ઊંડાણપૂર્વક જાણી શકશે. આ નવો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને ભારતીય ઈતિહાસના સુધારકો અને આધુનિક ભારતના નેતૃત્વ વચ્ચેના સમાજશાસ્ત્રીય સંબંધોને સમજવામાં મદદરૂપ થશે.

# કેશ ડિપોઝિટ મશીનમાંથી નકલી નોટો મળી:ક્રાઈમ બ્રાન્ચે CCTVના આધારે શોધખોળ શરૂ કરી

**વાઘોડિયાની HDFC બેંકના CDMમાંથી રૂ.500ના દરની 20 નકલી નોટો મળી**

• વડોદરા

વડોદરા શહેરની HDFC બેંકની વાઘોડિયા રોડ શાખામાં આવેલા કેશ ડિપોઝિટ મશીનમાં રૂ.10 હજારની ભારતીય ચલણની 500ના દરની 20 નકલી નોટો જમા થઈ છે. આ મામલે બેંક કર્મચારીએ અજાણ્યા શખ્સ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.વડોદરા શહેરના સમા-સાવલી રોડ વિસ્તારના રહેવાસી ભાર્ગવ મુકેશભાઈ પાઠક (ઉ.વ.38), જે બેંકમાં ટેલર ઓથોરાઈઝર તરીકે ફરજ બજાવે છે, તેઓએ જણાવ્યું હતું કે તા. 29 એપ્રિલના રોજ સવારે CDM મશીન ચેક કરતાં રૂ. 500ની 20



નકલી નોટો મળી આવી હતી. મશીન દ્વારા આ નોટોને ડુપ્લિકેટ તરીકે ઓળખીને અલગ બોક્સમાં મૂકવામાં આવી હતી.બેંકની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ નોટો રાત્રિના 3:48 વાગ્યે એક એકાઉન્ટમાં જમા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તપાસમાં બહાર આવ્યું કે, આ એકાઉન્ટ વલસાડ જિલ્લાના ડુંગરી ગામના મારૂ સાગર રમેશભાઈના નામે છે. જોકે, એકાઉન્ટ ધારકે આ નાણાં જમા કર્યા હોવાનો ઈન્કાર કર્યો હતો અને કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા જમા કરાવાયા હોવાનું જણાવ્યું હતું.ૌCDM મશીનમાં રૂ. 10,000ની જમા કરાયેલી તમામ નોટો નકલી હોવાનું બહાર આવતા રકમ ખાતામાં જમા કરવામાં આવી નથી. આ નકલી નોટો બેંક દ્વારા સેફ કસ્ટડીમાં રાખવામાં આવી છે. આ બનાવને ગંભીરતાથી લઈ બેંક મેનેજરની સૂચના મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે CDM મશીનના CCTV ફૂટેજ તેમજ અન્ય પુરાવાના આધારે નોટ જમા કરાવનાર અજાણ્યા શખ્સની શોધખોળ શરૂ કરી છે.

# કારેલીબાગમાં ઉછીના પૈસા પરત માંગતા યુવકે મિત્ર સાથે મળીને માર માર્યો

• વડોદરા

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં મિત્રતાને લાંછન લગાવતી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. કારેલીબાગના જલારામનગરમાં રહેતા 17 વર્ષીય સગીરે તેના મિત્ર શૈલેષને કેટલાક રુપિયા ઉછીના આપ્યા હતા. ગત 29 એપ્રિલના રોજ જ્યારે સગીર આ નાણાં પરત માંગવા ગયો, ત્યારે શૈલેષે ઉશ્કેરાઈ જઈને નાણાં આપવાનો ઈનકાર કર્યો હતો અને અશ્લીલ ગાળો આપી લોખંડની પાઈપ વડે શ્યામના માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

હુમલા બાદ ગભરાયેલો સગીર રિક્ષામાં બેસી ઘરે પરત ફરી રહ્યો હતો, પરંતુ શૈલેષ અને તેના સાગરીતોએ તેનો પીછો કરવાનું છોડ્યું નહોતું. તેમણે એલ એન્ડ ટી સર્કલ પાસે રિક્ષા રોકાવી, સગીરને બળજબરીપૂર્વક ક્રોમા મોલ પાછળ આવેલી એક નવી બાંધકામ સાઈટ પર લઈ ગયા હતા. ત્યાં તેને ફરીથી બેરહેમીથી માર મારવામાં આવ્યો અને ત્યારબાદ ઈજાગ્રસ્ત હાલતમાં



જ તેને બાંધકામ સાઈટના એક ઊંડા ખાડામાં ફેંકી દેવામાં આવ્યો હતો.ઘટનાની જાણ થતાં સગીરના પરિવારજનો તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. સગીર ખાડામાં હોવાથી તેને બહાર કાઢવા માટે ફાયર બ્રિગેડની મદદ લેવી પડી હતી. ફાયર વિભાગે ભારે જહેમત બાદ તેને સુરક્ષિત બહાર કાઢ્યો, જે બાદ 108 એમ્બ્યુલન્સ મારફતે તેને તાત્કાલિક એસએસજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ મામલે સગીરના પિતાએ ફરિયાદ નોંધાવતા બાપોદ પોલીસે આરોપી શૈલેષ અને તેના સાગરીતો વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

**8 સ્માર્ટ GIDCની જાહેરાત**

'સુરત હવે ફ્યુચર રેડી સિટી તરીકે આગળ વધી રહ્યું છે':

# વડાપ્રધાનના વિઝનને કારણે જ આજે ગુજરાત વિકાસનું રોલ મોડેલ બન્યું :CM

## જાપાનના રાજદૂતે ગુજરાતીમાં તો સિંગાપોરના હાઈ કમિશનર સિમોન વોન્ગે 'જયશ્રી કૃષ્ણ' કહીને સંબોધનની શરૂઆત કરી હતી

• સુરત

ગુજરાત સ્થાપના દિવસના અવસરે સુરતની ઓરો યુનિવર્સિટી ખાતે 1 અને 2 મેના રોજ 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' (VGRC) ની ત્રીજી આવૃત્તિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મેગા ઈવેન્ટમાં જાપાન, રવાન્ડા, યુક્રેન અને સિંગાપોર ભાગીદાર દેશો તરીકે જોડાઈને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને વૈશ્વિક ફલક પર લઈ જશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું હતું. કરોડોના MOU થયા છે. સુરત કટ ડાયમંડ-GI ટેગ પર એક ખાસ કવર પણ લોન્ચ કરાયું હતું. સાથે જ 8 નવી સ્માર્ટ GIDCની પણ જાહેરાત કરાઈ છે.

આ મેગા ઈવેન્ટમાં આવેલા વિવિધ દેશના પ્રતિનિધિઓ પણ ગુજરાતના રંગે રંગાયેલા જોવા મળ્યા હતા. જાપાનના રાજદૂતે ગુજરાતીમાં તો સિંગાપોરના હાઈ કમિશનર સિમોન વોન્ગે 'જયશ્રી કૃષ્ણ' કહીને સંબોધનની શરૂઆત કરી હતી. તો યુક્રેનના રાજદૂતે જય જય ગરવી ગુજરાત કહી ગુજરાત દિવસની શુભકામનાઓ પાઠવી હતી.

'વિકસિત ભારત@2047'ના મહત્વાકાંક્ષી દ્રષ્ટિકોણને સાકાર કરવાના હેતુથી આયોજિત આ કોન્ફરન્સમાં દક્ષિણ ગુજરાતના સુરત, ભરૂચ, ડાંગ, નવસારી, તાપી અને વલસાડ એમ 6 જિલ્લાઓની ઔદ્યોગિક ક્ષમતા પર વિશેષ પ્રકાશ પાડવામાં આવશે. કોન્ફરન્સની સમાંતર 1થી 5 મે સુધી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન (VGRE) નું પણ આયોજન કરવામાં આવ્યું છે. લગભગ 12,000 ચોરસ મીટરના વિશાળ વિસ્તારમાં પથરાયેલું આ એક્ઝિબિશન નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને રોકાણની તકોનું એક જીવંત કેન્દ્ર બની રહેશે. તેમાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો (MSME) થી લઈને મલ્ટીનેશનલ કંપનીઓ પોતાની પ્રોડક્ટ્સ અને ટેક્નોલોજીનું પ્રદર્શન કરશે, જે પ્રાદેશિક અર્થતંત્રને એક નવી ઊંચાઈ પર લઈ જશે.

દક્ષિણ ગુજરાતના વિવિધ અને સમૃદ્ધ ઉદ્યોગોની ઝલક આપતા એક પ્રેઝન્ટેશન વીડિયો દ્વારા વિદેશી પ્રતિનિધિઓને રાજ્યની આર્થિક શક્તિથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનમાં સુરતના વિશ્વવિખ્યાત ડાયમંડ અને ટેક્સટાઈલ ઉદ્યોગથી લઈને વાપી-અંકલેશ્વરના કેમિકલ અને ફાર્માસ્યુટિકલ હબની વિસ્તૃત માહિતી રજૂ કરવામાં આવી હતી. આધુનિક ટેકનોલોજી અને વિઝ્યુઅલ માધ્યમનો ઉપયોગ કરીને વિદેશી ડેલીગેટ્સ સમક્ષ દક્ષિણ ગુજરાતમાં રહેલી રોકાણની વિપુલ તકો, અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યાપારિક સુવિધાઓનું સચોટ ચિત્ર સ્પષ્ટ કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય સ્તરે



સહભાગીદારી વધારવાનો અને સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક મંચ પૂરું પાડવાનો હતો.

દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવી ઊંચાઈએ લઈ જવા માટે રાજ્ય સરકાર દ્વારા અત્યાધુનિક 8 સ્માર્ટ GIDC એસ્ટેટની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી.

વિશ્વવિખ્યાત 'સુરત કટ ડાયમંડ-GI ટેગ' પર એક ખાસ કવર પ્રકાશિત કરવામાં આવ્યું હતું, જે સુરતના હીરા ઉદ્યોગ માટે ખરેખર ગૌરવની ક્ષણ બની રહી હતી.

સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે,વર્ષો પહેલા મધદરીયેથી મોટા જહાજોને પાઈલોટિંગ કરીને ભરૂચ બંદરે વેપાર માટે લાવવામાં આવતા હતા. જે દરિયો એક સમયે ડ્રગ્સ, દાણચોરી અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે કુખ્યાત હતો, તે દરિયા કિનારાને પોર્ટ-લેડ ડેવલપમેન્ટથી સમૃદ્ધિનું પ્રવેશદ્વાર બનાવ્યું.

આજે દેશના કુલ કાર્ગોના 40% કાર્ગો હેન્ડલિંગ એકલું ગુજરાત કરે છે. પીએમ મોદીએ જે લાંબાગાળા અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટનો એપ્રોચ અપનાવ્યો, તેનાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટથી ઉદ્યોગોની સાથે સામાજિક જીવનમાં પણ મોટો બદલાવ આવ્યો.

વેપારી રાજ્ય ગુજરાતની કાયાપલટ કરવાનો પીએમ નરેન્દ્રભાઈએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટની આગવી દુરંદેશીતાથી નિર્ધાર કર્યો. જ્યારે કોઈને આવી સમિટનો વિચાર પણ નહોતો આવતો, ત્યારે ગુજરાતની ઉદ્યોગ સંભાવનાઓ વિશ્વ સમક્ષ મૂકવા તેમણે 2003માં વાઈબ્રન્ટ સમિટ શરૂ કરાવી. વાઈબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર જ્વલંત સફળતાથી ગુજરાત આજે FDI મેળવવામાં અગ્રેસર છે.

કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પુરીએ કહ્યું કે, આ એક ગંભીર અને મહત્વપૂર્ણ મેળાવડો છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વેપારી, નેતાઓ, સરકારો અને ભાગીદાર દેશો ગુજરાતને માત્ર એક રોકાણના સ્થળ તરીકે જ નહીં, પરંતુ ભારતના વિકાસ માટે એક શ્રેષ્ઠ 'વર્કિંગ મોડેલ' તરીકે પણ જુએ છે. વર્તમાન ઊર્જા કટોકટી શરૂ થયાના 60 દિવસથી વધુ સમય બાદ, હું આ પ્રકારના પ્રતિનિધિમંડળ અને બેઠકને પ્રથમ વાર સંબોધિત કરી રહ્યો છું. મારે તમારી સાથે એ વાત પણ શેર કરવી જોઈએ કે છેલ્લા 60 દિવસો દરમિયાન, હું સરકાર અને રાજ્ય સરકારોમાં મારા સાથીદારો સાથે મળીને દૈનિક ધોરણે ક્રૂડ, LPG, પેટ્રોલ, ડીઝલ અને ઉડ્ડયન ઈંધણના પુરવઠાની સ્થિતિ પર સક્રિયપણે દેખરેખ રાખી રહ્યો છું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા નિર્ધારિત ઉદ્દેશ્યો મુજબ, અમારી પ્રથમ જવાબદારી ભારતને પુરવઠો સતત મળી રહે તે સુનિશ્ચિત કરવાની હતી. જે રીતે પ્રગતિના સોપાન ગુજરાત સર કરી રહ્યું છે, તે તમામ વિષયોની ચર્ચા મારાથી પૂર્વે આપણા માનનીય ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને વડાપ્રધાન મોદીએ આપણી વચ્ચે કરી છે. લગભગ છ વર્ષથી હું ગુજરાતમાં છું. ગામડાઓમાં જાઉં છું, લોકો સાથે વાતચીત કરું છું અને જૂના અધિકારીઓને પણ મળું છું ત્યારે તેઓ જણાવે છે કે એક એવો પણ સમય હતો જ્યારે ગુજરાત પાણીના ટીપા-ટીપા માટે તરસી રહ્યું હતું. ગામડાના લોકો ઘરની બે મહિલાઓને માથે ઘડો મૂકીને પીવાના પાણીની વ્યવસ્થા માટે દૂર-દૂર સુધી મોકલતા હતા. તે સમયના આઈએસ અધિકારીઓ પણ જણાવે છે કે ત્યારે અમારે કોઈ મોટું કાર્ય કરવાનું નહોતું રહેતું, માત્ર એક જ કામ રહેતું કે ટ્રેન દ્વારા પાણી કેવી રીતે પહોંચાડવું અને લોકો અંદરોઅંદર ન લડે તે રીતે પાણીનું વિતરણ કેવી રીતે કરવું, તે પ્રદેશમાં સૌથી મોટું કામ હતું.

---

ચાલુ પંખો માથે પડતા ત્રણ વિદ્યાર્થિનીઓ ઈજાગ્રસ્ત

# મુરલીધર કોલેજની જર્જરિત બિલ્ડિંગમાં પંખો પડતા ત્રણ વિદ્યાર્થિનીઓ ઈજાગ્રસ્ત

**ઈજાગ્રસ્ત** કો લેજ ચલાવી ન શકતા હોય તો બંધ કરી દો એવું પણ વિદ્યાર્થીઓએ કહ્યું હતું

• રાજકોટ

રાજકોટની મુરલીધર નર્સિંગ કોલેજ ખાતે લાયબ્રેરીમાં પંખો અચાનક પડતા નીચે બેસેલી ત્રણ વિદ્યાર્થિનીઓને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેને કારણે ઈજાગ્રસ્ત વિદ્યાર્થિનીઓને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. આ ઘટના બાદ કોલેજના ચેરમેન સમક્ષ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પહોંચી ગયા હતા અને પોતાનો ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. કોલેજનું બાંધકામ પણ જર્જરિત દેખાઈ રહ્યું છે. જેથી, કોલેજ ચલાવી ન શકતા હોય તો બંધ કરી દો એવું પણ વિદ્યાર્થીઓએ કહ્યું હતું. સૌરાષ્ટ્ર કોંગ્રેસ પ્રવકતા રોહિત રાજપૂતે જણાવ્યું હતું કે, રાજકોટ-ભાવનગર હાઈ-વે પર ત્રંબા ગામ પાસે મુરલીધર નર્સિંગ કોલેજ આવેલી છે. જેથી, વિદ્યાર્થીઓની મને સોશિયલ મીડિયા મારફત ફરિયાદ આવી કે આ કોલેજનું બિલ્ડીંગ જર્જરિત છે અને ત્યાં લાયબ્રેરીમાં આજે ચાલુ પંખો વિદ્યાર્થીઓ પર પડ્યો હતો. જેને કારણે 3 વિદ્યાર્થિનીઓને ગંભીર ઈજા પહોંચી છે. જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલા છે. વિદ્યાર્થીઓ પાસેથી જાણવા મળેલી વાત મુજબ કોલેજનું બિલ્ડીંગ, ગર્લ્સ હોસ્ટેલ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખૂબ જ જર્જરીત હાલતમાં છે. જેથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી કોલેજના સંચાલકના નંબર મેળવી તેમની સાથે વાત કરી છે. આજે સાંજ સુધીમાં વિદ્યાર્થીઓને અહીં પીવાનું પાણી અને રિનોવેશન સહિતની સમસ્યાઓ દૂર કરવા માટે બાંહેધરી આપવામાં આવે એવી માંગ છે. જો બાહેંધરી આપવામાં નહીં આવે તો વિદ્યાર્થીઓને સાથે રાખીને કોલેજ ખાતે હલ્લાબોલ કરવામાં આવશે. આ કોઈ દુર્ઘટના નથી પરંતુ કોલેજ સંચાલકોની બેદરકારી છે. આ બાબતે જિલ્લા વિકાસ અધિકારીને પણ રજૂઆત કરવામાં આવશે. પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના ત્રંબા પાસે આવેલી મુરલીધર નર્સિંગ કોલેજમાં લાઈબ્રેરીમાં આજે 1 મેના નિયમિત અભ્યાસ ચાલી રહ્યો હતો ત્યારે સવારે 10 વાગ્યા આસપાસ અચાનક પંખો નીચે પડ્યો હતો. જેને કારણે રિંકુ દેશાણી, ધારા રાત્યા અને અસ્મિતા વાઘેલાને માથા અને કપાળના ભાગે ઈજા પહોંચતા ગોકુલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જોકે, પ્રાથમિક સારવાર બાદ ત્રણેય વિદ્યાર્થિનીઓને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. આ સાથે જ ઘટના બાદ વિદ્યાર્થીઓ માટે વેકેશન જાહેર કરી દેવામાં આવ્યુ અને રીનોવેશન કરવા માટેની બહેન તરીકે આપવામાં આવી હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે, કોલેજ બિલ્ડિંગ લાંબા સમયથી જર્જરિત હાલતમાં છે અને અનેક વખત સંચાલનને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. ફક્ત ફી વસૂલવામાં રસ ધરાવતા ટ્રસ્ટીઓ વિદ્યાર્થીઓની સલામતી પ્રત્યે બેફિકર છે એમ વિદ્યાર્થીઓએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. ઘટના બાદ વિદ્યાર્થીઓએ કોલેજ પરિસરમાં જ હોબાળો મચાવ્યો અને જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. આ બાબતે મુરલીધર નર્સિંગ કોલેજના સંચાલક ભાર્ગવ રાઠોડે જણાવ્યું હતું કે, ત્રંબા પાસે આવેલી આ કોલેજમાં લાઈબ્રેરીમાં આજે સવારે પંખો પડ્યો હતો. જેને લીધે ત્યાં નીચે બેસેલી 3 વિદ્યાર્થિનીઓને માથામાં ઈજા થઈ હતી. જોકે ત્રણેયને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી અને તેને માથામાં ટાંકા આવ્યા છે. જોકે હવે અમે વિદ્યાર્થીઓ માટે 21 દિવસનું વેકેશન જાહેર કર્યું છે અને વેકેશન ખુલતાની સાથે જ વિદ્યાર્થીઓના તમામ પ્રશ્નો દૂર થઈ જશે બિલ્ડીંગનું રિનોવેશન પણ ત્યાં સુધીમાં કરી લેવામાં આવશે. કોલેજમાં 275 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

---

# ગરમીના કારણે સવારે 8 વાગ્યાથી કોર્ટ કાર્યવાહી શરૂ કરવા માંગ

કોર્ટ પરિસરમાં આરોગ્ય કેન્દ્ર બનાવવા અને અલાયદી 108 એમ્બયુલન્સ ફાળવવા ચીફ જસ્ટિસને રજૂઆત

• રાજકોટ



રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉનાળાની કાળઝાળ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે અને ગરમીનો પારો 43 ડિગ્રીને પાર કરી રહ્યો છે ત્યારે અસહ્ય લૂ અને તાપને ધ્યાનમાં રાખી રાજકોટ બાર એસોસિએશન દ્વારા વકીલો, કોર્ટ સ્ટાફ અને પક્ષકારોના હિતમાં મહત્વપૂર્ણ માંગણી કરવામાં આવી છે. જેમાં રાજકોટના પ્રિન્સિપાલ એન્ડ ડિસ્ટ્રિક્ટ જજ મારફત ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને રાજકોટ જિલ્લાના યુનિટ જજ ઈલેશ વોરાને પત્ર લખી કોર્ટના સમયમાં ફેરફાર કરવા અપીલ કરવામાં આવી છે.

બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરાએ રજૂઆત કરતા જણાવાયું હતું કે, હાલમાં પડી રહેલી કાળઝાળ ગરમીને કારણે બપોરના સમયે કોર્ટની કાર્યવાહીમાં હાજર રહેવું પક્ષકારો માટે અત્યંત મુશ્કેલ બની રહે છે. ખાસ કરીને દૂરના ગામડાઓમાંથી આવતા અસીલોને લૂ લાગવાના કિસ્સાઓ વધી રહ્યા છે. આ ઉપરાંત વકીલોને પણ કાળઝાળ ગરમીમાં કામ કરવાને કારણે હાઈ બ્લડ પ્રેશર અને અન્ય સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ થવાની પૂરી શક્યતા છે. માટે 15 જૂન સુધી એટલે કે સિવિલ વેકેશન દરમિયાન પણ કોર્ટનો સમય સવારે 8થી બપોરે 1 વાગ્યા સુધીનો કરવા રજૂઆત કરવામાં આવી છે.

આ ઉપરાંત રાજકોટ કોર્ટ સંકુલમાં દરરોજ હજારોની સંખ્યામાં લોકોની અવરજવર હોય છે. ગરમીના કારણે કોઈ પક્ષકાર, વકીલ, કોર્ટ સ્ટાફ કે ન્યાયાધીશની તબિયત અચાનક બગડે તો તાત્કાલિક સારવાર મળી રહે તે માટે કોર્ટ કમ્પાઉન્ડમાં કાયમી ધોરણે 108 એમ્બ્યુલન્સની સુવિધા ઉભી કરવા માગ કરવામાં આવી છે. તેની સાથે સાથે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરી કાયમી ધોરણે ડોકટરની નિમણૂક કરવા પણ ગુજરાત સરકારના આરોગ્ય મંત્રીને વિનંતી કરવા હાઈકોર્ટને જાણ કરી છે. ગરમીના પ્રકોપ સામે રક્ષણ મેળવવા માટે રાજકોટ બાર એસોસિએશનના બાર રૂમ, લાઈબ્રેરી તેમજ તાબાની અન્ય કોર્ટોના બાર રૂમોમાં એર કન્ડિશનની સુવિધા પૂરી પાડવા પણ પ્રમુખ સુમિત વોરાએ માંગણી કરી છે.

---

# વાહનચાલકોને ભારે મુશ્કેલી:વિદ્યાનગરમાં ટેન્કરમાંથી ઓઈલ રોડ પર રેલાતા 10થી વધુ બાઈક ચાલકો પછડાયા

• આણંદ



વિદ્યાનગર થી કરમસદ તરફ જવાના માર્ગ ઉપર પસાર થતા ટેન્કરમાંથી ઓઈલ લીકેજ થતા 10થી વધુ વાહન ચાલકો સ્લીપ ખાઈ જતા શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. ત્યારે માર્ગ ઉપર આવેલ સોસાયટીઓના રહીશોએ દોડી આવીને માર્ગ પર માટી નાંખીને અન્ય વાહન ચાલકોને સાચવીને પસાર થવા સુચનાઓ આપી હતી. અને સીસીટીવી કેમેરાના આધારે ટેન્કર ચાલક સામે ફરિયાદ દાખલ કરી કાર્યવાહીઓ હાથ ધરવા તંત્રને રજૂઆત કરી હતી. પ્રાપ્ત વિગત મુજબ વિદ્યાનગર રોડ થી કરમસદ માર્ગ ઉપર સતત 24 કલાક સુધી વાહન ચાલકોની અવરજવર રહે છે. ત્યારે માર્ગ ઉપર ખોદકામને પગલે ટેન્કર ચાલકે ટ્રાફીક થી બચવા માટે કરમસદ થી વિધાનગર રોડ ઉપર પસાર થઈ રહેલ હોય માર્ગ ઉપર આવેલ સંતરામ હોલ અને સંતરામ છાત્રાલય પાસે ઓઈલ લીકેજ થતા રેલમછેલ થઈ ગઈ હતી. આ સમયે પુરઝડપે પસાર થતા બાઈક ચાલકો સ્લીપ થઈ જતા હોવાથી આજુબાજુના રહીશો દોડી આવ્યા હતા. તેમજ અન્ય વાહન ચાલકોને સ્લીપ ખાતા બચાવી લેવા માટે માર્ગ ઉપર માટી નાંખવામા આવી હતી. ત્યારબાદ વાહન ધીમા ચલાવો સમજ આપવામાં આવી હતી.

---

# આણંદ જિલ્લામાં સૌથી વધુ સ્માર્ટ મીટર સ્થાપિત:મધ્ય ગુજરાતના પાંચ સર્કલમાં 40.76% ગ્રાહકોને લાભ મળ્યો

• ખંભાત, આણંદ

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) દ્વારા સ્માર્ટ મીટર લગાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત આણંદ જિલ્લામાં અત્યાર સુધીમાં 2,57,669 સ્માર્ટ મીટર સ્થાપિત કરવામાં આવ્યા છે, જે મધ્ય ગુજરાતના પાંચ સર્કલમાં સૌથી વધુ છે. MGVCLના સુપ્રિટેન્ડિંગ એન્જિનિયર કે.એમ. શાહના જણાવ્યા અનુસાર, સ્માર્ટ મીટર એ ડિજિટલ વીજ વ્યવસ્થાપન તરફનું એક મહત્વનું પગલું છે, જે ગ્રાહકોને સ્માર્ટ બનાવે છે. મધ્ય ગુજરાતના પાંચ સર્કલ - વડોદરા શહેર, વડોદરા ગ્રામ્ય, ગોધરા, નડિયાદ અને આણંદ - પૈકી આણંદ જિલ્લામાં 40.76% ગ્રાહકોના ઘરે સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. આણંદ જિલ્લામાં કુલ 6,32,189 વીજ કનેક્શન છે, જેમાંથી 2,57,669 કનેક્શન પર સ્માર્ટ મીટર કાર્યરત છે. આ મીટર ગ્રાહકોને અનેક ફાયદાઓ પૂરા પાડે છે. સ્માર્ટ મીટરના મુખ્ય ફાયદાઓમાં મેન્યુઅલ રીડિંગની જરૂરિયાતનો અંત, અંદાજિત બિલને બદલે ચોક્કસ બિલિંગ અને વાસ્તવિક વપરાશ મુજબ બિલનો સમાવેશ થાય છે. ગ્રાહકો મોબાઈલ એપ અને પોર્ટલ દ્વારા પોતાના વીજ વપરાશનું રીયલ-ટાઈમ મોનિટરિંગ કરી શકે છે, જેનાથી વીજ બિલ ઘટાડવામાં મદદ મળે છે. આ ઉપરાંત, સ્માર્ટ મીટરમાં પ્રીપેડ અને પોસ્ટપેડ બંને સુવિધાઓ ઉપલબ્ધ છે, જે ગ્રાહકોને તેમની પસંદગી મુજબ રિચાર્જ સિસ્ટમનો ઉપયોગ કરવાની સુવિધા આપે છે. સંપૂર્ણ ઓટોમેટિક સિસ્ટમ હોવાથી મીટર રીડરની મુલાકાતની જરૂર રહેતી નથી. વીજ વિક્ષેપની માહિતી પણ ઝડપથી ઉપલબ્ધ થાય છે, જેનાથી ખામી શોધીને તાત્કાલિક સુધારણા કરી શકાય છે.

---

કિટીપરાના ચકચારી આસીફ જુણેજા હત્યા કેસમાં ઐતિહાસિક ચુકાદો

# આરોપી 'વિકી બજરીયા'ને આજીવન કેદની સજા

• રાજકોટ

રાજકોટના કિટીપરા વિસ્તારમાં વર્ષ 2022માં થયેલી આસીફ જુણેજાની હત્યા કેસમાં રાજકોટ સેશન્સ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. જેમાં એડિશનલ સેશન્સ જજ વી.કે. ભટ્ટ દ્વારા આરોપી વિકી અશોકભાઈ ઉર્ફે બજરીયા ચોવસીયાને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સખત સજા અને દંડનો હુકમ ફરમાવ્યો છે.

ગત તા.20 જૂન 2022ના રોજ વહેલી સવારે ફરિયાદી જાકીર ઉર્ફે ટપુ જાહિદભાઈ જુણેજા તેના મિત્ર સુનીલના ઘરે માતાજીના માંડવામાં ગયો હતો ત્યાં આરોપી વિકી બજરીયાએ આવી ગાળો આપી ફરિયાદીના મોટરસાઈકલમાં લાતો મારવાનું શરૂ કર્યું હતું. ફરિયાદીએ સમજાવવાનો પ્રયત્ન કરતા આરોપી વધુ ઉશ્કેરાયો હતો.



વિકીને સમજાવવા માટે ફરિયાદીએ તેના મોટા બાપુના દીકરા આસીફ જુણેજાને ફોન કરીને બોલાવ્યો હતો. આસીફ આરોપીને ઓળખતો હોવાથી તેને સમજાવવા ગયો પરંતુ, ઉશ્કેરાયેલા વિકીએ પોતાના પેન્ટના નેફામાંથી છરી કાઢી આસીફના છાતીના ડાબા ભાગે ઝીંકી દીધી હતી. હત્યા બાદ આરોપી ભાગવા જતો હતો ત્યારે ફરિયાદી અને સુનીલ સાથેની ઝપાઝપીમાં આરોપીનો મોબાઈલ ફોન ઘટનાસ્થળે જ પડી ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા આસીફને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો. પ્રદ્યુમનનગર પોલીસ દ્વારા 21 જૂન 2022ના રોજ આરોપી વિકીની ધરપકડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપીના ઘરેથી ગુનામાં વપરાયેલી છરી મળી આવી હતી, જેના પર મૃતકનું લોહી હોવાનું FSL રિપોર્ટમાં સાબિત થયું હતું અને આરોપીના કપડાં પરથી પણ મૃતકનું લોહી મળી આવ્યું હતું. આ કેસ દરમિયાન સરકારી વકીલ દ્વારા કુલ 14 સાક્ષીઓની જુબાની અને 35 જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. નજરે જોનાર સાક્ષીઓની જુબાની અને સાયન્ટિફિક પુરાવાઓને આધારે કોર્ટે માન્યું કે, ફરિયાદ પક્ષનો કેસ નિ:શંકપણે સાબિત થાય છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ પરાગ શાહ દ્વારા દલીલો કરવામાં આવી હતી. કોર્ટે તમામ દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે.

---

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

## ગામનાં નામ બદલાય એમ નામનાં નામ બદલાશે

ગામનાં નામ બદલાય છે. દાયકાઓથી જે નામ લોકજીભે ચડયા હોય એ બદલીને ઘણીવાર તો બોલતાં જીભની જલેબી થઈ જાય એવાં નામ કરી નાખવામાં આવે છે. પણ રાજસ્થાનમાં હવે નામનાં નામ બદલવાનું અભિયાન શરૂ થયું છે. ગામડાગામમાં બાળકનું નામ ગંજારામ, ઘમંડીરામ, ગાંડાલાલ કે પછી લંબાલાલ જેવાં પાડવામાં આવ્યા હોય એ જ બાળક ઉંમરલાયક થાય અને ભણીગણીને શહેરમાં જાય ત્યારે ઘણી વાર આવાં નામને લીધે મજાકનું પાત્ર બની જાય છે. એ વ્યક્તિ ખુદ પોતાના નામથી શરમ અનુભવે છે. એટલે જ રાજસ્થાનના શિક્ષણ વિભાગે નામ બદલવા માટે સાર્થક નામ અભિયાન શરૂ કર્યું છે. શિક્ષણ વિભાગે ૨૯૫૦ નામોની યાદી તૈયાર કરી છે. બાળકો અને પેરેન્ટ્સ જૂનાં અને હસવું આવે એવાં નામની જગ્યાએ જેમાંથી અર્થ નીકળતો હોય એવાં સરસ સાર્થક નામની પસંદગી કરી શકશે. આ લિસ્ટ વાલીઓને વંચાવવામાં આવશે કે જેથી તેઓ પોતાનાં દીકરા-દીકરીઓનાં નામોની પસંદગી કરી શકે. સ્કૂલમાં વાલીમંડળ અને શિક્ષકોની મીટિંગમાં તથા સ્કૂલ મેનેજમેન્ટ કમિટીની મીટિંગમાં સાર્થક નામ અભિયાન વિશે જાણકારી આપવામાં આવશે. આને લીધે કોઈ બાળક કે બાળકી પોતાના નામને કારણે હીનભાવના નહીં અનુભવે, બલ્કે નામ બદલવામાં આવતાં ગર્વની લાગણી મહેસૂસ કરશે. આ સાર્થક નામ ઝુંબેશ વિશે જાણીને કહેવું પડે કે-કોઈ નમકહલાલ હોય તો કોઈ નમકહરામ હોય. કોઈ અક્કલ વગરની વાત કરે ત્યારે કહેવાય કે તારામાં મીઠું જ નથી. ગાંધીજીએ દાંડીના દરિયા કિનારે ચપટી નમક ઉપાડી મીઠાનો સત્યાગ્રહ કરીને બ્રિટિશ હકૂમતને કેવી હચમચાવી દીધી હતી! ફિલ્મોની વાત કરીએ તો મીઠાદાર સંવાદ પણ કાને પડે છે, 'સ...સરદાર , મૈંને આપકા નમક ખાયા હૈ...' આમ, મીઠાનો સ્વાદ અને શબ્દ આપણા જીવનમાં વણાઈ ગયા છે. તાજેતરમાં કેટલાક ભેજાબાજ દોસ્તોને વિચાર આવ્યો કે એક કિલોગ્રામ મીઠામાં કેટલા કણ હોય? એની ગણતરી કરવી જોઈએ. નેકી ઔર પૂછપૂછ? દોસ્તોએ એક કિલો મીઠાનું પેકેટ ટેબલ પર વેરી દીધું. એક જણ વીડિયોગ્રાફી કરવા માંડયો. મેગ્નિફાઈંગ ગ્લાસની મદદથી અને અત્યંત શાંતિથી ચાર દોસ્તો એક એક કણ ગણવા માંડયા. નવ દિવસે ગણતરી પૂરી થઈ અને પછી તેમણે સોશ્યલ મિડિયામાં જાહેર કર્યું કે એક કિલો મીઠામાં લગભગ ૧,૪૨,૧૩,૭૫૩ કણો હોય છે! આજે મોબાઈલ ફોન અને ઈન્ટરનેટના યુગમાં ટપાલ લખવાનું ભૂલાઈ જ ગયું છે અને લેન્ડલાઈન ટેલિફોનનો વપરાશ પણ બહુ જ ઓછો થયો છે. આમ છતાં ૭૭ વર્ષ પહેલાં ફિલ્મમાં આવેલું ટેલિફોનનું કાળજયી ગીત આજે પણ લોકોની જીભ પર રમે છે અને સાંભળનારને ગમે છે. એ ગીતના શબ્દો હતાઃ 'મેરે પિયા ગયે રંગૂન, વહાં સે કિયા હૈ ટેલિફૂન, તુમ્હારી યાદ સતાતી હૈ...' આ મજેદાર પ્રેમગીતનો અને તેમાં આપવામાં આવેલાં શહેરનો આડકતરો સંબંધ બીજા વિશ્વ યુદ્ધના સમય સાથે હોય એવું માનવામાં ન આવે, પણ આ હકીકત છે. બીજા વિશ્વયુદ્ધ વખતે જપાની સેના બર્મા (મ્યાંમાર) પહોંચી ગઈ હતી. તેનો સામનો કરવા માટે બ્રિટિશરોએ ભારતીય સૈનિકોને બર્માને મોરચે મોકલ્યા હતા. એ વખતે ભારતીય સૈનિકો પોતાને વતન પત્ની અને પરિવારને પત્ર લખી ખબર આપતા, કારણ એ જમાનામાં ટેલિફોન તો એક લકઝરી ગણાતી. રાજા મહારાજાના મહેલોમાં, ગોરા હાકેમોના બંગલામાં, પોલીસમાં કે સરકારી ઓફિસમાં જ મોટે ભાગે ટેલિફોન રહેતા હતા. વિશ્વ યુદ્ધ પૂરૂં થયું તેના બે-ત્રણ વર્ષ પછી ભારતને આઝાદી મળી અને ૧૯૪૯માં ફિલ્મ બની 'પતંગા'. આ ફિલ્મમાં ગીતકાર રાજેન્દ્ર કૃષ્ણએ ટેલિફોન કેવી લકઝરી ગણાતી અને બર્મા મોર્ચે લડવા ગયેલા ભારતીયો પોતાની પત્નીઓને પત્ર લખી કેવી રીતે સંપર્કમાં રહેતા તે દર્શાવતું આ ગીત લખ્યું ને તેમાં 'ટેલિફોન' શબ્દ વણી લીધોઃ 'મેરે પિયા ગયે રંગૂન વહાં સે કિયા હૈ ટેલિફૂન, તુમ્હારી યાદ સતાતી હૈ...' ફિલ્મની હિરોઈન કેટલો ગર્વ અનુભવે છે કે મારા પિયા ઠેઠ રંગૂન ગયા છે છતાં ત્યાંથી ટેલિફોન કરીને મારા ખબરઅંતર પૂછે છે એ કેટલી મોટી વાત કહેવાય! હવે તો બર્માનું નામ મ્યાંમાર થઈ ગયું છે અને રંગૂનનું નામ યાંગૂન થઈ ગયું છે, છતાંશમશાદ બેગમ અને સી. રામચંદ્રએ ગાયેલા આ સાત દાયકા જૂના ગીતની લોકપ્રિયતા હજુ ટકી રહી છે.

# ઈથેનોલથી દોડશે વાહનો : સરકાર 100 ટકા બ્લેંડિંગ કરવાની તૈયારીમાં

**20 ટકા ઈથેનોલ બ્લેંડિંગ થકી જ વર્ષે 1000 લિટર ક્રૂડની બચત થાય છે તો 100 ટકા બ્લેંડિંગથી મોટો ફાયદો થવાની આશા**




**પેટ્રોલની ઓળખ હવે E10/Eથી બદલીને E10/E20 કરવામાં આવશે. આ સાથે જ E85 અને E100ને પણ સત્તાવાર રીતે નિયમોમાં સામેલ કરવામાં આવશે. તેવી જ રીતે બાયોડીઝલને B10થી વધારીને B100 સુધી અપડેટ કરવાનો પ્રસ્તાવ છે. જો ખરેખર તેવું શક્ય બનશે તો એનર્જી સેક્ટરમાં એક મોટું અને ક્રાંતિકારી પરિવર્તન આવશે : ઈથેનોલ બ્લેંડિંગનો અર્થ છે પેટ્રોલમાં ઈથેનોલ ભેગું કરવું. ભારતમાં હાલમાં જે પેટ્રોલ એન્જિન છે તેની ક્ષમતા E20 છે. સરકાર હવે તેને વધારીને ૮૫ અને ૧૦૦ ટકા લઈ જવા માગે છે. સરકાર ઈચ્છે છે કે, નવા એન્જિન વિકસાવવામાં આવે જે પેટ્રોલના સ્થાને સંપૂર્ણ રીતે ઈથેનોલ ઉપર જ કામ કરે : ૨૦૧૪માં ભારતની ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા માત્ર ૨૦૦ કરોડ લિટર હતી**

અમેરિકા અને ઈરાનના યુદ્ધના કારણે દુનિયાભરમાં પેટ્રોલ અને ડીઝલની તંગી સર્જાયેલી છે. બીજી તરફ જે દેશો પાસે સ્ટોક છે તે ખુટવા લાગ્યો છે. ઘણા દેશો દ્વારા વૈકલ્પિક ઈંધણોના ઉપયોગની કવાયત હાથ ધરવામાં આવી છે. ભારતે પણ પેટ્રોલ અને ડીઝલના વિકલ્પો અને તેની સાથે અન્ય કેમિકલ્સ અને પદાર્થોની ભેળસેળ કરીને નવા ફ્યુઅલ વિકસાવવાની દિશામાં અને તેનો ઉપયોગ કરવાની દિશામાં પ્રયાસ કરાઈ રહ્યા છે. એક તરફ સ્ટોક ઘટી રહ્યો છે અને બીજી તરફ પેટ્રોલના અને ડીઝલના ભાવમાં તોતિંગ વધારો ઝિંકાવાની શક્યતાઓ છે ત્યાં સરકારે પેટ્રોલ અને ડીઝલ ઉપર નિર્ભરતા ઓછી કરવા નવું સાહસ કરવાનું નક્કી કર્યું છે. તાજેતરમાં જ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય (MoRTH) દ્વારા એક નવું નોટિફિકેશન જારી કરવામાં આવ્યું છે. મંત્રાલય દ્વારા મોટર વ્હીકલ એક્ટ હેઠળ એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે જેમાં પેટ્રોલમાં વધુ માત્રામાં ઈથેનોલ ભેળવવાના નિયમોનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. જો આ પ્રસ્તાવ લાગુ થશે, તો આગામી સમયમાં વાહનો સંપૂર્ણપણે ઈથેનોલથી પણ ચાલી શકશે. સરકાર ૧૦૦ ટકા ઈથેનોલથી જ વાહનો ચલાવવાની તૈયારીમાં છે. જાણકારોના મતે આ ડ્રાફ્ટ નોટિફિકેશનનો હેતુ કાર્બન ઉત્સર્જન સંબંધિત નિયમો, ફ્યુઅલ ક્લાસિફિકેશન અને હાઈ ઈથેનોલ બ્લેન્ડ સાથે જોડાયેલા ટેકનિકલ શબ્દોમાં ફેરફાર કરવાનો છે. સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ-૧૯૮૯માં સુધારો કરીને E85 અથવા E100 સુધીના ઈંધણ માટે વાહન સ્ટાન્ડર્ડનો સમાવેશ કરવાની વાત આ પ્રસ્તાવમાં કરવામાં આવી છે.

ડ્રાફ્ટમાં ઈંધણની નવી કેટેગરી નક્કી કરવાનો પણ પ્રસ્તાવ છે. જેમ કે પેટ્રોલની ઓળખ હવે E10/Eથી બદલીને E10/E20 કરવામાં આવશે. આ સાથે જ E85 અને E100ને પણ સત્તાવાર રીતે નિયમોમાં સામેલ કરવામાં આવશે. તેવી જ રીતે બાયોડીઝલને B10થી વધારીને B100 સુધી અપડેટ કરવાનો પ્રસ્તાવ છે. અહેવાલો પ્રમાણે ઊર્જા જરૂરિયાતોમાં આત્મનિર્ભરતા લાવવાના પ્રયાસ રૂપે જ ૧૦૦ ટકા ઈથેનોલ બ્લેંડિંગ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જો ખરેખર તેવું શક્ય બનશે તો એનર્જી સેક્ટરમાં એક મોટું અને ક્રાંતિકારી પરિવર્તન આવશે. તેનાથી ક્રૂડ ઉપરની નિર્ભરતા ઓછી થશે અને પર્યાવરણ બચાવવામાં અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મોટી સફળતા મળશે. તે ઉપરાંત ખેડૂતોની આવકમાં પણ મોટો વધારો થશે જેના દ્વારા અર્થતંત્રને જ વેગ મળશે.

ઉલ્લેખનીય છે કે, ઈથેનોલ બ્લેંડિંગનો અર્થ છે પેટ્રોલમાં ઈથેનોલ ભેગું કરવું. ભારતમાં હાલમાં જે પેટ્રોલ એન્જિન છે તેની ક્ષમતા E20 છે. તેનો અર્થ એ છે કે, પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવી શકાય છે. ઈથેનોલ બ્લેંડેડ પેટ્રોલ હેઠળ સરકારે ગત વર્ષે ૧ એપ્રિલથી આ નીતિ લાગુ કરી દીધી હતી. હાલમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથનેલો ભેળવવામાં આવે છે. સરકાર હવે તેને વધારીને ૮૫ અને ૧૦૦ ટકા લઈ જવા માગે છે. સરકાર ઈચ્છે છે કે, નવા એન્જિન વિકસાવવામાં આવે જે પેટ્રોલના સ્થાને સંપૂર્ણ રીતે ઈથેનોલ ઉપર જ કામ કરે.



ઉલ્લેખનીય છે કે, ઈથેનોલ એક પ્રકારનો આલ્કોહોલ જ ગણાય છે જે શેરડી, મકાઈ અને ચોખામાંથી બનાવવામાં આવે છે. પહેલાં તેમાંથી સુગર દૂર કરવામાં આવે છે અને ત્યારબાદ તેમાં યીસ્ટ ભેળવવામાં આવે છે. યીસ્ટ આ સુગરને ઈથેનોલ અને ગેસમાં પરિવર્તિત કરી દે છે. આ પ્રક્રિયાને ફર્મેન્ટેશન કહેવામાં આવે છે. ત્યારબાદ જે મિશ્રણ તૈયાર થાય છે તેને ડિસ્ટિલેશન કરીને તેમાંથી પાણી અલગ કરવામાં આવે છે. આ પ્રોસેસ થયા બાદ જે ઈથેનોલ વધે છે તેનો ઉપયોગ ફ્યૂઅલ તરીકે અથવા તો અન્ય ઈંધણ તરીકે કરવામાં આવે છે. ભારત ઈથેનોલના ઉત્પાદનમાં સતત નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. ૨૦૧૪માં ભારતની ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા માત્ર ૨૦૦ કરોડ લિટર હતી. જે હાલમાં અંદાજે ૧૮૦૦થી ૨૦૦૦ કરોડ લિટર સુધી પહોંચી ગઈ છે. દેશમાં હવે E20 બ્લેંડિંગ ફરજિયાત કરવામાં આવ્યું છે જેના માટે ૧૦૦૦ કરોડ લિટરની જ જરૂર પડે છે. સરકાર આગામી પાંચ વર્ષોમાં ઉત્પાદનને પાંચ ગણું કરવા માગે છે અને તેનો વપરાશ પણ પાંચ ગણો વધે તે દિશામાં કામ કરી રહી છે. તેના માટે ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીને ફ્લેક્સ ફ્યૂઅલ ટેક્નોલોજી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. તેના માટે નવી નીતિઓ પણ બનાવઈ રહી છે. જાણકારો માને છે કે, E100 પોલિસી લાગુ થયા બાદ વાહનોમાં પેટ્રોલના સ્થાને ૧૦૦ ટકા ઈથેનોલનો ઉપયોગ કરવામાં આવશે. તેના કારણે ભારતમાં ક્રૂડ અને અશ્મિગત ઈંધણ ઉપર નિર્ભરતા ઘટશે. તે ઉપરાંત આ ફ્યૂઅલ સંપૂર્ણ રીતે સ્વદેશી હશે તેથી આત્મનિર્ભરતા પણ આવશે. ખાસ વાત એ છે કે, આ ફ્યૂઅલ એન્જિન માટે વધારે ફાયદાકારક હશે કારણ કે તેનો ઓક્ટેન આંક ઘણો ઉંચો હોય છે. તેનાથી એન્જિન એકદમ સ્મૂધ ચાલશે અને તેની લાઈફ વધી જશે. તેમાંથી કાર્બન મોનોક્સાઈડ અને હાઈડ્રોકાર્બન જેવા જીવલેણ ગેસ નહીવત પ્રમાણમાં નીકળે છે. તેના કારણે તેને કાર્બન ન્યૂટ્રલ ફ્યૂલ પણ કહેવામાં આવે છે. તેના ઉપયોગને પ્રોત્સાહન આપવાથી ગ્રીનહાઉસ ગેસની અસર ઓછી કરવામાં મદદ મળશે અને પ્રદુષણ સામેના જંગમાં હકારાત્મકતાથી આગળ વધી શકાશે. ખાસ વાત એ છે કે, આ ક્ષેત્રમાં જેટલા લાભ દેખાય છે તેની સામે પડકારો પણ રહેલા છે. સૌથી મોટો પડકાર તો માઈલેજનો આવશે. ઈથેનોલમાં પેટ્રોલની સરખામણીએ ૩૦થી ૩૫ ટકા ઓછી ઊર્જા હોય છે. તેના કારણે કોઈપણ વાહનની માઈલેજમાં ૨૦ થી ૩૦ ટકાનો ઘટાડો આવી શકે તેમ છે. આ ફ્લૂઅલનો લાંબા સમય સુધી ઉપયોગ કરવા દરમિયાન જૂના થયેલા વાહનોના એન્જિનમાં કાટ લાગવાનો ભય રહેલો છે. તે ઉપરાંત શિયાળાના સમયમાં ઠંડા થઈ ગયેલા વાહનો ચાલુ કરવામાં પણ સમસ્યા આવી શકે છે. આ ઉપરાંત E100 માટે ખાસ પ્રકારના એન્જિન અને ફ્યૂઅલ સિસ્ટમ બનાવવા પડશે જે યોગ્ય રીતે કામ કરે. તેના માટે સરકારે ફ્લેક્સ ફ્યૂઅલથી ચાલતા એન્જિન ધરાવતા વાહનો બનાવવા પડશે જે ૧૦૦ ટકા ઈથેનોલનો જ ઉપયોગ કરી શકે.

# એક્ઝિટ પોલ અને ઓપિનિયન પોલમાં શું તફાવત

એક્ઝિટ પોલ એક પ્રકારનો સર્વે છે. મત આપીને મતદાન મથકમાંથી બહાર નીકળતી વ્યક્તિને પૂછવામાં આવે છે કે એણે કયા પક્ષને મત આપ્યો. વિવિધ સર્વે એજન્સીઓ અને ટીવી ચેનલો આ કામ કરે છે. કાયદાકીય બંધનને કારણે હવે સંપૂર્ણ મતદાન પુરુ નહીં થઈ જાય ત્યાં સુધી એક્ઝિટ પોલ જાહેર કરાતો નથી. અલગ અલગ બુથ પરથી આંકડા મેળવીને આંકડા ભેગા કરવામાં આવે છે, પરંતુ આ સેમ્પલ ખૂબ ઓછી વ્યક્તિના હોવાથી હંમેશા સાચા પડતા નથી. એક્ઝિટ પોલ માટે આશરે ૩૦-૩૫ હજારથી લઈને ૧ લાખ મતદાર સાથે વાતચીત કરવામાં આવે છે. એજન્સીઓ ઓપીનીયન પોલ ચૂંટણી પહેલા કરાવે છે. એમાં બધા લોકોનો સમાવેશ થાય છે. ભલે એ મતદાર કેમ નહીં હોય. ઓપીનીયન પોલ દ્વારા ચૂંટણી આવે ત્યારે કયા પ્રશ્નો લોકોને સ્પર્શે છે એની નાડ પારખવામાં આવે છે. કયાં પક્ષ પ્રત્યે લોકોની નારાજગી છે અને કયા પક્ષના કામથી એમને સંતોષ છે એ જાણવામાં આવે છે.




સુપ્રિમ કોર્ટે ભાર આપીને કહ્યું છે કે આગોતરા જામીન અરજી નકારતી વખતે આરોપીને ટ્રાયલ કોર્ટ સામે સરેન્ડર કરવાનું કહી શકાય નહીં. આ સત્તા કોર્ટ પાસે નથી. કોર્ટે ટીપ્પણી કરી હતી કે, 'જો કોર્ટ આગોતરા જામીન અરજી નકારવા માંગે તો એમ કરી શકે છે, પરંતુ કોર્ટ પાસે એવું કહેવાની સત્તા નથી કે અરજી કરનારે સરેન્ડર કરવું જોઈએ.' જસ્ટીસ જેબી પારડીવાલા અને જસ્ટીસ ઉજ્જ્વલ ભૂઈયાની બેન્ચ એક વ્યક્તિએ કરેલી અરજીની સુનાવણી કરી રહી હતી. આ વ્યક્તિ પર છેતરપીંડી કરવાનો આરોપ છે. ઝારખંડ હાઈકોર્ટે આ વ્યક્તિની આગોતરા જામીન અરજી ફગાવીને એને સરેન્ડર કરવાનું કહ્યું હતું. આ ચુકાદાની સામે અરજી કરનારે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી હતી.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તનની સંભાવના ફગાવી દીધી છે. ખડગેએ કહ્યું છે કે, મુખ્યમંત્રી બદલવાનો કોઈ પ્રશ્ન નથી. કર્ણાટકમાં ચાલી રહેલા વિવાદ વચ્ચે ખડગેના નિવેદનને કારણે ડીકે શિવકુમારની અપેક્ષા પર પાણી ફરી વળ્યું છે. કર્ણાટકમાં એવી વાત ચાલી રહી છે કે જ્યારે ૪થી મેએ ચાર રાજ્ય અને એક કેન્દ્રીય શાસીત પ્રદેશની ચૂંટણીના પરિણામ જાહેર થશે ત્યાર પછી નેતૃત્વ પરિવર્તન અને કેબિનેટમાં ફેરફારનો નિર્ણય લેવામાં આવશે. ડી કે શિવકુમાર અને એમના ભાઈ તેમજ ભૂતપૂર્વ સાંસદ ડી કે સુરેશ હમણા જ કોંગ્રેસ હાઈકમાન્ડને મળ્યા હતા. કોંગ્રેસના વર્તુળોમાં એવી પણ વાત ચાલી રહી છે કે, જો કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તન થાય તો ખડગે પોતે જ મુખ્યમંત્રી બનવા માંગે છે. રાજ્યના ગૃહમંત્રી જી પરમેશ્વરે ત્યાં સુધી કહ્યું છે કે જો ખડગે મુખ્યમંત્રી બને તો પક્ષ એમનું સ્વાગત કરશે. ઝડપથી બદલાતા આંતરરાષ્ટ્રીય સમીકરણોની વચ્ચે ભારત સરકાર, દેશના વૈજ્ઞાનીકો અને સૈન્યના અધિકારીઓ દુશ્મનથી બચવા માટે તમામ પ્રયત્ન કરી રહ્યા છે. દેશમાં સુરક્ષા મોરચે આત્મનિર્ભર બનવાની દિશામાં પ્રયત્નો થઈ રહ્યા છે. દેશના સૈન્યના મનમાં શું છે? કેવા પ્રકારના હથિયારો જરૂરી છે? આવા બધા સવાલોની ચર્ચા કરવા માટે દિલ્હીમાં નેશનલ સિક્યુરીટી સમીટ મળી હતી. આ સમીટમાં રક્ષામંત્રી રાજનાથ સિંહ, લશ્કરના અધિકારીઓ અને ડીઆરડીઓના પ્રમુખે હિસ્સો લીધો હતો. રાજનાથ સિંહે એવી જાહેરાત કરી હતી કે ઓપરેશન સિંદુર કોઈના કહેવાથી અટકાવવામાં આવ્યું નહોતું, પરંતુ નિર્ણય ભારતનો હતો. રાજનાથ સિંહે થોડા દિવસો પહેલા કરેલી ટ્વીટમાં જણાવ્યું હતું કે આતંકવાદીઓનો કોઈ ધર્મ નથી અને દેશ નથી. જોકે સમીટમાં એમણે ફેરવી તોળીને કહ્યું હતું કે આતંકવાદનું કેન્દ્ર પાકિસ્તાન છે. કોંગ્રેસના પ્રવક્તા અને નેતા પવન ખેડાએ આસામ પોલીસ એમની ધરપકડ નહીં કરે એ માટે સુપ્રિમ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. સુપ્રિમ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો છે. પવન ખેડાએ આક્ષેપ કર્યો હતો કે આસામના મુખ્યમંત્રીના પત્ની પાસે અલગ અલગ પાસપોર્ટ છે અને વિદેશમાં ગેરકાયદેસર સંપત્તીઓ છે. ત્યાર પછી આસામ પોલીસે અલગ અલગ ફરિયાદો નોંધી હતી અને પવન ખેડાને શોધવા માટે દિલ્હી ખાતે એમના ઘરે ગઈ હતી. પવન ખેડા ત્યાર પછી અંડર ગ્રાઉન્ડ થઈ ગયા છે. જસ્ટીસ જે કે મહેશ્વરી અને જસ્ટીસ એ એસ ચંદુરકરની બેન્ચે બંને પક્ષોને સાંભળ્યા પછી ચુકાદો અનામત રાખ્યો હતો. આરોપી તરફે દલીલ કરવામાં આવી હતી કે મુકવામાં આવેલા તમામ આરોપ ટ્રાયલનો વિષય છે અને એને માટે ધરપકડની કોઈ જરૂરીયાત નથી. બીજી તરફ સરકારી વકીલે અરજીનો વિરોધ કરીને દસ્તાવેજો રજુ કર્યા હતા.

## ઈઝરાયલમાં નેતન્યાહૂના બે હરીફ નેતાઓની પાર્ટી એક થતાં સમીકરણો બદલાશે

૧૯૪૮માં ઈઝરાયલ નામનો નવો દેશ અસ્તિત્વમાં આવ્યો તેના એક વર્ષ પછી ૧૯૪૯માં પ્રથમ ચૂંટણી થઈ હતી. તે વખતે જેટલા નેતાઓ ચૂંટણી લડતા હતા એ સૌ ઈઝરાયલને અલગ દેશની માન્યતા મળે તે માટે સંયુક્ત રીતે લડત ચલાવતા હતા. ઈઝરાયલની પ્રથમ ચૂંટણી વખતે ચૂંટણી જીતવાનું રાજકારણ ન હતું. એ ચૂંટણી એક રીતે લોકશાહી સ્થાપિત કરવા માટેનો પ્રયાસ હતો. એમાં એકબીજાને હરાવીને સત્તામાં બેસવાની હરીફાઈ ન હતી. ઈઝરાયલના તે વખતના સર્વમાન્ય નેતા ડેવિડ બૅન બ્રિટન સાથે વાટાઘાટો ચાલતી હતી ત્યારે ઈઝરાયલની માગણી સાથે બનેલી સરકારના વડાપ્રધાન હતા. ચૂંટણી પછીય ૪૬ બેઠકો જીતીને ડેવિડ બૅન જ વડાપ્રધાન બન્યા. તે પછીની ૧૯૫૧, ૧૯૫૫, ૧૯૫૯ અને ૧૯૬૧ એમ ચાર-ચાર ચૂંટણીમાં ડેવિડ બૅન જ વિજેતા બન્યા. તેમની પાર્ટીને જ સૌથી વધુ બેઠકો મળતી હતી અને બાકીના પક્ષો તેમને સમર્થન આપતા હતા. આ સિલસિલો ૧૯૬૩માં તૂટયો. ઈઝરાયલના સ્થાપક વડાપ્રધાન ડેવિડની ઉંમર થતાં તેમના પર સત્તા છોડવાનું દબાણ વધ્યું ને આખરે તેમણે ૧૯૬૩માં રાજીનામું આપ્યું. ૧૯૬૫ની ચૂંટણી પરિવર્તન લઈને આવી. લેવી એશ્કોય નામના નવા નેતાનો ઉદય થયો. એ પછી નવી નવી પાર્ટી બનતી ગઈ અને વડાપ્રધાનો પણ બદલાતા રહ્યા. એક બાબત ન બદલાઈ. તે એ કે કોઈ પણ પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળતી ન હતી. ઈઝરાયલની સ્થાપના સમયથી જ ગઠબંધનની સરકારનો સિલસિલો શરૂ થયો હતો. એ ચાલતો રહ્યો. ૧૯૬૯ની ચૂંટણીમાં મહિલા નેતા ગોલ્ડા મેઈરના નેતૃત્વમાં અલાઈનમેન્ટ નામની પાર્ટીએ ૫૬ બેઠકો મેળવી હતી. ૧૨૦ બેઠકોમાંથી બહુમતી માટે ૬૧ બેઠકો જરૂરી હોય છે. ગોલ્ડા મેઈરને મળેલી બેઠકો આજ સુધી કોઈ પણ નેતાને મળેલી સર્વાધિક બેઠકો છે. ગોલ્ડા મેઈર ઈઝરાયલનાં પ્રથમ અને એકમાત્ર મહિલા વડાંપ્રધાન હતાં. ગોલ્ડા બે વખત વડાંપ્રધાન બન્યાં હતાં. બીજી વખત તેમની પાર્ટીને ૫૧ બેઠકો મળી હતી. તો ઈઝરાયલના રાજકારણની આ વિશેષતા છે. સ્થાપક વડાપ્રધાનથી લઈને લોકપ્રિય વડાંપ્રધાન ગોલ્ડા સુધી કોઈનેય સ્પષ્ટ બહુમતી મળી નહીં. ભલભલા યુદ્ધો થાય ને દેશદાઝની લહેર ઉઠે તો પણ એકેય નેતાને બહુમતીનો મેજિક આંકડો સ્પર્શવા મળતો નથી. ઈઝરાયલમાં કાયમ ગઠબંધનથી જ સરકાર ચલાવવી પડે. બીજી વિશેષતા એ કે યુદ્ધની સ્થિતિ આવી પડે ત્યારે વિપક્ષ જેવું કંઈ હોય નહીં. વિપક્ષના નેતાઓ દેશહિતમાં એક થઈ જાય. જે સરકારે યુદ્ધ શરૂ કર્યું હોય કે કરવું પડયું હોય તેને સમર્થન આપે. તે એટલે સુધી કે ઘણાં વડાપ્રધાનો યુદ્ધની પરિસ્થિતિ વખતે સર્વપક્ષીય સરકારની રચના કરી નાખે. બધી જ પાર્ટીના નેતાઓ સરકારમાં મંત્રી હોય એટલે બધા નિર્ણયો સર્વાનુમતે લેવાતા હોય. આ રાજકીય પેટર્ન ઈઝરાયલના રાજકારણને અલગ બનાવે છે, અથવા એમ કહીએ કે અત્યાર સુધી આ મુદ્દે ઈઝરાયલનું રાજકારણ અલગ હતું. રાજકીય અસ્થિરતામાં સ્થિરતા એ ઈઝરાયલના રાજકારણની વિશેષતા હતી. યુદ્ધનો ઉપયોગ રાજકીય હેતુથી ન કરવો ને યુદ્ધમાં રાજકારણ ન કરવું એ ઈઝરાયલની ખાસિયતના દુનિયામાં ઉદાહરણો અપાતા હતા, પરંતુ હવે આ પેટર્નમાં પરિવર્તન આવ્યું છે. આ અપવાદનો અંત આવે એવાં સમીકરણો સર્જાયાં છે ને સૌથી વધુ વર્ષ વડાપ્રધાન રહેવાનો રેકોર્ડ બનાવનારા નેતન્યાહૂને આ સિલસિલો બ્રેક કરવા માટે ભવિષ્યમાં ઈઝરાયલના રાજકારણમાં યાદ રખાય તો નવાઈ નહીં.

## એક્ઝિટ પોલનો તમાશોઃ મુઠ્ઠીભર મંતવ્યો દ્વારા રચાતું ભ્રમણાનું ગણિત

ભારતીય રાજકારણમાં ચૂંટણીની રંગત મતદાન પછી પણ ચાલુ રહે છે. મતદાન પુરૂં થયા પછી કરવામાં આવતા એક્ઝિટ પોલ આમ તો નર્યું નાટક છે, પણ તોય જનતાને એમાં રસ પડે છે. એક્ઝિટ પોલ ચ્યુંઈંગ ગમ સમાન હોય છે. લોકો અને મિડીયા તેને ચગળ્યા કરે છે અને પરિણામો આવે ત્યારે કેટલીય વાર ભોંઠા પડે છે. અનુભવી રાજકારણીઓ પોતાના પક્ષના ઉમેદવારોની તાકાત જાણતા હોય છે. બધા પક્ષોને અંદરખાને ખબર હોય છે કે તેમના ઉમેદવારમાં કેટલો દમ છે, તેમ છતાં પોઝિટિવ એક્ઝિટ પોલ જોઈને તેઓ હરખાયા કરે છે. એક્ઝિટ પોલે અનેક વાર રાજકીય પક્ષોને કડવો ઘૂંટ પીવડાવ્યો છે. એક્ઝિટ પોલનાં પરિણામો રાજકીય પક્ષો અને તેમના સમર્થકોને સપનાં જોતાં કરે છે. એક્ઝિટ પોલ ગમે તે એજન્સીએ કન્ડક્ટ કર્યો હોય, પરંતુ કોઈ તેના પર ભરોસો મુકતું નથી. સૌની નજર અંતિમ પરિણામો પર જ હોય છે.

એક્ઝિટ પોલ આમ કો આંકડાકીય સાયન્સ છે. લાખો મતદારોમાંથી મુઠ્ઠીભર લોકોને પૂછીને, સોશિયલ મિડીયા પર થઈ રહેલી ધમાધમને તાગીને અને સમગ્રપણે ઊભી થતી અસરના આધારે એક્ઝિટ પોલ તૈયાર કરાતા હોય છે. જે એજન્સીનો એક્ઝિટ પોલ ખોટા પડે છે તે ક્યારેય લોકોની માફી માગતી નથી. સૌ પોતપોતાના ગણિતને ટકોરાબંધ માનીને બહુ આત્મવિશ્વાસ સાથે એક્ઝિટ પોલ બહાર પાડતા હોય છે. અનેક યુટયુબ ચેનલો તો વળી ટેબલ પર જ આંકડા તૈયાર કરીને પોતાની રીતે કોણ જીતશે તે બતાવવા ટેબલસ્ટોરી ઘસડી મારે છે. અનેક ચેનલો પોતાને ગમતા પક્ષને કે આર્થિક સહાય કરતા પક્ષને 'જીતાડતા' હોય છે. તેઓ અમુક ચોક્કસ પાર્ટીના વિજય માટે હવા ઊભી કરવા માગતા હોય છે.

ટીવી ચેનલો એક્ઝિટ પોલ માટે પુષ્કળ સમય ફાળવે છે, પણ સવાલ એ છે કે શું ખરેખર એક્ઝિટ પોલની કશી જરૂર હોય છે ખરી? મતદાન પુરૂં થાય કે કલાકમાં એક્ઝિટ પોલના વર્તારા ટીવી સ્ક્રીન પર આવતા થઈ જાય છે. ખરેખર તો આ બધી આંકડાની આતશબાજી હોય છે. તેમ છતાં ખાસ કરીને રાજકારણ સાથે સંકળાયેલા લોકો તેની રાહ જોઈને બેઠા હોય છે. એક્ઝિટ પોલના આંકડા અને આ લોકોની આશા ખોટા એટલા માટે પડે છે કે ભારતના મતદાતાને પોતે કોને વોટ આપ્યો તે સાચેસાચું કહી દેવાની આદત નથી. ૨૦૨૪ની લોકસભામાં એક્ઝિટ પોલે એનડીએને ૩૮૦થી ૪૦૦ બેઠક પર વિજય મળશે એવી ભવિષ્યવાણી કરી હતી, પરંતુ પરિણામો આવ્યાં ને એનડીએને ઓછી બેઠકો મળી એટલે જનતા દળ (યુ)નો ટેકો લેવો પડયો હતો. એવું જ હરિયાણા વિધાનસભાનાં પરિણામોમાં થયું હતું. અહીં કોંગ્રેસે બહુમતી સાથે સરકાર બનાવી હતી. ભાજપ અને કોંગ્રેસ સહિતના મુખ્ય રાજકીય પક્ષો જાણે છે કે એક્ઝિટ પોલ જવાબદાર હોતા નથી. જોકે સોશિયલ મિડીયા પર તો એક્ઝિટ પોલ સંબંધિત પોસ્ટ્સનું પૂર આવી જતું હોય છે. એક્ઝિટ પોલમાં જે પક્ષને જીતતો વિજય બતાવાય છે તે અંતિમ પરિણામો આવે ત્યાં સુધી જીતનો આનંદ લૂંટતો રહે છે. તેઓ એક્ઝિટ પોલને આવકારે છે. રાજકીય સત્તા હાંસલ કરવા માગતા રાજકારણીઓ માટે એક્ઝિટ પોલની જીત અમૃત સમાન હોય છે. અંતિમ પરિણામો આવતાં પહેલાંનાં પરિણામો જાણવાની ઉત્કંઠા આત્મવિશ્વાસનો અભાવ દર્શાવે છે. એક્ઝિટ પોલ લોકોનો સમય બગાડે છે અને ભ્રમણામાં વધારો કરે છે. અનેક ઉમેદવારો જીતવા માટે વિવિધ ગુરૂ-બાવાઓ-ભુવાઓના આશીર્વાદ લેતા ફરે છે.

### નજરથી બચવા માટે કાળો દોરો-હનુમાન ચાલીસા, નિક સાથેની પહેલી મુલાકાતની તસવીર

# પ્રિયંકા ચોપરાએ જાહેરમાં પહેલીવાર પર્સનો પટારો ખોલ્યો!

## પ્રિયંકા ચોપરા અને નિક જોનસે વર્ષ 2018માં લગ્ન કર્યાં હતાં. જાન્યુઆરી 2022માં દીકરી માલતીનો જન્મ થયો હતો

ફિલ્મ સ્ટાર્સ અને સેલિબ્રિટીઝ જ્યારે ટ્રાવેલ કરે છે અથવા સાથે મોંઘા બેગ લઈને ચાલે છે, ત્યારે તેમાં તેઓ શું રાખતા હશે? આ સવાલ અવારનવાર લોકોના મનમાં ચાલતો હોય છે. સામાન્ય રીતે લોકો વિચારતા હોય છે કે લાખો રૂપિયાના બેગમાં કઈ ખાસ વસ્તુઓ હશે. દરેક સેલિબ્રિટી પોતાની પસંદગી અને જરૂરિયાત મુજબ વસ્તુઓ રાખે છે, પરંતુ શું તમે જાણો છો કે ગ્લોબલ આઈકોન પ્રિયંકા ચોપરા પોતાના બેગમાં શું લઈને ચાલે છે? વર્ષ 2019માં પ્રિયંકાએ જણાવ્યું હતું કે તે બેગમાં 'અમેરિકન હોટ સોસ' રાખે છે, જે સાંભળી ફેન્સ હેરાન રહી ગયા હતા. હવે એક્ટ્રેસે કેટલીક નવી વસ્તુઓ વિશે જણાવ્યું છે, જેમાં હનુમાન ચાલીસાથી લઈને નજરિયાનો પણ સમાવેશ થાય છે.

પ્રિયંકા ચોપરાએ તાજેતરમાં 'વોગ ઈન્ડિયા'ને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે ટ્રાવેલ કરતી વખતે તે પરફ્યુમ, હેર સ્પ્રે અને સનગ્લાસ સિવાય 'નજરિયું' પણ સાથે રાખે છે. તેણે કહ્યું- 'ભારતમાં આપણે કાળો દોરો પહેરીએ છીએ. આ નજરિયું છે, જે ખરાબ નજરથી બચાવતા બ્રેસલેટ (ડેવિલ આઈ) જેવું છે. ભારતમાં અમારું માનવું છે કે તે નકારાત્મક શક્તિઓને દૂર રાખે છે. મને આ બધી વસ્તુઓ સાથે રાખવી ગમે છે. સુરક્ષા માટે જેટલું થઈ શકે તેટલું સારું છે, તો કેમ ન કરવું?'ઈન્ટરવ્યૂમાં પ્રિયંકાએ પોતાની પોકેટ હનુમાન ચાલીસા પણ બતાવી હતી. તેણે કહ્યું, 'હનુમાનજીની પ્રાર્થના માટે છે. હું તેને દરરોજ વાંચવાનો પ્રયત્ન કરું છું. મને લાગે છે કે આ ચાલીસા મારી દરેક મુસાફરીમાં રક્ષા કરે છે.' એક્ટ્રેસ વર્ષ 2017માં પણ કહી ચૂકી છે કે તે 'નજર'માં ખૂબ માને છે. જો તેની લાઈફમાં કંઈક સારું થતું હોય, તો તે જલ્દી કોઈને કહેતી નથી કારણ કે તે નજર લાગવાની બાબતે જૂની ભારતીય પરંપરાઓમાં વિશ્વાસ ધરાવે છે.પ્રિયંકાએ પોતાના પર્સમાંથી પતિ નિક જોનસ સાથેની વર્ષ 2018ની સૌથી પહેલી તસવીર પણ બતાવી હતી, જે તે હંમેશા સાથે રાખે છે. આ સિવાય તે ડાઘ હટાવવા માટે 'ટાઈડ પેન' પણ રાખે છે. પ્રિયંકાએ હસતા હસતા કહ્યું, 'ડિઝાઈનર કપડાંની બાબતમાં મારો ભરોસો ન કરી શકાય. ગોલ્ડન ગ્લોબ્સ દરમિયાન પિઝા ખાતા સમયે મેં ડ્રેસ પર ડાઘ લગાવી દીધો હતો, ત્યારે આ પેનથી જ ડ્રેસ સાફ થયો હતો.'

પ્રિયંકાની બેગમાં લેબલ મારેલું પોર્ટેબલ ચાર્જર પણ હોય છે, જેથી તે ખોવાઈ ન જાય. તે ઘરમાં દરેક વસ્તુ પર લેબલ લગાવીને રાખે છે, જેથી નિક જોનસ તેની વસ્તુઓ ભૂલથી લઈ ન જાય. આ સિવાય, તેને અમુક એલર્જી હોવાથી તે 'Epi-Pen' અને



અસ્થમા હોવાને કારણે 'ઈનહેલર' પણ હંમેશા પોતાની પાસે રાખે છે.

પ્રિયંકા ચોપરા અને નિક જોનસે વર્ષ 2018માં લગ્ન કર્યાં હતાં. જાન્યુઆરી 2022માં દીકરી માલતીનો જન્મ થયો હતો. પ્રિયંકા ચોપરા અને નિક જોનસે વર્ષ 2018માં લગ્ન કર્યાં હતાં. જાન્યુઆરી 2022માં દીકરી માલતીનો જન્મ થયો હતો. પ્રોફેશનલ ફ્રન્ટની વાત કરીએ તો, પ્રિયંકા તાજેતરમાં 'ધ બ્લફ'માં જોવા મળી હતી. વર્ષ 2025માં તે 'હેડ્સ ઓફ સ્ટેટ'માં દેખાશે. આ ઉપરાંત, તે 'જજમેન્ટ ડે' અને એસ.એસ. રાજામૌલીની ફિલ્મ 'વારાણસી'માં જોવા મળશે, જે એપ્રિલ 2027માં રિલીઝ થવાની શક્યતા છે. ફિલ્મ સ્ટાર્સ અને સેલિબ્રિટીઝ જ્યારે ટ્રાવેલ કરે છે અથવા સાથે મોંઘા બેગ લઈને ચાલે છે, ત્યારે તેમાં તેઓ શું રાખતા હશે? આ સવાલ અવારનવાર લોકોના મનમાં ચાલતો હોય છે. સામાન્ય રીતે લોકો વિચારતા હોય છે કે લાખો રૂપિયાના બેગમાં કઈ ખાસ વસ્તુઓ હશે. દરેક સેલિબ્રિટી પોતાની પસંદગી અને જરૂરિયાત મુજબ વસ્તુઓ રાખે છે, પરંતુ શું તમે જાણો છો કે ગ્લોબલ આઈકોન પ્રિયંકા ચોપરા પોતાના બેગમાં શું લઈને ચાલે છે? વર્ષ 2019માં પ્રિયંકાએ જણાવ્યું હતું કે તે બેગમાં 'અમેરિકન હોટ સોસ' રાખે છે, જે સાંભળી ફેન્સ હેરાન રહી ગયા હતા. હવે એક્ટ્રેસે કેટલીક નવી વસ્તુઓ વિશે જણાવ્યું છે, જેમાં હનુમાન ચાલીસાથી લઈને નજરિયાનો પણ સમાવેશ થાય છે.

પ્રિયંકા ચોપરાએ તાજેતરમાં 'વોગ ઈન્ડિયા'ને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે ટ્રાવેલ કરતી વખતે તે પરફ્યુમ, હેર સ્પ્રે અને સનગ્લાસ સિવાય 'નજરિયું' પણ સાથે રાખે છે. તેણે કહ્યું- 'ભારતમાં આપણે કાળો દોરો પહેરીએ છીએ. આ નજરિયું છે, જે ખરાબ નજરથી બચાવતા બ્રેસલેટ (ડેવિલ આઈ) જેવું છે. ભારતમાં અમારું માનવું છે કે તે નકારાત્મક શક્તિઓને દૂર રાખે છે. મને આ બધી વસ્તુઓ સાથે રાખવી ગમે છે. સુરક્ષા માટે જેટલું થઈ શકે તેટલું સારું છે, તો કેમ ન કરવું?'ઈન્ટરવ્યૂમાં પ્રિયંકાએ પોતાની પોકેટ હનુમાન ચાલીસા પણ બતાવી હતી. તેણે કહ્યું, 'હનુમાનજીની પ્રાર્થના માટે છે. હું તેને દરરોજ વાંચવાનો પ્રયત્ન કરું છું. મને લાગે છે કે આ ચાલીસા મારી દરેક મુસાફરીમાં રક્ષા કરે છે.' એક્ટ્રેસ વર્ષ 2017માં પણ કહી ચૂકી છે કે તે 'નજર'માં ખૂબ માને છે. જો તેની લાઈફમાં કંઈક સારું થતું હોય, તો તે જલ્દી કોઈને કહેતી નથી કારણ કે તે નજર લાગવાની બાબતે જૂની ભારતીય પરંપરાઓમાં વિશ્વાસ ધરાવે છે.પ્રિયંકાએ પોતાના પર્સમાંથી પતિ નિક જોનસ સાથેની વર્ષ 2018ની સૌથી પહેલી તસવીર પણ બતાવી હતી, જે તે હંમેશા સાથે રાખે છે. આ સિવાય તે ડાઘ હટાવવા માટે 'ટાઈડ પેન' પણ રાખે છે. પ્રિયંકાએ હસતા હસતા કહ્યું, 'ડિઝાઈનર કપડાંની બાબતમાં મારો ભરોસો ન કરી શકાય. ગોલ્ડન ગ્લોબ્સ દરમિયાન પિઝા ખાતા સમયે મેં ડ્રેસ પર ડાઘ લગાવી દીધો હતો, ત્યારે આ પેનથી જ ડ્રેસ સાફ થયો હતો.'પ્રિયંકાની બેગમાં લેબલ મારેલું પોર્ટેબલ ચાર્જર પણ હોય છે, જેથી તે ખોવાઈ ન જાય. તે ઘરમાં દરેક વસ્તુ પર લેબલ લગાવીને રાખે છે, જેથી નિક જોનસ તેની વસ્તુઓ ભૂલથી લઈ ન જાય. આ સિવાય, તેને અમુક એલર્જી હોવાથી તે 'Epi-Pen' અને અસ્થમા હોવાને કારણે 'ઈનહેલર' પણ હંમેશા પોતાની પાસે રાખે છે.

### બોડી લેંગ્વેજ ચેક કરવાના બહાને ડિરેક્ટરે કપડાં ઉતારવા કહ્યું!

# મિથુન ચક્રવર્તીની વહુ બની કાસ્ટિંગ કાઉચનો ભોગ; કહ્યું- પ્રોફેશનલિઝમના નામે 'ગંદી રમત' ચાલતી



એક્ટર મિથુન ચક્રવર્તીની વહુ અને ટીવી શો 'અનુપમા'માં કાવ્યાનો રોલ ભજવનાર મદાલસા શર્માએ કાસ્ટિંગ કાઉચને લઈને ખુલાસો કર્યો છે. એક્ટ્રેસે જણાવ્યું કે કરિયરના શરૂઆતના દિવસોમાં એક જાણીતા ડિરેક્ટરે તેની 'બોડી લેંગ્વેજ' ચેક કરવાના બહાને તેની સામે બિકીની પહેરવાની ડિમાન્ડ કરી હતી. મદાલસા તે સમયે ડિરેક્ટર પર ગુસ્સે થઈ ગઈ અને મીટિંગ છોડીને બહાર નીકળી ગઈ.મદાલસા શર્માએ તાજેતરમાં 'ધ મેલ ફેમિનિસ્ટ' પોડકાસ્ટમાં પોતાની આપવીતી સંભળાવી. તેણે જણાવ્યું કે આ ઘટના ત્યારે બની હતી જ્યારે તેની ઉંમર ફક્ત 19 વર્ષની હતી. એક જાણીતા ફિલ્મમેકરે તેને ફિલ્મ સંબંધિત મીટિંગ માટે બોલાવી હતી. ડિરેક્ટરે તેને કહ્યું કે તે ફિલ્મ માટે એવી છોકરી શોધી રહ્યા છે જે પડદા પર બિકીની પહેરવામાં સહજ હોય. મદાલસાએ જણાવ્યું કે પ્રોફેશનલ રીતે તેને આમાં કોઈ વાંધો નહોતો, તેથી તેણે હા પાડી દીધી. વાતચીત દરમિયાન ડિરેક્ટરે મદાલસાને કહ્યું કે તે અત્યારે તેની સામે બિકીની પહેરીને બતાવે, કારણ કે તે તેની 'બોડી લેંગ્વેજ' જોવા માંગે છે. આના પર મદાલસાએ કડક વલણ અપનાવ્યું. તેણે ડિરેક્ટરને કહ્યું, 'હું એક પ્રોફેશનલ એક્ટ્રેસ છું. જો ફિલ્મના સીનની માંગ હોય, તો હું કેમેરા સામે બિકીની કે કંઈ પણ પહેરવા તૈયાર છું કારણ કે તે મારી જોબનો ભાગ છે. પરંતુ તમારી સામે આ રીતે કપડાં પહેરવા એ મારા કામનો ભાગ નથી.' મદાલસાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જો તેની પ્રતિભા પર ભરોસો હોય તો કાસ્ટ કરે, નહીં તો તેને બહાર જવાનો રસ્તો ખબર છે. મદાલસાએ જણાવ્યું કે તેને તરત જ ત્યાંથી ચાલતી પકડી. થોડા દિવસો પછી જ્યારે તેણે તે ફિલ્મની કાસ્ટિંગ સંબંધિત સમાચાર વાંચ્યા, ત્યારે તેને એક બીજી હકીકત ખબર પડી. જે છોકરીને તે રોલ માટે પસંદ કરવામાં આવી હતી, તે ખરેખર તે ડિરેક્ટરને ડેટ કરી રહી હતી. મદાલસાએ કહ્યું કે તે સમયે તેને સમજાયું કે ત્યાં પ્રોફેશનલ કામ કરતાં કંઈક બીજું જ ચાલી રહ્યું હતું.મદાલસા શર્માએ પોતાના કરિયરની શરૂઆત વર્ષ 2009માં તેલુગુ ફિલ્મ 'ફિટિંગ માસ્ટર'થી કરી હતી. આ પછી તેણે ઘણી સાઉથ ઈન્ડિયન ફિલ્મોમાં કામ કર્યું. વર્ષ 2020માં તેને સ્ટાર પ્લસના શો 'અનુપમા'માં કાવ્યાના પાત્રથી ઘર-ઘરમાં ઓળખ મળી. જોકે, થોડા સમય પહેલા જ તેણે આ શોને અલવિદા કહી દીધું છે. એક્ટર મિથુન ચક્રવર્તીની વહુ અને ટીવી શો 'અનુપમા'માં કાવ્યાનો રોલ ભજવનાર મદાલસા શર્માએ કાસ્ટિંગ કાઉચને લઈને ખુલાસો કર્યો છે. એક્ટ્રેસે જણાવ્યું કે કરિયરના શરૂઆતના દિવસોમાં એક જાણીતા ડિરેક્ટરે તેની 'બોડી લેંગ્વેજ' ચેક કરવાના બહાને તેની સામે બિકીની પહેરવાની ડિમાન્ડ કરી હતી. મદાલસા તે સમયે ડિરેક્ટર પર ગુસ્સે થઈ ગઈ અને મીટિંગ છોડીને બહાર નીકળી ગઈ.મદાલસા શર્માએ તાજેતરમાં 'ધ મેલ ફેમિનિસ્ટ' પોડકાસ્ટમાં પોતાની આપવીતી સંભળાવી. તેણે જણાવ્યું કે આ ઘટના ત્યારે બની હતી જ્યારે તેની ઉંમર ફક્ત 19 વર્ષની હતી. એક જાણીતા ફિલ્મમેકરે તેને ફિલ્મ સંબંધિત મીટિંગ માટે બોલાવી હતી. ડિરેક્ટરે તેને કહ્યું કે તે ફિલ્મ માટે એવી છોકરી શોધી રહ્યા છે જે પડદા પર બિકીની પહેરવામાં સહજ હોય. મદાલસાએ જણાવ્યું કે પ્રોફેશનલ રીતે તેને આમાં કોઈ વાંધો નહોતો, તેથી તેણે હા પાડી દીધી. વાતચીત દરમિયાન ડિરેક્ટરે મદાલસાને કહ્યું કે તે અત્યારે તેની સામે બિકીની પહેરીને બતાવે, કારણ કે તે તેની 'બોડી લેંગ્વેજ' જોવા માંગે છે. આના પર મદાલસાએ કડક વલણ અપનાવ્યું. તેણે ડિરેક્ટરને કહ્યું, 'હું એક પ્રોફેશનલ એક્ટ્રેસ છું. જો ફિલ્મના સીનની માંગ હોય, તો હું કેમેરા સામે બિકીની કે કંઈ પણ પહેરવા તૈયાર છું કારણ કે તે મારી જોબનો ભાગ છે. પરંતુ તમારી સામે આ રીતે કપડાં પહેરવા એ મારા કામનો ભાગ નથી.' મદાલસાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જો તેની પ્રતિભા પર ભરોસો હોય તો કાસ્ટ કરે, નહીં તો તેને બહાર જવાનો રસ્તો ખબર છે. મદાલસાએ જણાવ્યું કે તેને તરત જ ત્યાંથી ચાલતી પકડી. થોડા દિવસો પછી જ્યારે તેણે તે ફિલ્મની કાસ્ટિંગ સંબંધિત સમાચાર વાંચ્યા, ત્યારે તેને એક બીજી હકીકત ખબર પડી. જે છોકરીને તે રોલ માટે પસંદ કરવામાં આવી હતી, તે ખરેખર તે ડિરેક્ટરને ડેટ કરી રહી હતી. મદાલસાએ કહ્યું કે તે સમયે તેને સમજાયું કે ત્યાં પ્રોફેશનલ કામ કરતાં કંઈક બીજું જ ચાલી રહ્યું હતું.મદાલસા શર્માએ પોતાના કરિયરની શરૂઆત વર્ષ 2009માં તેલુગુ ફિલ્મ 'ફિટિંગ માસ્ટર'થી કરી હતી. આ પછી તેણે ઘણી સાઉથ ઈન્ડિયન ફિલ્મોમાં કામ કર્યું. વર્ષ 2020માં તેને સ્ટાર પ્લસના શો 'અનુપમા'માં કાવ્યાના પાત્રથી ઘર-ઘરમાં ઓળખ મળી. જોકે, થોડા સમય પહેલા જ તેણે આ શોને અલવિદા કહી દીધું છે.

### રાજા શિવાજીઃ સ્વરાજ્યની ભાવનાને ભવ્યતાથી દર્શાવતી ફિલ્મ

# રિતેશ દેશમુખનું સચોટ ડિરેક્શન અને સ્ટારકાસ્ટની કાતિલ એક્ટિંગ

મહારાષ્ટ્ર દિવસના અવસરે રિલીઝ થયેલી 'રાજા શિવાજી' માત્ર એક ઐતિહાસિક ફિલ્મ નથી, પરંતુ સ્વરાજ્ય અને મરાઠા અસ્મિતાનો અનુભવ કરાવતી વાર્તા છે. રિતેશ દેશમુખના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ નવી પેઢીને ઈતિહાસ સાથે જોડવાનો પ્રયાસ કરે છે અને ઘણી જગ્યાએ તેમાં ઈમાનદારી સ્પષ્ટ દેખાય છે.



ફિલ્મને જ્યોતિ દેશપાંડે અને જેનેલિયા દેશમુખે મુંબઈ ફિલ્મ કંપનીના બેનર હેઠળ પ્રોડ્યુસ કરી છે, અને તેને જિયો સ્ટુડિયોઝે પ્રસ્તુત કરી છે. આ ફિલ્મની લંબાઈ 3 કલાક 15 મિનિટ છે. આ ફિલ્મને દિવ્ય ભાસ્કરે 5માંથી 4 સ્ટારની રેટિંગ આપી છે. ફિલ્મની વાર્તા અલગ-અલગ અધ્યાયોમાં આગળ વધે છે, જ્યાં છત્રપતિ શિવાજી મહારાજના જીવન, સંઘર્ષ અને સ્વરાજ્યના સપનાને દર્શાવવામાં આવ્યું છે. એમાં માત્ર મોટા યુદ્ધો જ નહીં, પરંતુ નાના-નાના પળો, સંસ્કાર, પરંપરા અને સંબંધોનું મહત્વ પણ દર્શાવવામાં આવ્યું છે, જે તેને વધુ વાસ્તવિક અને ભાવનાત્મક બનાવે છે.

રિતેશ દેશમુખે શિવાજી મહારાજના પાત્રને સંતુલિત અને પ્રભાવશાળી રીતે ભજવ્યું છે. સંજય દત્તનો અફઝલ ખાન શાંત પણ ખતરનાક લાગે છે. અભિષેક બચ્ચને સંભાજી મહારાજના રોલમાં ભાવનાત્મક ઊંડાણ દર્શાવ્યું છે. ફરદીન ખાનનો શાહજહાં શાહી અંદાજમાં પ્રભાવ છોડે છે.દિગ્દર્શનમાં રિતેશ દેશમુખે આ મોટા ઐતિહાસિક વિષયને ભવ્યતા અને સંવેદનશીલતા સાથે રજૂ કર્યો છે. ફિલ્મ મોટા પાયે સિનેમેટિક અનુભવ આપે છે, જેમાં મરાઠી અને હિન્દી દર્શકોને જોડવાનો સ્પષ્ટ પ્રયાસ જોવા મળે છે અને આ જ તેની સૌથી મોટી તાકાત બને છે. કેટલાક ભાગોમાં ફિલ્મની લંબાઈ અનુભવાય છે, પરંતુ ભાવનાત્મક અને યુદ્ધના દ્રશ્યો તેની ભરપાઈ કરી દે છે.અજય-અતુલનું સંગીત ફિલ્મનો પ્રાણ છે. બેકગ્રાઉન્ડ સ્કોર ઘણા દ્રશ્યોને વધુ અસરકારક અને ભાવનાત્મક બનાવે છે, જેનાથી ફિલ્મની અસર લાંબા સમય સુધી રહે છે.'રાજા શિવાજી' એક ભવ્ય, ભાવનાત્મક અને દૃષ્ટિની રીતે શાનદાર ફિલ્મ છે, જે ઈતિહાસને સન્માન આપવાની સાથે દર્શકોને સ્વરાજ્યની ભાવના સાથે જોડે છે. દમદાર અભિનય, મજબૂત નિર્દેશન અને શાનદાર સંગીત તેને મોટા પડદા પર જોવા લાયક અનુભવ બનાવે છે. રિતેશ દેશમુખે શિવાજી મહારાજના પાત્રને સંતુલિત અને પ્રભાવશાળી રીતે ભજવ્યું છે. સંજય દત્તનો અફઝલ ખાન શાંત પણ ખતરનાક લાગે છે. અભિષેક બચ્ચને સંભાજી મહારાજના રોલમાં ભાવનાત્મક ઊંડાણ દર્શાવ્યું છે. ફરદીન ખાનનો શાહજહાં શાહી અંદાજમાં પ્રભાવ છોડે છે.દિગ્દર્શનમાં રિતેશ દેશમુખે આ મોટા ઐતિહાસિક વિષયને ભવ્યતા અને સંવેદનશીલતા સાથે રજૂ કર્યો છે. ફિલ્મ મોટા પાયે સિનેમેટિક અનુભવ આપે છે, જેમાં મરાઠી અને હિન્દી દર્શકોને જોડવાનો સ્પષ્ટ પ્રયાસ જોવા મળે છે અને આ જ તેની સૌથી મોટી તાકાત બને છે. કેટલાક ભાગોમાં ફિલ્મની લંબાઈ અનુભવાય છે, પરંતુ ભાવનાત્મક અને યુદ્ધના દ્રશ્યો તેની ભરપાઈ કરી દે છે.અજય-અતુલનું સંગીત ફિલ્મનો પ્રાણ છે. બેકગ્રાઉન્ડ સ્કોર ઘણા દ્રશ્યોને વધુ અસરકારક અને ભાવનાત્મક બનાવે છે, જેનાથી ફિલ્મની અસર લાંબા સમય સુધી રહે છે.'રાજા શિવાજી' એક ભવ્ય, ભાવનાત્મક અને દૃષ્ટિની રીતે શાનદાર ફિલ્મ છે, જે ઈતિહાસને સન્માન આપવાની સાથે દર્શકોને સ્વરાજ્યની ભાવના સાથે જોડે છે. દમદાર અભિનય, મજબૂત નિર્દેશન અને શાનદાર સંગીત તેને મોટા પડદા પર જોવા લાયક અનુભવ બનાવે છે.

### વહેલી સવારમાં મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યો; એક્ટ્રેસ આજે 38 વર્ષની થઈ

# અનુષ્કાને બર્થ-ડે વિશ કરવા વિરાટ અમદાવાદથી મેચ પતાવીને ભાગ્યો



વિરાટ કોહલી શુક્રવારે પત્ની અનુષ્કા શર્માનો 38મો જન્મદિવસ ઉજવવા માટે મુંબઈ આવ્યો. કોહલી અમદાવાદમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે IPL 2026નો મેચ રમ્યા બાદ મુંબઈ પહોંચ્યો. તે સવારે મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યો. એરપોર્ટ પર પાપારાઝીએ કોહલીને અનુષ્કાને જન્મદિવસની શુભેચ્છા આપવા કહ્યું. વિરાટ અને અનુષ્કાના લગ્ન 11 ડિસેમ્બર 2017ના રોજ ઈટાલીમાં થયા હતા. તેમને બે બાળકો છે. પુત્રી વામિકાનો જન્મ 11 જાન્યુઆરી 2021 અને પુત્ર અકાયનો જન્મ 15 ફેબ્રુઆરી 2024ના રોજ થયો હતો. વિરાટ-અનુષ્કા તાજેતરમાં વૃંદાવનમાં સંત પ્રેમાનંદ મહારાજના આશ્રમે પહોંચ્યા હતા. કપલે અક્ષય તૃતીયાના રોજ 19 એપ્રિલે વૃંદાવન પહોંચીને સંત પ્રેમાનંદ મહારાજના દર્શન કર્યા અને આશીર્વાદ લીધા. બંનેએ પ્રેમાનંદ મહારાજનો સત્સંગ પણ સાંભળ્યો. બંને સવારે લગભગ 10 વાગ્યે સંત પ્રેમાનંદ મહારાજના ગુરુ સંત હિત ગૌરાંગી શરણ મહારાજના વરાહ ઘાટ સ્થિત આશ્રમે પહોંચ્યા હતા. અહીં દર્શન કરીને પછી હોટેલ પાછા ફર્યા અને લગભગ 11 વાગ્યે રવાના થઈ ગયા હતા. આશ્રમમાં વિરાટ અને અનુષ્કા અત્યંત સાધારણ આઉટફીટ અને સાદગીભર્યા અંદાજમાં જોવા મળ્યો. કોઈપણ VIP ઠાઠમાઠ વિના બંનેએ સામાન્ય શ્રદ્ધાળુઓની જેમ જમીન પર બેસીને ઘણી વાર સુધી સત્સંગ સાંભળ્યો. બંને શાંત રહ્યા અને કોઈ પ્રશ્ન પૂછ્યો નહીં.વિરાટ-અનુષ્કાએ હવે 6 વાર સંત પ્રેમાનંદ સાથે મુલાકાત કરી છે. પહેલી વાર 4 જાન્યુઆરી, 2023ના રોજ બંને સંત પ્રેમાનંદને મળ્યા હતા. છેલ્લા 16 મહિનામાં બંનેની આ 5મી મુલાકાત છે. 16 ફેબ્રુઆરીએ પુત્ર અકાયના જન્મદિવસ પછી પણ બંને અહીં આવ્યા હતા. વર્ષ 2025માં પણ આ કપલ ત્રણ વાર આશ્રમ પહોંચ્યું હતું, જાન્યુઆરીમાં બાળકો સાથે, મે મહિનામાં અને પછી ડિસેમ્બરમાં.

### :સાઉથ આફ્રિકાની શેરીઓમાં ભરતડકામાં શાહરુખ સાથે શૂટિંગ કરતી દેખાઈ

# પ્રેગ્નન્સીમાં પણ દીપિકા પાદુકોણનું જોરદાર એક્શન!, 'કિંગ'ના સેટ પરથી ફોટો લીક

બોલિવૂડની 'લેડી સિંઘમ' અને ગ્લોબલ આઈકોન દીપિકા પાદુકોણ તેના ડેડિકેશન માટે જાણીતી છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર કેટલીક તસવીરો વાઈરલ થઈ રહી છે, જેણે ઈન્ટરનેટ પર ખળભળાટ મચાવી દીધો છે. દીપિકા પ્રેગ્નન્ટ હોવા છતાં શાહરુખ ખાનની આગામી ફિલ્મ 'કિંગ' માટે સાઉથ આફ્રિકાના ધગધગતા તડકામાં એક્શન સીનનું શૂટિંગ કરતી જોવા મળી.સાઉથ આફ્રિકાના કેપ ટાઉનથી લીક થયેલી તસવીરોમાં જોઈ શકાય છે કે કિંગ ખાન અને દીપિકા એક ગીત અને હાઈ-વોલ્ટેજ એક્શન સિક્વન્સ માટે સખત મહેનત કરી રહ્યા છે. સેટ પર હાજર લોકોના મતે, દીપિકાએ તડકાની પરવા કર્યા વગર શૂટિંગ ચાલુ રાખ્યું હતું, જે જોઈને ખુદ શાહરુખ ખાન પણ પ્રભાવિત થયો હતો.લીક થયેલા વીડિયો અને ફોટામાં દીપિકા અને શાહરુખ એકબીજાનો હાથ પકડીને ઊભેલા જોવા મળે છે. એક ફોટામાં દીપિકા ઓરેન્જ અને બ્લેક કોમ્બિનેશનના આઉટફિટમાં અત્યંત ગ્લેમરસ દેખાઈ રહી છે, જ્યારે બીજા એક સીનમાં તે એક્શન ડિરેક્ટર સાથે ચર્ચા કરતી જોવા મળે છે. ફેન્સ દીપિકાના આ પ્રોફેશનલિઝમને જોઈને તેને 'સુપરવુમન' કહી રહ્યા છે. સોશિયલ મીડિયા યુઝર્સ માને છે કે આ ગીત અનિરુદ્ધ દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું છે, જેણે અગાઉ શાહરુખની ફિલ્મ 'જવાન' માટે સંગીત આપ્યું હતું.ડિરેક્ટર સિદ્ધાર્થ આનંદની આ ફિલ્મમાં શાહરુખ ખાન એક ડોન અથવા મેન્ટરની ભૂમિકામાં હોવાનું મનાય છે. દીપિકા આ ફિલ્મમાં માત્ર કેમિયો નથી કરી રહી, પરંતુ તેનો રોલ ખૂબ જ પાવરફુલ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ફિલ્મની સ્ટારકાસ્ટમાં શાહરુખની પુત્રી સુહાના ખાન પણ છે, અને દીપિકા-શાહરુખની કેમેસ્ટ્રી ફરી એકવાર 'પઠાન' અને 'જવાન' જેવો જાદુ જગાવવા તૈયાર છે.'કિંગ'ની વાર્તા એક મેન્ટર અને શિષ્યની સફર પર આધારિત છે, જે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષ કરે છે. 'કિંગ' ફિલ્મ 24 ડિસેમ્બર 2026ના રોજ રિલીઝ થવાની છે. ફિલ્મમાં એડ શીરનનું સંગીત અને અનિરુદ્ધના બીટ્સ હોવાની પણ ચર્ચા છે. હવે જોવાનું એ રહેશે કે શાહરુખ અને દીપિકાની આ જોડી આ વખતે બોક્સ ઓફિસ પર કેટલા નવા રેકોર્ડ સર્જે છે.ડિરેક્ટર સિદ્ધાર્થ આનંદની આ ફિલ્મમાં શાહરુખ ખાન એક ડોન અથવા મેન્ટરની ભૂમિકામાં હોવાનું મનાય છે. દીપિકા આ ફિલ્મમાં માત્ર કેમિયો નથી કરી રહી, પરંતુ તેનો રોલ ખૂબ જ પાવરફુલ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ફિલ્મની સ્ટારકાસ્ટમાં શાહરુખની પુત્રી સુહાના ખાન પણ છે, અને દીપિકા-શાહરુખની કેમેસ્ટ્રી ફરી એકવાર 'પઠાન' અને 'જવાન' જેવો જાદુ જગાવવા તૈયાર છે.'કિંગ'ની વાર્તા એક મેન્ટર અને શિષ્યની સફર પર આધારિત છે, જે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષ કરે છે. 'કિંગ' ફિલ્મ 24 ડિસેમ્બર 2026ના રોજ રિલીઝ થવાની છે. ફિલ્મમાં એડ શીરનનું સંગીત અને અનિરુદ્ધના બીટ્સ હોવાની પણ ચર્ચા છે. હવે જોવાનું એ રહેશે કે શાહરુખ અને દીપિકાની આ જોડી આ વખતે બોક્સ ઓફિસ પર કેટલા નવા રેકોર્ડ સર્જે છે.

